મુંબઈ-સમાચારના પાંચમા સાલની ભેટ.

નઝીર—

લખનાર:
પ્રેમકુમાર મજેઠીઆ સાહેબ.

પ્રકાશક:
એસ. એમ. ભરૂચા,
આફિસ:—મુંબઈ-સમાચાર,
૩૨૧, હોરનબી રોડ, કોટ-મુંબઈ.

બનામે પાક ખુદા.

નઝીર!

નોવેલ.

લખનાર-હોરમઝદયાર બી૦ માદન.

સીકંદ્રાબાદવાલા.

પ્રકાશક-મી૦ એસ. એમ. ભરૂચા.

અધિપતિ: "મુંબઈ-મજાહ."

આવૃતી પહેલી.

યઝદેઝરદી સાલ ૧૨૯૦, ઈ. સ. ૧૯૨૦.

તા૦ ૨૦ મી ડીસેમ્બર ૧૯૨૦.

આ પુસ્તક "મુંબઈ-મજાહ"ના અધિપતિ મી૦ શેહરીયાર માં૦ ભરૂચાએ પોતાની ઓફીસ ૩૨૧, હોરનબી રોડ, કોટ, મુંબઈ મધેથી પ્રગટ કર્યું છે, અને મી૦ અરદેશર ખરશેદજી દેશાઇએ ૨૩૭. બજારગેટ સ્ત્રીટ, કોટ મુંબઈ મધે આવેલાં પોતાના "નવરંગ પ્રિન્ટીંગ પ્રેસ"માં છાપ્યું છે.

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા એકટ મુજબ રજીસ્ટર કર્યું છે.

અર્પણ.

જન્નત ગુઝીન

મારાં

માયાળુ માત-પિતાની

પવિત્ર યાદમાં

આ

નાનકડું પુસ્તક

પુત્ર ભાવથી

અર્પણ કરૂં

છું.

હોરમઝદયાર.

બનામે પાક ખુદા.

દીબાચો.

એક પુસ્તકરૂપી ગૃહમાં પ્રવેશ કરવાનો ખુલાસારૂપ દરવાઝો તે ગોયા તેનો દીબાચો છે. જેમ મોટા મોટા ગ્રંથકારો ઝમાનાઓથી કરતા આવ્યા છે અને આજેબી નામાંકિત લેખકો તથા મારા જેવા "હમ ભી નવ્વાબ ભડોચકે"ની મોઆફેક પોતાનાં ગમે એવાં નજીવાં લખાણના પણ પ્રારંભમાં પોતા તર્ફથી નાનો સરખો દીબાચો ચિતરી કહાડવાને ચુકતા નથી, તેમ હું પણ આ નાનકડી કથા શુરૂ કરવા પહેલાં બે બોલ લખવાની રઝા લઈશ તો વાંચક તેને બેજા નહીં સમજશે એમ માનું છું.

શુક્રો સિપાસ બે કિયાસ તે માલિકે યુમ્મોદીન–સૃષ્ટીના સૃજનહાર ધણી–પાક **પરવર દિગાર**ની પવિત્ર જનાબમાં કે તે બારીત્આલાની બખ્શેશની બરકતથી મારી આગલી વાર્તા "ખુફીઆ ખંજર" વક્કી ઉપરાંત વાંચક વર્ગની પ્રસંશા પામવાને નસીબવંત નિવડી હતી, જે માત્ર પાક ખુદાની મહેર અને વાંચકોની મહેરબાનીનું પરિણામ હતું; અને તેજ આધાર અને ઉમીદપર નમંતાઈ સાથ "**નઝીર**"ને વાંચકની નઝર આગળ પેશ કરવાની હિમ્મત કરૂં છું.

"મુંબઇ મજાહ"ના જન્મથી તેની સાથ કમતરીનનો સંબધ શુરૂ થયલો તેના વાંચકોને સારી રવેશે રઉશન છે. અગરચે કે તેના આગલા છટાદાર લેખક અને માલિક મી૦ "**મશરેકે**" મજબુરન પોતાનાં પ્યારાં પત્ર સાથનો સંબંધ

છોડયો છે અને તેની માલેકી અને અધિપતીપણાંની લગામ બીજા સાહેબના હાથમાં જવાથી બધો ફેરફાર થવા સાથે તે પત્રના રંગ ઢંગ પણ ફેરવાઇ ગયા છે; લેકીન આ નવા અધિપતી અને સહાસિક માલિક ભાઈ ભરૂચા પણ માઝી માલિક મી૦ "મશરેક" મોઆફેક પોતાનાં મહેરબાન ગ્રહાકોને સાલ બ સાલ ભેટનાં પુસ્તકો આપવાની ચાલ ફેરવવા માંગતા નથી, અને તેથી "મુંબઇ મજાહ"નાં પાંચમાં સાલની ભેટ માટે તેમની ઇચ્છાનુસાર "નઝીર"ની નાનકડી વાર્તા લખવાનું કમતરીને હાથ ધર્યું અને તે કામ પાક દાદારની મહેરથી પાર પડયું છે તેની શુક્ર ગુઝારીમાં સર નમાવી આશા રાખું છું કે એ વાર્તાબી તેની હમશીર "ખુફીઆ ખંજર" જેવીજ વાંચકને રસીલી જણાશે. અલબત્ત આવી દિલકશ વાર્તા મારાં મનમાંથી ઉપજાવી કાઢું એવુ કાબેલ ભેજું ધરાવનારી સરકશી હું કરી શકીશ નહીં; અસલ ઇંગ્રેઝીપરથી આપણા દેશ, કાળ અને સ્થિતીને અનુસરતા ફેરફાર સાથે મારી આવડત મુજબ લખવા સિવાય મેં કાંઇ વધારે કર્યું નથી. આજ લગી એક "ઓરીજીનલ" વાર્તા નવેશ હોવાની તકકોબરી કરી નથી અને કરીશ પણ નહીં. જે કાંઇ કર્યું છે, અને ઇન્શા અલ્લાહ, કરીશ, તે શઓકના સેવક તરીકેની સેવા—અને બીજું કાંઇજ નહીં.

આ દીબાચો ખત્મ કરતાં એટલુંજ વધારીશ કે "મુંબઈ મજાહ"ના બાહોશ છટાદાર કલમના સાહેબ માઝી

અધિપતી મી૦ "મશરેક" મધુર ફારસી ઝબાનના જાણનાર અને ફારસી ઉર્દુ ભાષાના ભાવિક પરસ્તાર હોવાથી પોતાનાં લખાણમાં એ રસિલી ભાષાની ભારોભાર ભેળ કરી તેની ઝમક અને શીરીની વધારતા હતા–અને તેવિજ કિસમના બાહેરના લેખોને પણ ઉત્તેજન આપી પોતાનાં પત્રમાં પહેલી પંકતી આપતા હતા, તેજ નિયમાનુસાર લખાયલું મારૂં આગલું પુસ્તક "ખુફીઆ ખંજર" પ્રગટ થયું હતું અને હવે આ નાનકડા "નઝીર"નો કિસ્સો પણ તેવીજ ઉર્દુ મય, પણ ઘણી સાદી, સલીસ અને સમજ પડતી ઈબારતમાં લખ્યો છે અને "ખુફીઆ ખંજર"ના દીબાચામાં જણાવ્યા પ્રમાણે ગુજરાતી લીપીમાં ઉર્દુ-ફારસી (જે) અથવા ઈંગ્રેજી (ઝેડ z)ના ઉચ્ચારવાળો કોઈ ચોક્કસ અક્ષર ન હોવાથી તેને બદલે સાધારણ "ઝ" વાપરી કામ ચલાવી લેવામાં આવ્યું છે, તેનો સ્હેજ ઈશારો કરીશ.

હવે વધુ લંબાણ કરી કંટાળો ન આપતાં એટલીજ ઉમીદ રાખીશ કે વાંચક વર્ગ તરફથી "ખુફીઆ ખંજર" જેવીજ તેની હમશીર વાર્તા "નઝીર" પ્રસંશા પામશે તો સેવક પોતાની અદના કોશીશ સફળ થયલી અને મહેનતનો પૂરો બદલો મળેલો માનશે.

સિકંદરાબાદ
૧૬ મી ડીસેમ્બર ૧૯૨૦.

દોઆગો સેવક,
હો૦ બ૦ માદન.

બનામે પાક ખુદા.

પ્રકાશકના ઉપકાર અર્થે બે બોલ.

તે મહા કૃપાળુ દીનદયાળ દાતારનું સ્મરણ કર્યા પછીજ આ મ્હારી નાચીઝ કલમને આગલ વધારીશ. મી૦ માદનના સુંદર લાંબા દીબાચા પછી મારે કશું લખવાની જરૂર રહી જણાતી નથી પણ એક કલમકશ તરીકે મ્હારી ફરજ છે કે મ્હારા ભાઇબંધ લેખકને તેણે કરેલી મેહનતના ઉપકારમાં બે શબ્દો લખવા. ભાઇ માદન એક જાણીતા લેખક છે એમણે અનેક નાહની મોટી વાર્તાઓ જન સમાજની સનમુખ પીરસી છે અને પીરસવાનું ચાલુજ રાખ્યું છે એ ભાઇ દુન્યવી જંજાળથી સપડાયેલા અને કંમ ફુરસતીના ગારમા ફસેલા હોવા છતાં સાહિત્યની બીન સ્વાર્થી સેવા બજાવવામા માન ધરે છે એજ એમણે માટે ઘણુંજ મગરૂરી ભર્યું લેખાય અને તેથીજ મે એ ભલા ભાઇની આ દીલકશ ડીટેકટીવ વાર્તા મારા માનવંત ગ્રાહકોને પાંચમા સાલની ભેટ અર્થે આપવા ધારી છે. મી૦ માદને જેમ ઉપર જાણી આવ્યા તેમ અનેક વાર્તાઓ લખી છે પણ પુસ્તક રૂપે આ તેમનું ત્રીજુજ પુસ્તક છે હું ઇચ્છુંછ કે એ ભાઈ ભવીષ્યમાં વધુ લખે અને એમના પ્યારા માસિક મુંબઈ—મજાહને કદી નહીં ત્યાગે.

એમની આ વાર્તા "નઝીર !" મુજ મેહરબાન ગ્રાહકોના હાથમાં મેલતાં મ્હને બહુજ આનંદ થાય છે પણ બીજી જગે દીલગીરી પેદા થાય છે કે જેમ ગયે સાલ એ ભાઇએ "ખુરીઆ ખંજર !" મોકલાવી હતી અને છપાયા પછી માલમ પડયું હતું કે તે ભેટના

પુસ્તક તરીકે નાહની થઇ પડશે માટે મી૦ મશરેકે એ ભાઇને એક બીજી નાહની વધારાની વાર્તા લખી મોકલવાને જણાવ્યું જેમ પાછલથી કરવામાં આવ્યું હતું તેજ પ્રમાણે આ સાલ પણ બન્યું છે છતાં ન ચલાવી શકાય એવા છુટકે અને કામના અતી બોજાથી અમો તેમ કરવાને શકિતવાન બન્યા નથી ને માટે ક્ષમા માંગવામાં આવે છે. અમો એક બીજી નાહની નવીન વાર્તા આ વાર્તાના વધારા તરીકે છાપનાર હતા પરંતુ તે મી૦ માદનની લાગણીની વીરૂધ અને દુખ કરતા થઇ પડે એટલાજ માટે તેમ કર્યું નથી.

પ્રીય વાંચક હવે વધુ લંબાણુ ન કરતાં આ વાર્તાના કર્તા મી૦ હોરમઝદયાર બી૦ માદને મ્હારે માટે અતી શ્રમ ખેંચી આ વાર્તા લખી મોકલી છે તે માટે હું એમનો જેટલો આભાર માનું એટલોજ થોડો છે એમ જણાવી અતપી લઇશ, પણ આટલાથી બસ ન થતાં હું આ પુસ્તકને અચ્છી રીતે છાપી આપનાર મ્હારા ભલા મીત્ર મી૦ અરદેશર ખ૦ દેશાઇનો પણ ઉપકાર માની આ દીબાચો ખતમ કરવાની રજા લઉં છું.

ઓફીસ.
૩૨૧ હોરનબી રોડ,
કોટ–મુંબાઈ.

લી૦ દુવાગીર સેવક,
શેહરીયાર મા૦ ભરૂચા.
અધિપતિઃ—મુંબઈ–મજાહ.

બનામે ઇઝદ.

નઝીર.

બાબ–પહેલો.

ગુમ ગસ્તા ગુમાસ્તો.

સુધારા વધારાના ચાલુ ઝમાનામાં, ગોમા ગામે ગામ અને ગલીએ ગલી બેન્કો ઉઘડતી જાય છે અને અસલી સર્રાફી પેઢીઓ નાબુદ થતી જાય છે તેમાંની એક પુરાણી પહેડી મુંબઈના એક વેપારી લત્તાપર હતી, જેની માલેકી ચાર પેઢીથી સર્રાફ ખાનદાનના હાથમાં હતી, અને જ્યારે આપણી વાર્તા શુરૂ થાય છે ત્યારે તેના માલેક ભીકકડજી સર્રાફ હતા ભીકકડજીના બાપના બપાવાના વખતમાં જેવો ધંધો ખિલતો હતો તેવો હાલ નહીં ચાલતો હતો, તેમજ એમના બપાવાની મોટી દઓલત પણ બાકી રહી નહી હતી કારણ કે ભીકકડજીના બાવાએ શેર સટ્ટાનો ધંધો કરવા માંડયો અને વાડી બંગલા ખરિદવામાં મોટું નુકશાન ઉઠાવ્યું. એમ છતાં ભીકકડજી આજના ભપકો સપકો કરનાર કડકા બાલુસ શેઠયાઓ કરતાં હજાર ઘણે વધારે સુખી અને સંતોષી હતા.

ઊકકડજીની ઉપલી ટુંકી શનાખ્ત પછી હવે આપણુ આપણી વાર્તાનાં અસલ વળાંમાં ઉતરીશું.

એક દિવસ, મામુલ મુજબ નાસ્તો કરી ઊકકડજી ઘેરથી નિકળી પોતાની પેઢીપર પહોંચતાંજ પોતાનો વિશ્વાસુ ગુમાસ્તો નજરે નહીં પડતાં આમ તેમ જોવા લાગ્યા, અને પોતાની કુરસીપર બેઠક લેતાંજ મેજપર સામે પડેલી એક ચિઠ્ઠી ખોલી જોયું. તે તેમના ભરૂસેદાર ગુમાસ્તાને હાથનીજ હતી. તેણે જણાવ્યું હતું કે તેનો ભાઇ બેહાલ હોવાનો તાર મળવાથી તે સ્હવારની ત્રેનમાં પુણે ચાલી ગયો હતો. એકાદ કલાક વચમા વિત્યો નહીં કે ઓ અજાયબી! આગલે દિવસે એકેક પછી ગે આસામીને નામે ચોપડાગાં ઉધારેલી રકમો તેઓને મળીજ નહી હતી તેમાંના એક શામલદાસ જેવા પ્રખ્યાત આબરૂદાર ઝવેરી હતા જેવણુ તે વેળા ત્યાજ હાઝિર હતા! જાણે આ ધડક ધૂજારો કમી હોય તેમ વળી એક બંગાળી બંબનો ધડાકો ભલા શેઠ ઊકડજીનાં દીલપર પડયો! અર-ર-ર-ર! આ શી મોંકાણુ હતી? એક ગૃહસ્થ દેખાવના મુસલમાને આવી નાનું સરખું તુફાન મચાવી દીધું! પેઢીપરનો દરેક મુનસદી કે કારકુન અજાયબીથી તેનું કોહું ભાપવા લાગ્યો તે મુસલમાન તો જાણે ખૂનપર ચઢડયો હોયની તેમ રાતો પીળો બની હાથ પગ અફાળી પૂછે પૂછે ને પૂછે કે "તમારો સદર ગુમાસ્તો-વડો વાણોતર જીમી પટેલ કહાં મુવોછ? એ જુગારી લુચ્ચો મને થાપ આપી કહાં ગુમ થયોછ? અકેક રાતમાં પાંચ પાંચ હઝારની બાઝીની હારજીત માંડી મને આંજી નાંખ્યો, ને ગઇ રાત્રે મારી પાસે પંદર હઝાર-આજે આજે બામદાદમાં આપવાનો વાયદો કરી ઉછીકા લીધા હતા. એ તે કાંઇ સારા માણસની રીત? હું જાણું છું,

એ જવાન શું શું કોતાં-કાવત્રાં કરતો ફરે છે તે. પેલી ફાહેશા ખુરશીદ જાનની જાલમાં થસેલો છે, ને "શરીફ નાટક કંપની"નો નિભાવ એજ વિંટીપરનું નંગ જીમી કરતો સંભળાય છે. શેઠજી!" ઉકકડજી તર્ફ દીલસોઝી દેખાડતો તે બોલ્યો. "તમો તો લખપતી છો, પણ ઘરનોજ કુત્રો પગ કરડે. તેમ એ તમારો ગુમાસ્તો છૂપી રીતે તીજોરીનું કેવું ગાબડું કહાડે છે તે તમે કદી તપાસી જોયું છે?"

ઉક્કડજીએ તેને સમજાવા પતાવી શાંત પાડવાની ઘણી કોશીશ કીધી, પણ ફોકટ. તે તો મુંછો પર તાવ દઇ કહેવા લાગ્યો કે "અગર જીમી પટેલ મને મલશેજ નહીં ને મારૂં કર્ઝ સુદ-બ્યાજ-સાથે આજ કાલમાં અદા કરશે નહીં તો હું બી શું કરી બતાવીશ તે તમે જોશો."

શું કરવું તેની સમજ પડે નહીં. શામળદાસે સૂચવ્યું. કે પોલીસને ખબર કરવી કે ચોપડામાં ખોટી નોંધ કરી પંદર હઝારની ધરખમ રકમ ઉચાપત કરી નાહારીજવાની જીમીએ નમક હરામી કીધી હતી. જીમી આવો નમક હરામ બને એ રાંક ઉકકડજીનાં માન્યામાં આવતું નહીં, પણ જે સંજોગો તેમની નઝર સામે મઓજુદ હતા તેથી તેવણ લાચાર બન્યા. ચારોનાચર પોલીસને ખબર આપવા એક અહલેકારને મોકલ્યો ને અર્ધા કલાકમાં પોલીસ ઇન્સ્પેકટર મી૦ રોમરને લઇ આવ્યો. મી૦ રોમર પાંચ દાહેકાથી વધુ ઝમાનો જોયલા, તજરૂબેકાર, ભલા અને દિલસોઝ અમલદાર હતા, જેમણે લગભગ પોણી ઝિન્દેગી મુંબઇની પોલીસ ફોજમાં ગુઝારી હતી. શેઠ ઉકકડજી અને શામળદાસની વાત ધીરજથી સાંભળી હજી

તો પોતાનું કાંઇ મત જાહેર કરે એટલામાં શેઠ ઉકકડજીને નામનો તાર આવ્યો જે જીમીના ભાઇ પેસી પટેલે ઉકકડજીના તારના જવાબમાં પૂનેથી કર્યો હતો. તે વાંચતાંજ ઉકકડજીના ડેળા ચઢી ગયા. તેવણ કાંઇ બોલ્યા નહીં, પણ મી૦ રેમરનો આતુર ચ્હેરો જોઇ પેલા ટેલીગ્રામનો પરચો તેમના હાથમાં મુકયો કે જે તેણે નિચે પ્રમાણે સૌ સાંભળે તેમ વાંચ્યો.

"પાક ખુદાની મહેરથી હું તંદુરેસ્ત છું. મારી બીમારીની વાત
કોઇ દુશમને ગલત જણાવી હશે, જીમી અહીં નથી
તેમજ આવવાનોબી નથી.

પેસી પટેલ."

ઉપલું વાંચી રહી મી૦ રેમર બોલ્યા "શેઠજી તમારો ખુલાસો જાણવા અને આ ટેલીગ્રામ વાંચવા પછી હું જે અનુમાનપર આવ્યો છું તે એજ કે તમારો ગુમાસ્તો દુશ્મનીનો ભોગ થઇ પડેલો લાગે છે. તમારી તેની પરની બેહદ મહેરબાનીથી તેની સાથવાળાઓ અદેખા બની એક ફનેહબંદ તાગડો રચવામાં ફાવ્યા છે. મારા વિચાર મુજબ 'એક બાહોશ દિતેકટિવને રોકો—બલ્કે હમણાંજ હયદરાબાદથી આવેલા પેલા ચંચળ અને ફનેહબાઝ મીરઝા નઝીર બેગને મુંબઇની છુપીઆ પોલીસમાં રાખ્યો છે, ત્રણ મહીના થયા નથી એટલામાં તો તેણે સંખ્યાબંધ કાવત્રાં શોધી કહાડી કુડી બંધ બદમ્આશોને ઇન્સાફની દેવડીએ ચહડાવી મ્આફુલ સઝા કરાવી નામ મેળવ્યું છે. તેનીજ હું ભલામણ કરીશ. બોલો તમારી શી મરઝી છે?"

"મારો તો સુધસો ઠેકાણે નથી" ઉકકડજી નિશ્વાસ નાંખી

બોલ્યા. "જેમ તમો સાહેબની નેક નઝરમાં આવે તેમ કરો, જો કે મારા ફરમાંબરદાર ગુમાસ્તાપર શક લઈ જવાને હજી મારૂં અંતઃકરણ અચકાય છે. પણ કફોડા સંજોગો જોતાં લાચાર છું."

મી૦ રોમર ઘટતું કરવાનું વચન આપી ગયા અને ભિકકડજી ગંભીર ગઓરના દર્યામાં-વિચારના વમ્મળમાં પડયા. પોતે ગમે એવા તવંગર-પૈસે પુર હતા; બોલ બોલતાં જીમીના માંગનારને પંદર હઝાર તથા જે ધણીઓની મોટી રકમો ચોરાઇ હતી તે આપવાને તેવણ શકિતવાન હતાં; પણ જીમી નાહસી જવાથી-તેની ચકચાર વધવાથી ગોયા તેમની પેઢી અને તેમનાં નામને બટ્ટો લાગ્યો હતો તે જીમીનું નિર્દોષપણું સાબેત કર્યા વિના કેમ કરી દૂર થઈ શકે? ગમે તે હોય, ગમે તે ચોર હોય પણ જે ધણીઓનાં નાણાં તેમની પેઢીપર અનામત રાખેલા તે તો ભરપાઇ કરવાંજ જોઇએ. પણ તેની તેમને ઝાઝી પરવા ન હતી. તેમનાં દિલને જે ડંખતી હતી તે એક જુદીજ બાબત હતી. જીમી એક ખાન્દાની, પ્રમાણિક, ભરૂસેદાર ભલો ને ભોળો જવાન હતો-તેનીપર ભિકકડજીને વિશ્વાસજ નહીં પણ પ્યાર હતો એટલુંજ નહીં પણ પોતાની એકપૂરી અસીલ બેટી શહેરાં સાથ તેને પરણાવી પોતાનો ઘરજમાઇ કરવાની ઉમીદમાં હતા. વળી જીમી અને શહેરાં એક બીજાંને પવિત્ર પ્યારથી ચાહતાં હતાં. જીમીની નામોશી જાણી શહેરાંની કેવી દિલશિકની થશે. તે કેવી હૃદયભંગ થશે-તેના દુઃખી વિચારથી તેમનું જીગર ચાક ચાક-કપાઇને કટકે કટકા થવા લાગ્યું. પોતાના વિશ્વાસુ ગુમાસ્તા અને ધારેલા ઘર જમાઇ અને વારેસની થયલી હિણપસ્તી ભરી હાલતથી પોતાનો બરગસ્તે દહાડો બેઠેલો સમજી આહ અને અફસોસ કરવા લાગ્યા.

તે દિને મોડે સુધી પોતાના અમલાને-મુત્સદી યાને કલર્કોને બધા ચોપડા તપાસવા બેસાડયા કે કાંઇ વધુ ઘોંટાળો હોય તે માલુમ પડી આવે. છેક દિવા બ-તીની વકતે જ્યારે પેઢી બંધ કરવાની ધધુખર ચાલતી હતી ત્યારે મી૦ રોમર એક સોરંટયાં જેવા મુસલમાનને લઇને દાખલ થયા, ને તેને એક મશહુરો મ્આરૂફ ખુફીઆ પોલીસના અમલદાર તરીકે ઓળખાવ્યો. આ નવો આવનાર શખ્સ જાણે શેઠ ઉકકડજીને ઓળખતો યા જાણતો હોય તેમ તેણે તેવણપર એક નિગાહ નાખ્યા સિવાય વધુ ધ્યાન આપ્યું નહીં, પણ એ હાડપીંજર જેવો મુસલમાન માથે ઉઠાવેલાં કામમાં કામયાબ થશે કે કેમ એવા વિચારથી ઉકડડજી તેચ ખુબ ધ્યાનથી તપાસતા જણાયા. વળી તે હયદરાબાદી હોવાનું મી૦ રોમરે કહ્યું હતું તેથી તેવણ વધારે શકમંદ બન્યા કે એ મુગલઇ મુરદું શું બજાવી શકશે ?

ઉકકડજી શેઠ આસરે સાઠની ભરતીમાં હશે પણ કસરતબાઝ અને તંદુરોસ્ત અને તવાના હોવાથી ભાગ્યે પિસ્તાલીસ ઊનાળા પસાર કીધેલા જણાતો હતો. તેવણ કદાવર અને મુસ્તકીમ મીઝાજ મઝબુત બાંધાના ઝરતોસ્તી હતા.

મીરઝા નઝીર બેગ ઉપર કહ્યું તેમ સોરટયાં જેવો—નરો જાણે આજ કાલનો કે કોલેજે જતો કમ્મરમાંથી વળેલો પારસી જવાન જેવો હતો. વળી તેના ચ્હેરા પરથી એવુંજ જણાતું હતું કે શહેરી રીતભાતથી અણજાણ એક દહેકાની હતો. કદે ઠીંગણો, દુબળો અને ક્ષય રોગથી પિડાતો હોય અને આજે મરે તો કાલે બે દહાડા થાય તેવો મુરદાલ હતો, લેકીન આ બધાંનો બંગ તેની આંખો વાળી આપતી જણાતી હતી. તે ચંચળ અને ઠરેલ હતી, જે

તેનાં ચંચળ અને ઠરેલ મગઝની ગવાહી આપતી હતી. તેની ચશ્મોના ચળકાટ ભર્યા દર્યામાં ગોયા નરમાસના એમુલાં મોતીઓ ભરેલાં હતા. કોઇ અનુભવી શખ્સ જોતાંજ કહી શકે કે પેલા હાડપિંજર જેવા દેખાતા શખ્સનું દરેક હાડકું કસાયલું અને ફોલાદ જેવું મઝબુત હતું; તેનો દુર્બળ દેખાવ ભુલ ખવાડનારો હતો. તેનો આવાઝ તેના બદન તર્ફ નિગાહ કરતાં જુદીજ કિસમનો યાને આપણા બાયલા પારસી પોર્યાઓ જેવો-તીણો ઝીણો કે ઝનાની નહીં પણ ખુલ્લો અને મર્દાની હતો. હયદરાબાદી છતાં, ઇંગ્રેઝી ઉપરાંત ગુજરાતી અને મરહટી અને બીજી હિન્દી ઝબાનોપર અચ્છો કાબુ ધરાવતો હતો. વળી બહુરૂપીઓને ભૂલાવે એવો વેષ ધારણ કરવા અને બદલવામાંબી યકતાએ ઝમાના હતો-તેની બરાબરી કરી શકે એવો એક બી શખ્સ મુંબઇની તો શું પણ આખી સરઝમીને હિન્દની ખુફીઆ પોલીસમાં એક બી તેના સાની હોય,-તેથી વધારે તો નહીંજ પણ તેનો બરાબરીઓ બી હોય, એમ કોઈ જાણતું ન હતું. તે ઝમાનામાં પોતાના હુનરમાં તે લાસાની હતો એમ કહેવું સ્હરાગાત ભર્યું કહેવાશે નહીં. આટલી ઓળખ પછી આપણી વાર્તાના તૂટેલા તારને સાંધી તેનો સિલ સિલો આગળ ચલાવીશું.

"મીરઝા નઝીર બેગ સાહેબ" ઉકકડજીએ ચુપકીદી તોડી "મારા મહેરબાન દોસ્તોને મોહડે આપની ઘણી તારીફ સાંભળી છે, પણ મેં તમને આગળ કેડે કદી બી જોયા હોય એવી મને યાદ આવતી નથી. આપ સાહેબ આરામથી બેસો, હું તમને કુલ કયફિયતથી વાકેફ કરીશ." પછી બીજા તર્ફ ફરી કહ્યું "મીસ્તર રોમર

તમારી મહેરબાની માટે આભારી છું. હવે આપ સિધારો. આપને ઘણી તસ્દી પડી છે—માફ કરજો.

એક બે તઝીમ ગામડયાની મોઆફિક નઝીર બેગ એક મોટી કુરસીમાં પલાંઠો વાળી પગનો અંગુઠો પસવારતો ઊકકડજીનું બ્યાન સાંભળવા બેઠો. ઓરડામાં ઊકકડજી સિવાય શામળદાસ ઝવેરી પણ હતા કે જેમને નામે મોટી રકમ ઊધારી ઉચાપત કરવામાં આવી હતી. તેવણ ધંધા ધાપામાં ચોકખા વણિક હતા અને પોતા જેવાજ પ્રમાણિક ઊકકડજીપર તેમનો વિશ્વાસ હોવા ઉપરાંત તેઓ એક બીજાનાં અંગત મિત્ર પણ હતા; માટે 'દિતેકટિવ' સાથની મસ્લેહતમાં તેવણને પણ શામેલ રાખ્યા હતા.

ઊકકડજી શેઠે પોતાનાં દાસ્તાનની શુરૂઆત કીધી:—

"મીરઝા સાહેબ, એક વિચિત્ર મામલાની તશખીશ–એક અકકલ ગુમ કરનારા મુકદમાની તપાસ કરવાનું કામ તમને સોંપવામાં આવે છે."

"આપના કમરામાં દાખલ થતી વકત રોમર સાહેબે શું મોઆમેલો છે તેનો કાઇક ઇશારો કર્યો હતો."

"ભલાં માણસે મોહડે તાળું માર્યું હતે તો બહેતર." ઝરા ખફગીથી ઊકકડજી બોલ્યા.

"તે સાહેબનો વાંક નથી–કુસુરમન્દ તો ફિદવી છે. મેંજ તેમને કેટલાક સવાલ પુછ્યા હતા. ભેદ ભરમોનાં ગુંછડાં ઉકેલવાં કાંઇ પુલાવનો લુકમો ગળે ઉતારી દેવાનો નથી; તેનીપર પુરી તરહે ગઓર અને સોંચ કરવાની નિહાયત ઝુરૂરત છે, માટે રસ્તે આવતાં મે ચન્દ સવાલોના જવાબ મેળવ્યા કે તેપર ગઓર કરવાનું બને.

એવાં કામોમાં એકેક પલ કીમતી છે. અને તે કીમતી પળો ગુમાવવી એક કિસમજી હિમાકત છે."

"ઠીક, ઠીક; પણ હું એ મામલો દુન્યાને ઝાહેર કરવા માંગતો નથી-બને તો ઢાંક પિછોડો કરવા ચાહું છું."

"આપની એવીજ ખ્વાહિશ છે તે સઘળું પોશીદા તૌરથી–છુપી રીતેજ કરવામાં આવશે, તેની આપ ખાતેર જમા રાખો" નઝીરે દિલાસો દીધો.

એ પછી મુકદમાની કુલ વારદાત-તમામ હકીકત ઉકકડજીએ માંડીને કહી, કે જે ઉપર આપણે વાંચી ગયા છીએ.

નઝીરે કાંઇ પણ વચ્ચે બોલ્યા વગર કુલ કયફિયત સાંભળી લઈ કહયું:—"સઘળા અહેવાસથી એટલું તો સાફ મિસ્લે આઇના ઝાહિર છે કે ગુનેહગાર કોણ હોવો જોઇએ."

"શું તમારો શક જીમી પટેલ પર છે?"

"દરીન બેશક—એમાં શો સંદેહ."

"અને તમે તેનેજ કુસુરવાર માનો છો?"

"હમણા હું કાંઇબી ચોકકસ મત આપી શકતો નથી-હું તો સિર્ફ જે વારે દાત ઝાહેર થઈ છેતે પર ખિઆલ બાધું છું. ખુદા માલુમ કે ખરેખરો મોઆમેલો શું અને ખરો કુસુરવાર કોણ છે. હું કોઇ વલી કે પીર પયગમ્બર નથી કે ભવિષ્યનાં પેટાંમાં શું સંતાયલું છે તેથી પેશગોઇ કરૂં!"

"આપનું કહેવું દુરોસ્ત છે." ઉકકડજીએ ટેકો આપ્યો.

"તમારાં બોલવાની ઢબપરથી તો જાણે એવુંજ લાગેછ કે તે તમે જીમી પટેલને નિર્દોષ ઠરાવવા માંગો છો. કેમ?"

"જો તે નિર્દોષ હોય અને તેમ સાબેત થાય તો હું ઘણો ખુશ થાઉં."

"પણ તેમ બનવું મને તો મુશ્કિલ દેખાય છે." વિચારવંત બની નઝીરે કહયું.

"એમ છે તો ખરૂં." ઉકકડજી બોલ્યા. "પણ તેની પર મારો પૂરો વિશ્વાસ છે-હું તેને તેની બચગીથી ઓળખું છું."

"તે સઘળુ કબુલ કરૂં છું-પણ કાં નહીં તમે આજ લગી ભોળવાયા હોવ? શેઠ સાહેબ અગર એક નઝર બંદો નઝીર તેને જુવે તો કહી દે કે તે કેવી કિસમનું આસામી છે. સિર્ફ તેનો ચહેરો જોઉં તો બસ-છે ચહેરાપરથી માણસની ચાલ-ચલન પારખવાની વિદ્યાનો મેં કાબેલ ઉસ્તાદો આગળ અભ્યાસ કરેલો છે."

"તો ચાલો, પાસેના ઓરડામાં તેની એક તસ્વીર છે તે બતાઉં." ઉકકડજી કુરસી પરથી ઊઠતાં બોલ્યા. અગર તે તસ્વીર તમે કારઆમદ સમજો તો સુખેથી તમારી સાથે લઇ જઇ પૂરતી તે હકીકાત પછી તમારૂં મત મને જણાવજો."

શામળદાસ અને નઝીરબેગને લઇ ઊકકડજી પાસેના ઓરડામાં ગયા અને ત્યાં ટાંગેલી જીમીની તસ્વીર તર્ફ આગળી કરી દેખાડી."

"ઉત્તમ છબી છે." શામળદાસે સરટિફિકેટ આપતાં કહ્યું "ઓ લ્યો જીયમી જાણે વાત કરવા માંગતો હોયની એવી હુ-બ-હુ છે—બાલ બરાબર ફરક નહીં કયમ મીઆંશાબ શું ધાર્યું?"

"ચ્હેરો ખુબસુરત છે, એમાં શક નથી તે દેખાવ પરથી કોઇ એની વિરૂધ બોલે એમ નથી."

"હું તો એને ઘણોજ ભલો સમજું છું" માયાથી ઉકકડજી બોલ્યા. "અને તમે તેને એક વકત મળો તો તમે જુવો કે મારાં બોલવામાં કેટલી સચ્ચાઇ છે."

"જનાબનું ફરમાવવું બેશક દુરૈસ્ત છે, વલેકીન ઘણાક ચ્હેરા ઠગારા હોય છે; પણ તે વિશે ચુનાચર કરવાનો આ વકત કે મઓકકો નથી; પણ સાહેબ, તમે મને કહયું કે તે પુને જવા નીકળ્યો હતો. ખરૂં કે?"

"હા; એમ તેની ચિઠ્ઠીરથી જણાયું ખરૂં"

"એમ છે તો કાં નહીં તાર કરી દર્યાફ્‌ત ફરમાવતા?"

"હું તેમ કરી ચુકયો છું."

"ઘણું સારૂં કીધું શેઠજી. લેકીન બનવા જોગ છે કે અગર તે કુ સુરવાર હશે તો પુણાનો રસ્તો બતાવી પંજાબ તર્ફ નીકળી ગયો હોય તો શી નવાઇ? એ ઉર્દુ ભાષા જાણતો તો હશેજ"

ઘણીજ સરસ રીતે મીરઝા સાહેબ. એને નાટકનો જબરો શઓક છે, તેમજ શાએરીનો આશક છે તેથી એ શીરીન ઝબાનનો એણે ખાસ અભ્યાસ કીધો છે."

"ખુબ, ખુબ; એ શીરીન ઝબાનનો જાણનાર હિંદુસ્તાનના કોઇબી ભાગમાં જાય તો ભુખો નહીં રહે"

"ખાસ્સી કહી મીઆંસાબ" શામળે ટેકો આપ્યો. "પણ અમારાં અમદાવાદમાં તો ગાંડી ગુજરાતીજ ચાલે હો!"

"આહ! શેઠજી, તમારૂં તો મને ધ્યાનજ નથી; આપ શું ધારો છો? જીમી પટેલ દોષિત કે નિર્દોષ?"

"મહા અઘોર પાપ કરેલું; બાપડા ઊકકડજી શેઠની બાજી બેસાડી નાખેલી એવો માણસ દોષિત નહીં તો નિર્દોષ? કદી બને નહીં" શામળે મત આપ્યું.

"પણ સાહેબ, તેની વરસોની સારી ચાલચલન તેની તરફેણમાં નહીં જઇ શકશે?" ઊકકડજીએ આતુરતાથી પૂછ્યું. "એના બચાવમાં હું તો ધારૂં છું કે તેથી એક મદદ થઇ પડશે."

"લાલચ એક એવી ચીઝ છે કે તેના ફંદાના ફાંસામાં ભલા ભલા ફસી જાય છે. વારૂં શામળદાસ શેઠ. જે રકમ ખોટી રીતે ઉધારી ઉચાપત કીધી છે તે આપનેજ નામે છે નહીં? અને તેજ રકમ સાથ ઊકકડજી શેઠનો ગુમાસ્તો ગુમ થઇ ગયોછની?"

"એમાં શો સંદેહ" શામળે ભાર મૂકી કહ્યું.

"પણ ફર્ઝ કરો—એમ સમજો કે જેમ શેઠ ઊકકડજી તેમજ તગેર માનતા આવ્યા છો તેમ જીગી પટેલ એક ઇમાનદાર શખ્સ છે. ને તે જે કરે તે ખરૂંજ કરે તો, પછી તમારે નામે ઉધારેલી રકમ વિશે તમો શું કહો?"

"હે, હેં, હેં! મીઆં શાબ! આ તો આલ્યા ચોર કોટવાળને દંડે એવી વાત થઇ. એ તો જાણે રકમ લઇ હું પાછો ગળે પડતો હોઉં એવું થાય,"

"હું એમજ ધારતો હતો. નઝીરે નરમાસથી કહ્યું. "કેમકે જ્યારે એક સરખી રીતે ઇમાનદાર અને અનામતદાર બે શખ્સો

એકાદ મુકદમામાં સંડાવાયલા હોય ત્યારે હું તેમનાં મોટાં માન નિશાન કે ખ્લકાબ અથવા દરજ્જાનો ખિઆલ કરી તેમને બીજા મુલઝીમોપર તરજીહ આપતો નથી-બીજા ગુન્હેગારો કરતાં વધારે માનની નઝરથી જોતો નથી-પછી તે ગામનો હાકેમ કાં નહીં હોય, માકે શેઠજી, તમે જીમી પટેલપર ઉતરી પડવા પહેલાં તમારો પોતાનો વિચાર પણ કરવાનો હતો."

શામળદાસે કશો ઉત્તર વાળ્યો નહીં. પોત્યું પકડી ધ્રુજવા મંડયો. મીરઝા નઝીર બેગનું બોલવું તેને પસંદ પડયું નહીં, પણ તે વાજબી બોલ્યો હતો એમ તેને મન સાથે એકરાર કર્યા વગર રહે વાયું નહી."

"જનાબ ઊકડજી સાહેબ આપને ચંન્દ સવાલ પૂછી તકલીફ આપવા માંગું છું-લેકીન શખ્સે સાલસ ત્રીજા શખ્સની હુઝુરમા તે પુછી શકું નહીં."

ઊકડજીએ ઇશારત કરવાથી શામળ ત્યાંથી ખસતો થયો.

જ્યારે તેઓ એકલા પડયા ત્યારે નઝીરે જે સવાલો કર્યા તેનો સાર એ હતો કે તેમના ધંધા રોજગારનો તરીકો શું હતો, પૈસાની લેણદેણ કીઆ અહલેકારના ઝરીઆથી-કીઆ મદદનીશ મારફતે કરવામાં આવતી હતી, તે દીને સફાર વગયરા, સઘળા દાસ્તાન કરતાં પેલો મુસલમાન જે જુગારનું ફર્ઝ માંગવા આવ્યો હતો તે વાત તેને વધારે દિલચસ્પ બલ્કે અગતની લાગી. તેણે વિચાર્યું કે ગોયા પહેલું પગથ્યું તો જડયું—ગોયા અંધારાંમાં એક ચિણગારી દેખાવા લાગી છે. તેણે કહયું "હવે કાંઈ સમજ પડતી જાય છે. બોલો તેમજ પોતાના કામથી આપને આગાહ કર્યા હશેની?"

"મારી આગળ તો કાંઇ બોલ્યો નહીં, ને બોલ્યો હોય. તોબી તે વકતની ગડબડ અને મારાં મનની મુંઝવણ વચ્ચે મેં કશું ધ્યાન આપેલું નહીં, પણ મારા એક કારકુને પાછળથી કહ્યું તેમ તેણે પોતાનું નામ ફતેહ સુલતાન જણાવ્યું હતું અને કુંભારવાડાની સત્તરમી ગલીમાં તેનું જુગારખાનું હતું"

"ઠીક, ખીક; જરા મને એની નોંધ લેવા દેવો."

નઝીરબેગે પોતાની નોટ બુકમાં ચોક્કસ નોંધો ટપકાવી લીધા પછી ઊઠી ઊભો થઇ બોલ્યોઃ—

"હાલ તુરત તો એટલું પુરતું છે; લેકીન આપને અડચણ નહીં હોય તો જે 'તીજોરી'માંથી રૂપ્યા ચોરાયા છે તે બતાવશો, ને તમારા કારકુનોને સવાલ કરવાની પરવાનગી આપશો. અલબત્તા આપની હાઝરીમાંજ એ સઘળું કરીશ."

તેઓ બન્ને 'તીજોરી'વાળા ઓરડામાં ગયા. નઝીરે અંદરે બાહેરથી તે ઓરડો તેમજ 'તીજોરી' તપાસી તેનું તાળું ગઓરથી જોવા લાગ્યો. તાળું સાધારણ નહીં પણ અક્ષરો ગોઠવી ચોક્કસ શબ્દ બનવાથી ખુલે તેમાનું એક મોટું કુલુફ હતું; તે ઉઘાડવાનો છુપો બોલ હતો ચ સિર્ફ ઊકકડજી, જીમી પટેલ અને વડો કારકુન જેહાંગીર દોટીવાળા સિવાય ચોથું કોઇ જાણતું ન હતું. છુપા નામ અને તે પ્રમાણે અક્ષરો ગોઠવવાની માહેતી વગરનો સખ્સ સો સાલ માથું ફૂટે તોબી કામયાબ નહીં બને. જે કોઇએબી 'તીજોરી'માંના રૂપ્યા કહાડયા હોય તે ઉપલું કુફલ ખોલવાની કળાથી—તેના છુપાં નામથી ઝુરૂર વાકેફ હોવોજ જોઇએ—પણ તે કોણ? ખુદ

માલિક ઊકકડજી અથવા જીમી પટેલ કે જેહાંગીર દોટીવાળા એ ત્રણમાંનો કોઇબી એક શેઠ પોતે તો હોયજ નહીં; ત્યારે રહ્યા ઉપર કહેલા બેજ જણ. તાળાંની તપાસ વિગેરેની નોંધ લીધા બાદ તેઓ ઓફીસવાળા ઓરડામાં ગયા જ્યાં એ કારકુનો પોતનો કામે વળગેલા હતા. તે બંન્નેને નઝીરબેગે ચિપીચિપીને કેટલાક સવાલ પુછયા. અને તેની તેમના ચ્હેરાપર કેવી અસર થતી હતી તે તેણે ખુબ ખિઆલથી જોયું પણ કશું જાણવાજોગ માલુમ પડયું નહીં.

ત્યાર બાદ તેણે ખાતાંવહી તપાસી તેમાંના અક્ષરો સરખાવી જોયા. પણ તેમાબી કાંઇ માલ જેવું જણાયું નહીં, સિવાય કે જીમી પટેલ અને જેહાંગીર દોટીવાળાના અક્ષરો ઘણે દરજ્જે મળતા આવતા હતા. કદાચ એ બાબત કામ આવે કે નહીં તે છતાં તેની નોંધ લઇ લીધી.

ઉપલું કરી રહી ઊકકડજી સાથે જવાની તૈયારીમાં હતો ત્યારે છેક છેલ્લી પળે નઝીરબેગ જેહાંગીર દોટીવાળાનો કેવોક દોસ્ત હોય તેમ તેના કાનપર પડી હળવેથી બોલ્યો: "હવે હું ફતેહ સુલતાનને મળવા જાઉં છું; તેને કાંઇ કહેવાડવુંછ બિરાદર?"

તેના કાનમાં જાણે જાદુઇ ફુંક મારી હોય તેમ જેહાંગીર ચમકયો. તેના ગાલોપરનો ગુલાબી રંગ ઝર્દ થઇ ગયો-તેના હાથમાની કલમ ઝમીનપર પડી ગઇ.

નઝીરબેગે એક નિગાહમાં સર્વ મોઆમેલો જોઇ લીધો, અને જેહાંગીરનો જવાબ મેળવવાની દરકાર કર્યા વગર તે ઊકડજી સાથે ચાલતો થયો.

ઉપલી બાબત લખતાં જેટલો વકત લાગે તેથીબી અરધા અરસામાં નઝીરે ચપળાઇથી પોતાનો ભાગ બજાવ્યો હતો, જેથી ઊકકડજીનું તે તર્ફ બિલકુલ ધ્યાન ખેંચાયું નહી.

કોઇ નવો મુદ્દો મળતાં આવી મળવાનું વચન આપી "સાહેબજી" કરી નઝીર ત્યાંથી ચાલી ગયો.

———:o:———

પ્રકરણ બીજું.

———:o:———

દુશ્મનના ગુફામાં ગિરિફતાર.

છેલ્લાં પ્રકરણમાં થયલી વાતચિત પછી ઊકકડજીથી છુટો પડેલો નઝીરબેગ પોતાને મુકામે ગયો અને ઘેલા ઘાંચી જેવો મેલો ઘેલો પોષાક પહેરી પોતાનું રંગરૂપ બદલી અરધા કલાકમાં ઘરમાંથી બાહેર પડ્યો.

એક તો અસલમાં મરકુટયાં જેવો તેમાં વળી ઉપર કહ્યું તેમ સિર્ફ મેલો ઘેલોજ નહીં, પણ તાઇટ તતરબંધ તંગ પોષાક પહેરેલો હોવાથી, તે હતો તેના કરતાંબી દુબળો પાતળો નઝર આવતો હતો. મુસલમાન છતાં આજ કાલની ફેશીનની મોંકાણમાં આપણા આસીત બાયલા પારસી જવાન્યાઓ જેમ સદાન્યો અવતાર લે છે તેમ તેણે પણ દહાડી મુંછ સફાચટ કરી નાંખી હતી. કોણ કહેશે કે અરધા કલાક અગાઉનો મીરઝા નઝીરબેગ તેજ હતો? નરો જાણે પારસી

જવાન! આડા અવળા રસ્તા અને ગલી કૂચા વટાવતો આખરે તે કુંભારવાડાની સત્તરમી ગલીને નાકે આવી પહોંચ્યો. આ ગલી મુંબઇ નગ્રીના સુધારા વધારા સાથ નીસ્તીમાં દાખલ થઇ ચૂકી છે, લેકીન જે ઝમાનાની આપણે વાત કરીએ છીએ તે ઝમાનામાં તેની હાલત શી હતી? આ સાંકડી ગલીની બન્ને બાઝુએ કોઇ એક માળનાં તો કોઇ બેઠી બાંધણીનાં કોઇ અરધાં ભાંગા ભસ્તાં તો કોઇ છાપરાં વગરનાં તો કોઇ ઝરા રડતીના આંસુ નુછાવે એવી સાન અને રઓનક (!) વાળાં હતાં, જે સાંભળવા પ્રમાણે કોઇ અસલી અમીરો કે શેઠીઆઓની હવેલીઓ હતી, પણ તે હવેલીમાં હવે હોટેલો ભઠીઆરખાનાં કે પીઠાં હતાં અને તેનાં વસનારાંઓનો મોટો ભાગ તવાયફ યાને કંચનીઓ વગયરાનો હતો અને બાકી નાનાં મોટાં મકાનો બન્યા—બકાલ, હજ્જામ હમાલ વગયરા, વગયરાથી વસાયલાં હતાં.

તે વસ્તીમાં આવેલાં જુગારખાનાથી નાનાંમાં નાનું બાળક પણ વાકેફ હોવાથી કીઆં આલીશાન (!) મકાનમાં એ પવિત્ર (!) ધંધાનું ધામ હતું તે શોધી કહાડવામાં નઝીરને પાંચ પળ પણ લાગી નહીં. આ મુકદ્દસ (!) મહેલમાં કેટલા અમીરઝાદાઓ, અને લોભી અને કમસમજ જવાનો ખુવાર થયા હશે તેનો હિસાબ કહાડવાનો આ મઓકો નથી, માટે આપણી વાર્તાનો તાંતણો કાંતી લંબાવીશું.

મિરઝા નઝીરબેગ ફતેહ સુલતાનના દોઝખી ગુફા યાને તેનાં જુગારખાનાના દરવાઝાપર આવી ઉભો. આસપાસ એક પળ નિગાહ દોડાવી તેણે બારણું ઠોકતાંજ એક હબશી છોકરીએ તે ખોલ્યું.

"સાહેબે ખાના ઘરમાં તશરીફ રાખે છે ?" નઝીરે પૂછ્યું.

"જનાબ કોઇ સાથે કામમાં રોકાયલા છે, શાયદ આપને હમણા મળી શકશે નહી." તે હબશી છોકરીએ જવાબ દીધો.

"પણ મારૂં કામ વધારે ઝુરૂરતનું છે; મારે બને તેમ તારા આકા—તારા શેઠને મળવુંજ જોઇએ; વરના તારા શેઠનું નુકશાન થશે તો તેનો ટોપલો તારે સર આવશે; વાસ્તે તું જલ્દી જઈ મારો પયગામ પહોંચાડી કહે કે હું ઘણાંજ અગત્યનાં કામસર મળવા આવ્યો છું."

મરાવર, જે પેલી હબશી બાંદીનું નામ હતું. તે અંદર ગઇ. ગઈ તે ગઇજ—જાણે મુવાને તેડું કરવા ગઇ!

બે, ત્રણ. પાંચ, સાત મિનિટ ધીરે ધીરે પસાર થઇ ગઇ પણ તેણીનો પત્તોજ નદારદ! નઝીર હવે અંદર દાખેલ થવાની તૈયારીમાં હતો તેવામાં પેલો માહે કામેલ—પુનમનો ચંદ્ર (!) નમુદ થયો. તે બોલી, "આવો જનાબ, સરકાર આપને અંદર બુલાવે છે."

નઝીર પેલી બાંદીની પાછળ ઘરમા ગયો. દાલાંનમાં દાખેલ થતાંજ જોયું કે તે મનહુસ મકાનમાં જેવો નાપાક ધંધો ચાલતો હતો તેવું તે નાપાક હતું. હર સાલ મોહર્રમપરજ તે ઘરમાં ઝાડુ ફરતી હશે; જ્યાં જુવો ત્યાં ગિલાઝત અને ગિલાઝત. બે ત્રણ અંધારા ઓરડાઓ ઓળંગ્યા બાદ બે દાદર ચઢયા પછી એક દરવાઝા આગળ નઝીરને મુકી પેલી સિયાહરૂ છોકરી પાસેના સિયાહ ઓરડામાં જાણે અલોપ થઇ ગઇ. લેકીન તેની કશી દરકાર કર્યા વગર નઝીરે તે દરવાઝાપર બે ત્રણ ટકોરા મારતાંજ અંદરથી કોઇએ તે ખોલ્યો,

અને એક શરીફ આદમી નઝીરની નઝરે પડયો, જે કોઇજ નહીં પણ બદમાશ ફતેહ સુલતાન–ઇન્સાનની સુરતનો શયતાન પોતે હતો–કે જેણે સંખ્યાબંધ તે ખાન્દાની નબીરાઓને ખસ્તાખાર કરી તેમની ઝિન્દેગી ધુળ મેળવી હતી.

"બેઅદબી મોઆફ જનાબ, આપજ ફતેહ સુલતાન સાહેબની?" કાંઇ પણ વધુ તાઝીમ તવાઝા વગર નઝીરે સવાલ કીધો.

"જી હાં, ફિદવી એજ નામથી જણાયલો છે" સભ્યતાથી તેણે જવાબ દીધો. "મહેરબાની કરી આપ અંદર તશરીફ લાવી મસનદપર બિરાજશો! આપ સાહેબની શરફે મુલાઝિમત ફિદવીને હાસીલ નથી–આપની કદીબી મુલાકાત થઇ હોય એવી મને યાદ નથી તેમજ આપને નઝરે કે નામે પણ જાણવાની બંદાને ઇઝઝત કદી મળી નથી. બરીંહમ–ગમે તે હોય, પણ આપ સરખા શરીફ ઝિવિકાર સાહેબની ખિડમત=ગુઝારીમાં તાબેદાર બા સરોચશ્મ દસ્ત બસ્તા હાઝીર છે."

નઝીર પેલાની ફસાહતપર ફિસલી પડે તેવો ન હતો. તેના કરતાં ચાર ચાસણી વધારે તે ફસીહ હતો એટલુંજ નહીં પણ બારે ગાંઠ પુરો હતો. તે તઆઝીમ ત્વાઝા સાથ નમીને કમરામાં ઘુસ્યો. અને બાઅદબ પોતાની બેઠક લીધી. નઝીરે જોયું કે બદમ્આશ ફતેહ સુલતાન સિવાય બીજું કોઇ કમરામાં નહીં હતું.

"મોઓફ કરજો જનાબ, આપનાં કામમાં હર્જ–અડચણ કરવા સારૂ મોઆફી ચાહું છું"

"બિલ્કુલ નહીં, બિલ્કુલ નહીં; આપ શા પરથી એમ ખિઆલ ફરમાવો છો કે મારાં કામમાં અડચણ નડી?"

"કારણ કે આપની બાંદી બોલી કે આપ કોઇ સાહેબ સાથે કામમાં મશગુલ હતા."

"ગલત—સરાસર ગલત; તે લૌંડી તદન જુઠું બોલી. સાહેબ, એક કમીના નોકર, અને તેબી એક હબશી ગુલામડીના બોલ પર વિશ્વાસ કેવો? હું કહું છું કે તે બડી જુઠ્ઠી છે. એ નાપાક દદા એમજ બધાંને જુઠું કહી બનાવવામાં મઝાહ મેળવતી જણાય છે. બેવકુફ બધાંને એકજ લાકડીએ હાંકે છે." એમ કહી ફતેહ સુલતાન ખડખડ હસી પડયો, પણ બેનઝીર નઝીરે તો મનમાં નકકી માની લીધું કે તે ગરીબ ગુલામડી તો નહીં પણ તે દોઝખી ગુફાનો માલિક દુન્યવી દેવ, શયતાનનો શાગિર્દ, ફતેહ સુલતાનજ જુઠડો હતો.

"બેશક, બેશક; નીચ માણસોનાં બોલવાપર અએતેબાર રાખવો નામુનાસેબ છે એમ હું કબુલ કરૂં છું." નઝીરે પેલા બદમ્આશને રાઝી રાખવા બનાવવા માંડયો. "જનાબ મારૂં કામ ઘણું અગતનું ને ખુફીઆ છે. માટે આપણી ગુફ્તેગો કોઇ શાંભળે તેમ તો નથીની?"

"પાક અલ્લાહ, અને રસુલનાં નામથી અર્ઝ કરૂં છું કે આપ અને હું તનહાઇમાંજ છીએ."

"ઠીક ત્યારે. એકદમ હું અસલ મુદદાપર આવીશ. જીમા પટેલ નામના એક પારસી જવાનના બાબમાં હું કાંઇક દર્યાફત કરવા માંગું છું."

પેલો બદમ્આશ ઝરા ચમકયો અને ગઓરથી ટિકી

ટિફીને જોયા પછી બોલ્યોઃ—"તેને વિષે આપ શું દર્યાફ્ત કરવા માંગો છો?"

"મેં સાંભળ્યું કે તે કોઇ બાહેરગામ ચાલી ગયો છે."

"અને તેમ હોયબી તો?"

"તે એક ચીઝ ભુલી ગયો છે."

"શું ભુલી ગયો?"

"એક આંકડો ચુકવવાનો."

"ઓ! હવે હું સમજ્યો. ભલો માણુસ લેનેમે લક્કડ ને દેનેમેં પત્થરજ છે. મોઆફ કરજો જનાબ, લેકીન આજ કાલ આપ લોકના જવાનો ફાશીનની ફિશઆરીમાં પડી દીન ડુબાઉ અને ઉડાઉ બનતા જાય છે, ને જ્યારે માથે બલા આવી પડે છે ત્યારે ગામ શહેર છોડી નાહાસી જાય છે."

"બચ્ચિતજ આજ કાલ અમારા પારસી પોર્યાઓ અતેરૂંજ કરી રહયા છે. પણ તેઓનો રડાકુટો કરવાનો આ વકત નથી. હું શું કહેતો હતો? હા; ફ્કત આંકડો ચુકવવાનુંજ ભુલી ગયો હને તો ધુળ વાળી" ઝરા જુસ્સાથી નઝીરે વગર ચાકનું ગાડું હાંકયું.

"બીજુ શું?" આતુરતાથી ફતેહ સુલતાને પુછ્યું.

"એજ કે પોતે કયાં જતો હતો તે વીશે પોતાની બૈરીને કહેવા વગર ચાલી ગયો!" નઝીરે અડાવ્યું.

ફતેહ સુલતાનને વિજળીક ઝટકો લાગ્યો હોય તેમ તે ચોંક્યો અને અજાયબીથી નઝીર તર્ફ ટિફીને બોલ્યો, " જીમી પટેલ પરણેલો છે એમ આજેજ જાણ્યું!"

"તમારા સિવાય બીજાઓબી કેટલ છે કે જેઓ એ વાત જાણુતા નથી." ઠંડેપણે નઝીરે કહ્યું.

આવી રીતે નાલ્યાં ફેંકવાનો નઝીરને શું સબબ પડયો તે હવે પછી આપણે જોઇશું.

"પણ આપને જીમી પટેલની બીબી સાથે શું નિસ્બત?"

"ગરીબ બિચારી! તે મારી હમશીર-મારી બહેન થાય."

"હશે શેઠજી; પણ તે સાથે મને શું સ્નાન સુતક! મારી આગળ એ ફરીઆદ કરવાનું કારણ?"

"મેં ધાર્યું કે તે કયાં ગયો છે તે તમે જાણુતા હશો."

"અરે! પણ હું જાણુંજ કેમ?"

"જેહાંગીર દારૂવાળા મારફતે." દયામણા દેખાવે નઝીર બોલ્યો. "કારણ કે જીમી અને જેહાંગીર એકજ ઠેકાણે નોકરીએ છે."

જાણે ફતેહ સુલતાન જેહાંગીરને સારી ગીતે ઓળખતોજ હોય તેવી ખાતરીથી નઝીર ઉપલું બોલ્યો.

બદમ્આશ પણ બેવકુફ ફતેહ સુલતાન પૂરો ઉલ્લુ બની ગયો. નઝીરે કહેલી હરેક વાત તેણે સાચી માની લીધી. તેણે મુર્ખાઇથી કાચું કાપી દીધું કે "જેહાંગીરે મને એ વીષે કાંઇજ કહ્યું નથી" "આજે તમે તેને મળ્યા હતા કે?"

શું જવાબ આપવો તેની વમાસનમાં સુલતાન પડયો. તેણે ખુબ ટિકીને નઝીરના ચ્હેરા તર્ફ જોયું. તેને કાંઇબી શકભરેલું જણાયું નહી. તુર્તજ તેને કાઇ ખિઆલ આવી જતાં પાસેનું એક બારણું ખોલ્યું,

ને તેમાંથી બીજી બાજુ ઝડપમા ગયો અને દરવાઝો પોતા પાછળ ઉતાવળમાં બંધ કીધો; એટલા ટુંક અરસામાં નઝીરે જોઇ લીધું કે દરવાઝાની બીજી બાજુએ એક અર્ધ અંધારી લાંબી ચાલ હતી. ભાગ્યે કાંઇ વિચાર કરવાનો વખત મળે એટલામાં પેલો દરવાઝો ખુલ્યો અને ફતેહ સુલતાન સાથ બીજા એક શખ્સે દેખાવ દીધો. તે કદાવર, ઉંચો, લાંબી સુફેદ બર્ફ જેવી દહાડી અને વાળવાળો સુફેદ પાઘડીવાળો બુઝોર્ગ દેખાવનો ઇરાની મુબેદ હતો.

"અરે! આ દોઝખી ગારમાં, શયતાની મુકામમાં એક પરહેઝગાર બુઝોર્ગનું–ને તેબી જરતોસ્તી મુબેદનું શું કામ?" નઝીર વિચારમાં પડયો–તે શકમંદ બન્યો. જાણે પેલા બુઝોર્ગને માન આપવા માંગતો હોય તેમ નઝીર ઉઠી ઉભો થયો. તેને જોતાંજ પેલો બુઝોર્ગ મુબેદ ચમકતો જણાયો, અને બે પગલાં પાછળ હટી ઉભો. આવી રીતે પેલા ઘરડાને ગભરાયલો જોઇ ફતેહ સુલતાન અજાયબીથી પેલા મુબેદ અને મીરઝા નઝીરનો અકેક પછી ચ્હેરો જોવા લાગ્યો. તેને કાંઇ સમજ પડી નહીં કે એ બધાનો ભેદ શું હશે. બીજી તર્ફ બાહોશ નઝીર બી ઝરા વમાસણમાં પડી ગયો, પણ સમય સુચકતાથી બોલ્યોઃ— "આ બુઝોર્ગ કોણ છે? ઇરાની પારસીઓના એ દસ્તુર સાહેબનું નામ?"

"એવણનું નામ————"

રખે કાંઇ આટો બારી દે એવી ધાસ્તીથી પેલો અણજાણ્યા મુબેદે તેને બોલતો ઇશારતથી રોકી દેખાઇતી રીતે ધારણ કરેલા ખોટા સાદે કહ્યું:—

"પાક ખુદા સલામત રાખે આપને, મારી નામ મુખદ રશીદ છે. મેં તુમને અવ્વલ જોઇને એમ સામજેચ કે મારી એક દુસ્ત જેવા લાગેચ—પેછી એમ સામજેચ કે તુમને મેં કેરમાનમાં જોઇતી. લીકન હવે સામજેચ કે એત્તા ગાલત વાત છે. મારા ગલતી છે."

તેઝીને તુકારો. ચગોર નઝીર ચેતી ગયો કે પેલો બુઢો કોઇબી હોય તેણે તેને ઓળખ્યો છે, નેથી પોતાની હાલત સલામતીથી દુર હતી એમ વિચાર્યું. નઝીર પોતાના બીજા ખુફીઆ પોલીસના હમશરીકોથી જુદીજ તરેહનો આદમી હતો. બીજાઓ પોતાને લોકોની જાણમાં લાવવા ભપકો કરી ફરતા હતા જ્યારે નઝીર તો ખાનગી કે ઝાહેરમાં એવો દેખાવ કરવાથી બાઝ રહેતો, જેથી આંગળી પર ગણાય એટલાજ બાહેરના લોક તેને જાણતાં, તે છતાં આ દેખાઇતા ડોસાએ તેને પિછાણ્યો હોય એમ તેણે માન્યું, તેથી તે પોતાની સંભાળ અને સાવચેતીમાં રહયો.

"હું આ બુઝોગ મુખેદ સાહેબને એટલા સારૂ લાવ્યો કે એવણ આપની કઓમના લોકોથી મારા કરતાં વધારે વાકેફગાર છે," ફતેહ સુલતાને સમજાવવા માંડયું, "અને મને શક નથી કે તમે જે શખ્સની જુસ્તેજુમાં તકલીફ ઉઠાવી અહીં લગી આવ્યા છો. તેનો હસ્બે દિલખાહ ખુલાસો એવણ આપી શકશે."

"હઝરત બેરાબર બોલી" પેલા ઘરડાએ કહયું "જીમી પતીલના કયફિયત મેને ગેના માલુમ છે."

"આપ સાહેબ તેના કોઇ દોસ્ત હશો?" નઝીરે પૂછયું.

"દુસ્ત નયમ, વલીકન પતીલને બખુબી પીચાનેચ."

"વારૂં; આજે બામદાદમાં તે કયાં ગયો?"

"મેને મઆલુમ ફેર્યા કે તે ફુને ગેઇ."

"એકાએક જવાનો સબબ?"

"સબબ, સબબ? બલે, સબબ! સબબના મુનાસેબ. ગુયમ મુશ્કિલ. અફ્સુસ! ગૅની ખરાબ કામ કીધી ૧ ગુયમ મુશ્કિલ. નીક ખાન્દાન જવાન નમકહરામી કરેચ—ઝરાતુસ્તીનાં નામ દુબારેચ! અવાખ્શે પશીમાન! એના કામબાખ્તી જાગીઆ, એના માથે નાપાક શક્તુન ચહર્યા–એ યક ગુનાહમાં ફસી ફેર્યા ને ફુને નાસી ગીઆ, એમ મેન સાંભરેચ."

"કેવી કીસમના ગુનાહમાં તે ગિરિફ્તાર છે?"

"અફ્સુસ, સદ હઝાર અફ્સુસ! પોતાની આકા–પોતાની વલી નેઅમત–પેલી ઊકરજી શીથની ખેઝાનાની ફેંતી ફારેચ–અંદરથી રૂફ્યા ચુરી કરેચ, ફેછી ચુપરામાં ગુતાલા કરેચ ને ફુને નૅાસી ગેઇચ."

"કેઠી આમ બાબત છે? પણ દસ્તુર સાહેબ એ બધું તમે ખરાં તરીકે માનો છો કે?" નઝીરે પૂછયું.

"બીશક, માનીચ નેઇ તો સું કારીચ?"

"આપ જાણુતા તો હશો કે તે પરણેલો છે. તેની ગરીબ ગાય જેવી બૈરી છે?"

તે બુઢો ચમકતો દેખાયો. તે બોલ્યો. "તેના બેરી ગાઇ છે કે ભેંસ છે, મન ચે દાનમ? મેને મ્આલુમ નેથી."

"જાણો ત્યારે દસ્તુર સાહેબ, કે જીમા પટેલની પરણેતર મારી સગી બ્હેન છે. તે બિચારીની બેચયની જોઇ ન શકવાથી તો હું એ

દુકતાની શોધમાં સ્હવારથી હયરાન, પરેશાન ને સરગરદાન ફરતો ફરતો અહીં આવ્યો છું. તે કયાં છે તેનો સ્હેજબી પત્તો આપનારને પચાસ રૂપ્યાનું ઇનામ આપવા તૈયાર છુ"

ઘરડા રશીદે અખાડા કરી બીજી તર્ફ જોવાના ઢોંગ કર્યા, અને કેટલીક પળ સુધી જવાબ વાળ્યો નહીં; પછી તે બોલ્યો:—

"બખુદા! મૅન નેઇ સેમજતી કે ઇન નાદાન ચુકરા કુને ગઇ; લીકન ખાબર નેથી કે ઇરૂન ગેઇ કે તુરૂન. એ મારી ખાસ દુસ્ત નેઇ હતી કે બેત્તા વાત મેને કેઇને નૉસી જાયચ."

"ત્યારે મને જોઇતી ખબર અહીં મળી શકે એમ લાગતું નથી" નાઉમીદી ભર્યા દેખાવે નઝીરબેગ બોલ્યો

"મેન નેઇ સમજેચ કે તુને બીજી ખાબર મિલે."

રશીદ ઉપલુ અર્થસુચક રીતે બોલ્યો, પણ જાણે તે સમજ્યોજ નહીં હોય તેમ નઝીર અખાડા કરી ગયો. ફતેહ સુલતાન અને મુબેદ રશીદને સલામ કરી નઝીરે રૂખ્સત લીધી.

ઉપલી મુલાકાત દરમ્યાન એક ચીઝ તે જાણવા પામ્યો હતો, કે જેહાંગીર દોટીવાળા અને પેલા જુગારખાનાના માલિક વચ્ચે ઓળખાણ હતી, દેખાઇતી રીતે આ બાબત નજીવી હતી લેકીન નઝીરને મન તે ઘણી અગતની હતી. પણ પોતે જીમી પટેલનો સાળો હોવાના ઢોંગ કરી ફતેહ સુલતાન પાસેથી જે ખબર મેળવવા માંગતો હતો તેમાં તે નિષ્ફળ થયો હતો. તો પણ તેણે એટલું તો ચોકકસ ધાર્યું કે "જીમીના ગુમ થવા વિશે ઘણું નહીં તો થોડુંબી

તે દોઝખખાનાનો ધણી જાણતો હોવો જોઇએ; તેને ખબર હોવીજ જોઇએ કે જીમી નિર્દોષ છે કે દોષિત; જો દોષિત હોય ખરેખર નાહાસીજ ગયો હોય તો તે પુણે કે બીજે ઠેકાણે તે પણ તે જાણતોજ હોવો જોઇએ; પણ તે બેગુનાહ હોય તો—કોઇ ખરેખરા ગુન્હેગારને બચાવવા લુચ્ચાઓએ જાલ પાંથરી તેને કોઇ ઠેકાણે ઝબરદસ્તીથી સંતાડી દીધો હોવો જોઇએ."

ફતેહ સુલતાનને બનાવી કાંઇ બાતમી મેળવવામાં નઝીરે ફતેહ મેળવી નહી, કારણ કે તેને કશો શક નહી ગયો હતો તે છતાં વાતચિત કરવામાં તેણે ઘણી સંભાળથી કામ લીધું હતું.

પણ પેલો ઇરાની મુબેદ કોણ હતો તે જાણવાની જીજ્ઞાસા ઉશકેરાઇ. તે ખાતરીથી માનતો કે પેલાએ બુઢાનો સ્વાંગ માત્ર લીધો હતો, અને પોતાને ઇરાની દેખાડવાનાં ફાંફાં મારતો હતો. વળી તેણે પોતાને ઓળખી કહાડયો એમ પણ નઝીરની ખાતરી થઇ હતી, પણ તે શખ્સ કોણ હતો તે નઝીર પણ પારખી શકયો નહી હતો. તે મકાનની બાહેર પગ મુકવા પહેલાં એ ઢોંગી ઇરાની દસ્તુર કોણ હતો તે શોધી કહાડવાનો તેણે નિશ્ચય ઠરાવ કીધો. પણ તે ઠરાવ કેમ પાર ઉતારી કામયાબી હાંસિલ કરવી તે એક સવાલ હતો.

ઉપલો વિચાર કરતો મીરઝા નઝીર બેગ સડસડાટ દાદરપરથી ઉતરવા લાગ્યો. ભોંયતળીએ પહોંચતાંજ પેલી હબશી છોકરી સામી મળી; એક હિમ્મતભર્યું પગલું ભરવાનો, ને તેબી વગર વખત ખોવે તુર્તજ અમલમાં મુકવાનો ઠરાવ કીધો. તેણે પેલી પોરીને બાઝુમાંથી મઝબુત પકડી અને થથરાવીને પુછયું:—

"સાચું બોલ અય કમબખ્ત કે હું આવ્યો ત્યારે તારો શેઠ કોણની સાથે કામે કે વાતે રોકાયલો હતો?"

તેણીએ બુમ પાડીને છટકવાની કોશીશ કીધી પણ નઝીર બેગના કકડાવેલા ડોળા જોઇ થથરીને કાંપતી ઉભી.

"કમબખ્ત શયતાનની ખાલા!" નઝીરે દમ ભિડાવ્યો "ચીખ પાડવાની કે છટકવાની સ્હેજબી કોશીશ કીધી કે પોલીસની હવાલાતમાં ચાંચડા મારવા જવું પડશે."

"મને હવાલાતમાં આપશે?" પેલીએ પુછ્યું.

"હું પોતેજ. હું એક પોલીસ અમલદાર છુપા વેશમાં છું."

પેલી સિયાહફામ આપણા ગુલફામ જેવા નઝીરને ગભરાટથી જોતી ઉભી.

"ચાલ જલ્દી કર: મારા સવાલનો જવાબ દે."

"હુઝુર, હું કાંઇ જાણતી નથી."

"જે બુહડો ઇરાની અંદર છે તેને આગળ કદી તેં જોયોજ નથી?"

"હરગીઝ નહી" પેલીએ મકકમપણે જવાબ દીધો.

"તું ખાતરીથી કહે છે?"

"બેશક ખુદાવન્દ."

"ઠીક છે ત્યારે. એ બગલો ભકત કોણ છે તે મારે હમણાં ને હમણાંજ શોધી કહાડવું જોઇએ; લેકીન તારી મદદની ઝુરૂરત પડશે. ફતેહ સુલતાન સાહેબના કમરાની બાઝુના દરવાઝામાંથી એક લાંબી

ચાલમાં થઇ બીજા કોઇ કમરામાં જવાનો રસ્તો છે તે તું તો બખુબી જાણુતી હશે. હવે બતાવ મને કોઇ એવો રસ્તો કે તારા શેઠના કમરામાં જવા વગર તે તર્ફ પહોંચી શકાય."

પેલી છોકરીની આંખો કોઇ ચોક્કસ ખુશાલીથી ચમકવા લાગી. તેણે જવાબ દીધો કેઃ—

"એ કામ મારૂં; ચાલો જનાબ મારી પુઠે આવો હું તમને આબાદ તમે ચાહો છો ત્યાં પહોંચાડી દઇશ. ખુદાને ખાતર સાહેબ, મને હવે પોલીસ ચોકીમાં પૂરવાનો ખીઆલ ફરમાવશો નહીં મેં અને મારા બાપદાદાએ પોલીસને હાથની પુરી હાડમારી ભોગવેલી છે. પાક અલ્લાહ કોઇને મારવાડીનું બાર ને પોલીસની દરબાર નહીં દેખાડે"

"સબ્ર! અગર તું બચવા માંગતી હોય તો મને પેલો રસ્તો એવી રીતે બતાવ કે ઘરમાનું કોઇ તે જાણી શકે નહીં તેમજ ત્યાંથી સટકવાનો કોઇ છૂપો રસ્તો હોય તેબી દેખાડ. પણ જો તું સ્હેજબી દગો રમીશ તો યાદ રાખજે ઓ હબશાનની હુર, કે તું એક બે ને ત્રણ બોલી બોલી રહે તે પહેલાં તો તારા બોડા હાથમાં લોખંડી હથકડીનું ઝેવર પહેરાવી પોલીસના હાથમાં પાંખડું આપીશ."

"હઝરત રસુલના નામથી કહું છું જનાબ કે હું હરગીઝ દગો દઇશ નહીં; કાંઇબી ખડખડાટ કર્યા વગર ગુપચુપ તમે મારી પાછળ ચાલતા થાવો."

તેણી બીજે દાદરે માળપર ચહડી; અંકેક પછી બે ત્રણ કમરા વટાવી એક મોટા ખાલી ઓરડામાં તેઓ દાખલ થયા. તેનો બીજી

તર્ફનો દરવાઝો ખોલતાં અંધકાર ભરેલી એક લાંબી ચાલ દેખાઇ. તેઓ ત્યાં થોભ્યાં.

"મારા માલિકના જે કમરામાથી તમે અંધેરી ચાલ જોઇ હતી તે એજ છે, અને આ રહયું તેજ બારણું જેમાંથી તમે એ જગા જોઇ હતી. હવે સાહેબ તમે આ અંધેરા રસ્તામાંથી સીધાં ચાલી જાવો અને તમારી મતલબ પૂરી થવે આગળ વધજો. એક દરવાઝો મળશે તે ખુશાલ ખોલીને બાહેર રસ્તાપર નિકળી પડજો. ખુદા હાફેઝ." અને નઝીરે પાછું ફરીને જુવે તે પહેલાં તો પેલી છોકરી કોણ જાણે કયાં ગુમ થયલી જણાઇ.

હબશાનના કહેવા મુજબ વગર અચકવે સડસડાટ તે પેલી અંધેરી ચાલમાં ઘુસી આગળ વધ્યો; પણ કોઇના બોલવાનો સાદ સાંભળી તે એકદમ ઊભો રહયો. તેણે નિગાહ પહોંચાડી નઝર ખેંચી જે તર્ફથી આવાઝ આવ્યો હતો તે તર્ફ જોયું તો એક દરવાઝો દેખાયો. તે દરવાઝાની ફાટપર કાન લગાડી અંદરના બોલનારાઓની વાત સાંભળવા લાગ્યો. સર્વથી પહેલા શબ્દો જે તેને કાને પડયા તે નિચે મુજબ હતા:—

"તમે વેષધારી દસ્તુર છો એમ તે ચેતી ગયો હતો એમાં તો શક નથી; પણ તમે જેહાંગીર દોટીવાળા કે કોઇ બીજા તે તેણે જાણ્યું હશે કે નહીં તે કહી શકવું મુસ્કિલ છે."

ઉપલું બોલનાર લુચ્ચો ફતેહ સુલતાન હતો એમ તેના આવાઝ પરથી નઝીરે જાણી લીધું.

ઉપલી બીનાથી ઝાહેર છે કે ઢોંગી બુઝોર્ગ છરાની મુએદના વેષમાં ઉકકરજીની પેઢીનો જેહાંગીર દાટીવાળો હતો, અને બદમ્આશ ફતેહ સુલતાન સાથે છુપો મશ્વેરો કરવા ત્યાં આવેલો હતો. ખરેખર આ એક અગતની બાતમી મળી હતી.

"ઉકકડજીની પહેડીનો એક અહલેકાર ફતેહ સુલતાન જેવા એક લુચ્ચા જુગારખાનાવાળા સાથે વ્યવ્હાર રાખે અને તેબી આવી છુપી રીતે?" નઝીરએગે વિચાર્યું. "બેશક દાળમાં કાંઇ કાળું જણાય છે. જે ગંભીર ગુનાહનો ટોપલો જીમી પટેલ પર આવી પડયો છે તેમાં આ કોરગાઓનો ઝુરૂર હાથ હોવો જોઇએ."

પેલા બદમ્આશો બીજું શું વધુ બોલે છે તે સાંભળવા વધારે આતુરતાથી તેણે કાન લગાડયાં.

"મારી ખાતિર જમે છે કે તે બદબખ્તે મને પીછાન્યોજ નથી." પૂર્ણ વિશ્વાસથી જેહાંગીર બોલતો સંભળાયો.

"અરે પણ તમારી ખાતિર જમે કેમ થઇ." બીજા બદમ્આશે પુછ્યું.

"કારણ કે જો તેણે મને પીછાન્યો હતે તો ઝુરૂર તેનાં ચહેરા પર જે ફેરફાર થતે તે હું જોયા વગર રેહતેજ નહીં; પણ એ કોઇની શોધમાંજ આવી મુવેલો હોવો જોઇએ."

"એ તો પેલા જીમી પટેલનીજ શોધમાં આવ્યો હતો. અને તેનું કારણ સમજવુ સહલ છે. આજે સ્હવારે ઉકકડજીની પહેડીપર હું ધાંધલ કરી ગયા પછી તમેજ શેઠને સમજાવ્યું કેની કે હું તો

જુગારનું કર્જ વસુલ કરવા આવ્યો હતો? તે પરથી સુધાર લઇ એ આવેલો હોવો જોઇએ અને તેથી જીમીની શોધમાંજ."

"વાત તો ખરી" જેહાંગીર બોલ્યો. "પણ મને વહેમ છે કે એ બોંસ્યુ જીમીને ગુન્હેગાર માનતો નથી—બલ્કે બીજાંઓના કારસ્તાન છે એમ એ માનતો લાગે છે."

"પણ એમ માનવાનો સબબ?" સુલતાને પુછયું

"સબબ એજ કે તે એક બાહોશ આદમી છે. કોઇબી એક વાત પર દોરવાઈ નહીં જતાં ચાર ગમ લાંબી નઝર કરી પુરતા ગઓર પછીજ તે કામ કરે છે." જેહાંગીરે કહયું

"શું મારી પર બી તેનો શક હશે?"

"હું ધારૂં છું કે, હા."

"પણ તે કાંઇબી સાબિત કરી શકવાનો નથી."

"તેની તમને શું ખાતરી?"

"જીમી પટેલને શોધી કહાડયા વગર મારી સામે શું સાબિત કરવાનો હતો." સુલતાન બોલ્યો.

"અલબત્તા, હું બી કહી નહીં શકતો કે તેના હાથમાં કેવા મુદા હશે."

"જયારે તે જાણશે કે જીમી પટેલ પુણે ગયો નથી પણ અહીંજ કેઠે છુપાઇ બેઠો છે, તો તે સુરતમાં બધું કામ છોડી તેનીજ શોધમાં મંડેલો રહેશે."

"બનવા જોગ છે; પણ તે કયારે કે જ્યારે તમારીપર એનો શક નહીં હોય." જેહાંગીરે સમજાવ્યું. "પણ એક ચીઝ તો ચોકકસ છે; અને તે એકે જીમીનો પત્તો તેને કદી મળનાર નથી."

થોડીક પળ સૌ શાંત જણાયું–કારણ કે વધુ વાતચીત સંભળાઇ નહીં; પણ નઝીર ઉંડા વિચારમાં પડયો. જે કામ તેણે માથે ઉઠાવ્યું હતું તે દર પળે વધારે અઘરૂં ને વધારે ગુંચવણ ભર્યું થતું ચાલ્યું હતું. પણ શુરૂઆતમાંજ સારા સગન થવા હતા. હમણા સુધીમા જે શોધ તેણે કરી હતી તે માટે પોતે પોતાને મુબારકબાદી આપવા લાગ્યો. એજ મુજબ જો તે કામયાબ થતો રહે તો ધારવા કરતાં ઓછા વકતમાં ફતેહમંદ છેડો આવ્યા વીના રહે નહીં.

પણ કેટલાક મુકદમાઓ જે શુરૂઆતમાં ઘણા સહલ દેખાય છે તે ઘણા અઘરા અને પેચીદા સાબિત થાય છે.

વળી પાછો કોઇનો આવાઝ સંભળાયો. પહેલો બોલનાર જેહાંગીર હતો. તે બોલ્યો: "સારૂં થયુ કે કેટલાંક કારણોસર, પેલો નાપાક નઝીર આવ્યો ત્યારે હું હાઝર હતો."

"એટલે તમે નહીં હતે તો શું થતે?"

"શું થતે? વળી તમે કાંઇ ભાંગડો વાટી દેતે."

"અરે તમે બી શું મને છેકજ ઓડાની સમજોછ? હું સાધારણ વાતચિતમાં કોઇના હાથપર વેચાઉ એટલો અન્નાડી તો નથીજ."

"તેથીજ આપણુ વચ્ચે ઓળખાણ હોવાનું કબુલ કરી દીધું કે?"

"અરે! પણ તે કમબખ્ત એવી ઢબથી બોલ્યો કે હું એમજ સમજ્યો કે આપણુ વચ્ચે વ્યવહાર છે તે તે સારી પેઠે જાણતો હોવોજ જોઇએ; નહી તો બંદો શું તેના હાથપર વેચાય?" સુલતાને ડફફાંસ મારી.

"મારા સાહેબ એટલુંબી નહી સમજ્યા કે તમને દાવમાં ફસાવવા તેણે જાલ બિછાવી હતી."

"હા, ખરેખર એમજ હશે! હવે મને સમજ પડતી જાય છે. આયંદાથી હું ખુબ હોશયારીમાં રહીશ. વળી કોણ જાણે 'તેરા કુત્તા મેરી કુલ્હાડી લાયા' જેવું બહાનું કહાડી શું ઢોંગ લઇને આવશે?"

"હવે તો તે મારી પુઠ પકડશે." જેહાંગીર બોલ્યો.

"તમને શોધવા અહીં નહીં આવે તેમાંજ તેની ભલાઇ છે. વરના અગર તે પોતાને હયદરાબાદી કહેવાડે છે તો બંદોબી દહેલીવાન છે."

"તમે તો મુંગાજ મરો! મારાં ગનમાં એક જણ છે તેની માફક વગર પૈડાંની હાંકવા જાવો તેજ નો! ડરવાયા તમે! પણ વારૂ હવેનો તે અહીં આવે તો તમે શું કરો?"

"વાહ માશાઅલ્લાહ! કેવો સવાલ? મારા બાપદાદા અકબર બાદશાહના ઝમાનાથી સીપાહગિરીમાં નામવરી મેળવી ગયલા, શું તેમનો નબીરો હું ફતેહસુલતાન એક દખની હાડપીંજરથી ડરી જઇશ

વલ્લાહ! મારી પીસ્તોલની ગોલીઓથી તેના નાપાક શરીરને ચાળણી નહી બનાઉં તો મારૂં નામ ફતેહ સુલતાન નહી."

ઉપલું તે એટલા જુસ્સાથી બોલતો સંભળાયો કે અગર નઝીર તેના હાથપર સપડે તો પોતાનું બોલેલું બજાવીનેજ છોડે. પણ તે સાંભળી નઝીર તુચ્છકારથી મુંછમાં હસ્યો. એવી એવી ધમકીઓ તો તે રોઝ સાંભળતો હતો. મોત સાથે લડવાનો ગોયા તેનો તો ધંધોજ હતો.

"પણ છુપી પોલીસના એક અમલદારને રસ્તે લગાડવાનો રસ્તો તમે ધારો છો એટલો સહલ ને સસ્તો નથી મીઆં. પહેલાં તમારી ઝિન્દેગીનો વીમો ઉતરાવજો. એ કેટલું જોખમભર્યું કામ છે તેની ખબરણી છે?"

"પણ આપણને તે ગુન્હેગાર સમજતો હોય તો તેને જીવતો રહેવા દેવો વધારે જોખમભર્યું કામ છે. આયા ખિયાલે શરીફમેં?"

"હા; વાત કાંઇ ધ્યાનમાં ઉતરેછ ખરી" જેહાંગીરે કહ્યું.

"અને તેથીજ બેમાંનો ઓછો જોખ ખેડવાનું પસંદ કરૂં છું" સુલતાન બોલ્યો.

વાંકો વળી સાંભળતાં સાંભળતાં નઝીર કંટાળી જવાથી બીજો કાન બારણાં સાથે લગાડી ઝરા તટાર ઉભો રહેવાના વિચારથી સ્હેજ બાઝુએ હટવા જતાં તેના પગ સાથે કોઇ ચીઝ અથડવાનો આવાઝ થયો તે સાંભળતાંજ તેના ટાંટયા ધ્રુંજ્યા. તેજ પળે ઓરડામાં ભરાયલા બન્ને બદમ્આશો પણ કાંઈ ગભરાટમાં બોલતા અને પેલા દરવાઝા તર્ફ ધસી આવતા સંભળાયા.

નઝીરે જોયુ કે પોતે ભય ભરેલી હાલતમાં હતો. બબ્બે દુશ્મનો સાથે લડવાનું હતું, અને તેમી તેમના દોઝખી ગુફામાંજ ! ગોયા મૌત સાથે લડવાનો વક્ત આવી પહોચ્યો હતો. મઓકકો ઘણો તંગ હતો.

બેજ રાસ્તા ખુલ્લા હતા. યાતો પેલા બદમ્આશો સાથે જંગમાં ઉતરવું યા પોતાની સલામતી સારૂં ત્યાંથી ફરાર થવું: પણ તેમ કરતાં જો પેલો બદમ્આશો પૂઠ પકડે તો તેઓની સામે થવું.

બીજો માર્ગ એખ્ત્યાર કરવાનું તેણે પસંદ કર્યું, કે જે સુરતમાં યા તો સલામત જાય યા કામ પડે તો પેલા બદમ્આશોને પોતાની બહાદુરીથી છકક કરી શકે. તે છલંગ મારી ઉઠયો અને દસ મીનીટ પહેલાં જે અંધારે રસ્તેથી આવ્યો હતો તે રસ્તે દોડવા લાગ્યો. તે બીજા કમરામાં પુગે તે પહેલાં પેલા બન્ને ગોઠયા દરવાઝો ખોલી બાહેર પડી ચુકા હતા. બીજા કમરામાં પુગતાંજ સમયસુચકતા વાપરી નઝીરે તેનું બારણું બંધ કરી ઝનજીર ચહડાવી દીધી.

ઉપલું કામ એટલી ઉતાવળમાં કરી નાંખ્યું કે ગમે એટલાં ઝોરથી દુશમનો પુઠે દોડતા હતા તે છતાં તેઓ તેને પકડી શકયા નહી. ને બંધ બારણા સાથે જઇ અથડી પડયા તે સાથેજ તે બારણું ભાંજવા મંડી ગયલા જણાયા; પણ તે અસલી વકતનાં દલદાર દરવાઝાએ તેઓને દાદ આપી નહીં. નઝીર તો જીવ લઈ તે ઓરડામાંથી બીજે બારણે બાહેર પડી જે છુપા દાદરથી ઉપર આવ્યો હતો તે પરથી નીચે ઉતરી પડયો; ભોંય તળીએ પગ મૂકતાંજ વળી પેલી અમાસનો ચંદ્ર છોકરી સામી ગળી.

"તેઓએ મને શોધી કહાડયો છે ને મારી પુઠ પકડી છે; ચલ સરક છોકરી મને જવા દે." ઉતાવળમાં નઝીર બોલ્યો.

"તમે આ રસ્તે શું કામ આવ્યા; અહીંથી છટકવાનો કોઇ માર્ગ નથી." પેલી હબશી છોકરીએ કહ્યું.

"તેનો સબબ બનાવ બન્નાસની બાલા, નહીં તો હમણા તુને કયદ કરી જઇશ." પોતેજ દુશ્મનોનાગારમાં કયદ પડેલો છતાં તેણે દમ કરયો.

"સાહેબ સામે દેખાતા દરવાઝાને કુફુલ લગાડેલું છો"

"તો તેની કુંચી કયાં બળીછ ?"

"બેગમ સાહેબ પાસે."

"એ તારી બેગમ સાહેબા કોણ મુઇછ ?"

"વળી કોણ ? ફતેહ સુલતાન સાહેબનાં બીબી."

"પણ તે કયાં ગગડેલી છે ? એક પળ પણ ખોવાનો વકત નથી; જલ્દી જઇને કુંચી લાવ." એમ કહી પેલી કવ્વાપરીની ગરદનમાં હાથ આપી તેણીને હડસેલી, તેજ પળે માળપરનો બંધ કરેલો દરવાઝો ભાંગીને પડતો સંભળાયો, અને નઝીરે જાણ્યું કે દુશ્મનો સાથ હાથોહાથ થવાની ઘડી આવી પુગી હતી, સિવાય કે તેની સામેનું બંધ બારણું વકતસર ખોલવામાં આવે.

પેલી હબશન તો ધાસ્તીથી ધ્રુજવા લાગી. તેણીની જગે કોઇ આજ કાલની ફેશનેબલ પારસી મડમ હતે તો બેશુદ્ધ બની પડતે; બલ્કે હયબતથી 'હાર્ટ ફેલ' થઇ સ્વધામ પહોંચી જતે. પણ હબ-

શાનના મુલ્કની કાળી મડમ તેટલી નાજુક નહીં હતી—તે છતાં આખેર કરેને એક અઔરતજ કેની? પોતા તર્ફ ચળકતી પીસ્તોલ તાંકી નઝીરબેગને ઉભેલો જોઇ કાપતી હતી તેને ફરીથી તેણે કહ્યું કે 'કાંઇબી કરી કુંચી લાવ, નહીં તો આ દોઝખખાનામાંથી બાહેર નિકળવાનો કોઇ સલામત રસ્તો બતાવ; જો આવતી કાલનો નુરમંદ ખુરશેદ જોવા ચાહતી હોય તો એટલું કામ જલ્દી બજાવ."

તેની રાહનુંમા પોતાની પાછળ આવવાનો ઇશારો કરી ઝડપથી ચાલવા લાગી, કે એક પળ પણ આનાકાની કર્યા વગર તેની પુઠે ધરયો. જે કયદે બલામાં તે ફસેલો હતો તેથી વધારે ભયકર કયદખાનામાં તો તે જતો નહીંજ હશે એમ તે માનતો હતો.

બન્ને ગાંડા હાથી મિસાલ આગળ પાછળ જોયા વગર ધસારાબંધ જતાં હતાં; આખીરશ એક દાદરને મથાળે જઇ તેઓ થોભ્યાં. તે દાદર પરથી એક અંધેરા ગારમાં ઉતરાતું હતું. દેખાઇતી રીતે તે એક તહેખાનું-એક ભોંયરૂં હતું. નઝીર તેમાં ઉતરવાને ઝરા ડગમગ્યો, તે બોલ્યો:—

"અય કમબખ્ત, મને તું કયાં લઇ જવા માંગે છે?"

"તહેખાનામાં." પેલી છોકરીએ નીર્દોષ દેખાવે કહ્યું. "તેની બીજી બાઝુપર એક દરવાઝો છે જેને કુફ્લ નથી, અને......."

પણ વધારે વખત ગુમાવવાનો મઓકો ન હતો. તે પેલી હબશનનું વધુ સાંભળવા થોભ્યો નહી અને તેણીને આગળ વધવાની ઇશારત કરતાં તેણીએ પેલા અંધેરા ગારમાં ઉતરવા માંડયું તેની પાછળ નઝીર પણ ઉતર્યો.

દાદરનું દરેક પાટયું ઝમાનાની ગરદિશથી આવી રહેલું હતું—તે પરથી 'દાદાર, દાદાર' કરતાં નીચે પહોંચી જોયું તો જે બારણું કુફલ વગરનું મેરાયરે જણાવ્યું હતુ તે તો બંધ! પણ નહી; મેરાયર ખરૂંજ બોલી હતી. તેનો અડગરો ફેરવતાં તે દરવાજો ખુશાલી વચ્ચે ખુલ્લી ગયો, પણ રસ્તાની ખુલ્લી રોશની અને સાફ હવાને બદલે બીજો એક ઓરડો જણાયો કે જેમાં બે નાની બારી વાટે રોશની આવતી હતી. તે ઓરડો જોયા મેળે બાવરચી ખાના તરીકે વપરાતો હોવો જોઇએ કારણ કે તેમાં ચુલ્લાઓ તથા રાંધવાનાં વાસણો હતા. ત્યાં બીજો કાંઇ સરસામાન નઝર નહી પડતો હતો. ઉપર કહેલી એ બારીઓની વચ્ચે એક બારણું હતું જે અલબત્તા બાહેર રસ્તાપરજ ખુલતું હોવું જોઇએ. આતુરતાથી તેનો અડગરો નઝીરે ફેરવ્યો, ને બીજી પળે કપ્પાળ કુટયું; કારણ કે તે બારણાંને પણ તાળું મારેલું હતું! તે ગુસ્સાથી પેલી હબશી છોકરી તર્ફ ફરી બોલ્યો "હા! મને ફસાવ્યો છે; હું ધારતોજ હતો કે આ ગારમાં ગિરિફતાર થવાનો સંભવ હતો તેમજ બન્યું છે. પણ પાક ખુદા મહેરબાન હશે તો દુશ્મન કદી ફાવશે નહી."

"આપને ફસાવવાની કે ગિરિફતાર કરવાની તમારી બાંદીએ બિલ્કુલ કોશીશ કીધી નથી, તેનો અલ્લાહ ગવાહ છે," મેરાયર બોલી

હવે પોતાના હરીફોનાં પગલાં ઉપલા મજલાપર પરગરાં નઝીરે સાંભળ્યાં. દરેક પળે તે ડરામણા ગારમાં તેઓનાં આવી પુગવાની વકી હતી. મોઆમેલો દહેશતનાક હતો. એકેક પળ કીમતી હતી. "કાંઇ બીજો સલામત રસ્તો નથી?" આતુરતાથી નઝીરે પુછયું.

"જીહાં; એક છે." તેણીએ જવાબ દીધો.

"ત્યારે પત્થરનાં પુતળા મિસાલ મુંગી કાં મરી રહીછ! બીજો કોઇ દરવાજો હોય તો બતાવ મને."

"દરવાજો તો નહી પણ દરીચો છે."

"દરીચો? ખરેખર એક કરતાં બબ્બે બારીઓ મઓ છે તેનો લાભ મારે કાં નહીં લેવો જોઇએ?"

"નહીં જનાબ એ બારીઓ નહીં; એમાંથી આપ સટ શકશો નહીં."

"તો તું કંઇ બારી વિષે બોલી તે જલ્દ બતાવ"

"જો હુકમ ખુદાવન્દ." હાથ જોડી સરનમાવી તે બોલી.

વળી તે છોકરીએ પેલા અંધેરાં ભોંયરાંની બીજી તર્ફ ચાલ માંડયું. નઝીર વિચારમાં તેની પુઠે ગયો. તે ભયંકર ભોંયરાંને ઇ બીજે છેડે એક દરવાજો દેખાયો. મરાયરે તે ખોલ્યો, તો સામે ર લાંબી ચાલ જણાઇ. હજી તેઓ આગળ વધ્યાંજ ગયાં. વળી બીા બારણું નઝરે પડયું, તે ખોલતાં વળી થોડીક સાંકડી સીડીઓ જણ તે પરથી તેઓ અંદર ઉતર્યાં. ત્યાં અંધકારનું રાજ્ય હતું—ખરેખ દોઝખી ગાર હતો. ત્યાં નઝીરે જોયું કે હવે તે પુરો ફસ્યો હ હમણા લગી જેને તહેખાનું—ભોંયરૂં—સમજ્યો હતો તેથી બી : અંધેરી ગાર વધારે ઊંડી ઝમીનનાં તળીઆમાં હતી. જીવતો કબ્ર દફન થવા જેવી હાલત હતી.

"અહીં કોઇ રસ્તો જણાતો નથી—હોય તેમ લાગતું નથી. છો! મને તો લાગે છે કે તું દગો રમી રહી છે!"

પાસેથી પસાર થતાં કોઇના પોશાકનો સનસનાટ સંભળાયો, પણ પોતાના સવાલનો કોઇ જવાબ મળ્યો નહીં. હવે તે વધારે મુતશક્કી બન્યો–તેનો વહેમ વધ્યો.

"છોકરી, તું કયાં છે?" અંધેરામાં ટટોસતાં તેણે પુછ્યું.

પણ છોકરી કોણની ને વાત કોણની! સઘળું સુનસાન સ્મશાણ! તેના સવાલનો જાવબ ચુપકીદીએ આપ્યો!

સિંહ જેવો બહાદુર હવે ખરેખર દુશ્મનોની ગારમાં ગિરફતાર બન્યો હતો. તેની ઝિન્દેગીમાં પહેલીજવાર ધોકામાં આવ્યો હતો. તે દુશ્મનોને હાથ માત થયો હતો એમ તેણે માન્યું. તેણે જે માર્ગ એખત્યાર કર્યો હતો. તે ઘણીજ સાવચેતીથી કર્યો હતો, એથી વધારે તે કાંઇ કરી શકે એમ હતુંજ નહીં. મરાયર જેવી એક નાદાન બેવકુફ હબશી છોકરી તેના જેવા એક બાહોશ જેહાં દીદા કારઆઝમુદ આદમીને બનાવી કહાડે એવો વિચાર પણ તેને બેહુદા લાગ્યો. હજી પણ તે એમજ માનતો હતો કે તેની રાહબર મરાયર તેજ સિવાહ ગારમાં મઓજુદ હતી. તેણે કેટલીક વખ્ત નરમીથી તેમજ ગરમીથી હાંક મારી પણ જવાબ નદારદ! જાણે ભોંય ફાટી તેને નિગળી ગઇ હોય તેમ તે ગ્આદમ થયલી–ગુમ થયલી જણાઇ. એમ તો નહીં હોય કે આપણા સિંહને પાંજરામાં સપડાવી પોતાના શેઠને ચેતાવવા કોઇ છુપે રસ્તે છટકી ગઇ! એ સિવાય બીજું અનુમાન કહાડી શકાય એમ ન હતું. વળી કેટલાક હરીફનો મુકાબેલો કરવો પડશે તેબી ચોકકસ ન હતું.

ગમે એવી દહેશતનાક હાલત છતાં નઝીર સ્હેજબી ડગમગ્યો નહીં. દુશ્મનોનો મુકાબેલો કરવો પડે તેનો મુઝાયકો નહીં, પણ જીવને જોખમે જે રસ્તે પેલી અંધેરીગારમાં આવ્યો હતો તેજ માર્ગે પાછા ફરવાનો તેણે વિચાર કીધો, અને તેજ પળે તેણે તે અમલમાં મૂકયો. અંધારામાં ટંટોસતો તે સીડીઓ ભણી ચાલ્યો. થોડેક દુર ચાલી તેણે કાંડી કહાડી સળગાવી, તેના ઉજાસથી તે તહેખાનાની હાલત સાફ જોઇ શકયો. નકકર પથ્થરમાં કોતરી કહાડેલું તે એક ભોંયરૂં હતું જે અસલ ઝમાનાની કારીગરીનો એક નાદેર નમૂનોજ હતો. આસપાસ, નીચે ઉપર બસ સિવાહ પથ્થરજ પથ્થર; અને તેબી એકજ અખંડ! આવવા જવાના સિર્ફ બે રાસ્તા નઝરે પડયા— એક તો જે સિડીઓથી ઉતરી તે અંદર આવ્યો હતો તે અને બીજો બરાબર તેની સામે એક દરવાઝો હતો. એક પળ નઝીરે વિચાર કીધો. જે માર્ગે તે આવ્યો હતો તે માર્ગે ઉપર જતાં દુશ્મનોને હાથ પડવા અને તેઓ સાથે હાથોહાથ લડવા જવા જેવું હતું. તેના કરતાં બીજો સલામતી ભર્યો રસ્તો લેવો તેને વધારે પસંદ પડયો. આ વિચાર સુઝતાંજ તે સામી બાઝુના દરવાઝા તર્ફ અંધેરામાંજ ચાલતો થયો. જ્યારે પેલા દરવાઝા આગળ પહોંચ્યો કે બીજી કાંડી સળગાવી. હર્ષિત બની અડગરાપર હાથ મુકી ફેરવ્યો અને દરવાઝાને હડસેલ્યો, પણ અફસોસ! બાહેરની બાઝુથી તે બારણાંને સાંકળ ચઢાવેલી હતી; એમ છતાં બહાદુર નઝીર હિમ્મત હાર્યો નહીં.

વરસો સુધી બંધ પડી રહેવાથી તે ધરખમ દરવાઝાને દીમક (ઊધઇ) લાગેલી હતી તેથી તે કડાકડી બિસ્કીટ જેવો બની રહેલો

હતો. અસલવારે જેમ હાથીઓ ટક્કર મારી દુશ્મનના કિલ્લાના દરવાઝા ભાંજતા હતા, તેમ આપણા શેર દિલ નઝીરે તમામ જોર વાપરી તે ઓસીદા (સડેલા) બારણાંને ઠેલતાં તેના પુર્ઝે પુર્ઝા થઇ ગયા. પણ તેણે શું જોયું? તે તો ઘરની બાહેર રસ્તાપર નિકળવાની પૂર ઊમીદમાં હતો તેને બદલે તો અંધકાર! ઊંબર ઓળંગવા પહેલાં તેણે કાંડી સળગાવી આ નવી અંધકાર વાળી જગાની તપાસ કીધી તો તેની અજાયબી વચ્ચે જોયું કે જે ભોંયરામાં તે ગિરિફ્તાર પડયો હતો તેવુંજ તે એક બીજુ ભોંયરૂં હતું- ફર્ક એટલોજ હતો કે તે વધારે મોટું હતું અને આદમીની ઉંચાઇથી વધારે ઉપર કેટલીક બારીઓ હતી. રાત પડવા આવેલી હોવાથી અલબતા તે બારીઓમાંથી કશી રોશની નહીં આવતી હતી. થોડાક લહેઝુના નામુમ્મુલ બાદ—થોડીક પળના વિચાર પછી નઝીરે બીજી કાંડી સળગાવી વધારે ચોકકસાઇથી તે ઓરડાની તપાસ લીધી, ખુશ થતો જણાયો. તેની ખુશાલીનું કારણ શું હતું? ઉંચાણમાં આવેલી બે બારીઓની વચ્ચે કેટલીક સીડીઓ નઝરે પડી હતી, જેને મથાળે એક નાનું બારણું હતું. વગર શકે તે બારણાંમાંથી બાહેર જવાતું હશે એવો ખિઆલ આવતાંજ નઝીરે પેલી સીડીઓ પર ચઢવા માંડયું. હરખ ભરેલે હઇડે તે મથાળે પુગી જુવે છે તો તે નાના દરવાઝાને અંદરથી સિર્ફ ઝન્જીર લગાડેલી હતી—તાળાં કે કળ જેવું કશું હતું નહીં. તે દરવાઝો ખોલતાંજ નઝીરે ખુલ્લી હવા દમમાં લીધી અને પાક પરવરદિગારની જનાબમાં શુક્રાના કર્યા, અને બીજી બે ત્રણ સીડીઓ ચઢતાં બાહેર રસ્તામાં પડયો.

કુંભારવાડાની સત્તરમી ગલીમાંથી તે ફતેહસુલતાનનાં જુગાર-

ખાંનામાં પેઠો હતો, પણ હવે તેણે જોયું કે તેની પાછળના બીજા મોહલ્લામાં તે નિકળ્યો હતો.

આસપાસ નઝર ફેંકતાં કાંઇ શક જેવું જણાયું નહીં, તેમજ કોઇ ભાડુતી વિકટોરીઆ કે રેંકલો પણ દેખાયો નહીં, તે લત્તાપર પહેરો ભરતા સિપાઇ દાદા પણ કોઇ પાનસુપારીવાળાને દુકાને બીડી ઓડવા ગયલા એટલે મયદાન સાફ હતું, તે તકનો લાભ લઇ નઝીરે ઉતાવળે પગલે ચાલવા માંડયું અને પોતાને મુકામે પહોંચી વકતસર રાતનું ભોજન લઇ આવતી કાલે શું કરવું તેનો વિચાર કરતો ઉંઘી ગયો. ખરૂં છે કેઃ—

'મહેર જેના પર હોય તે રબની તે કોઇથી ડરે નહી,
'આસ્માનથી ફેંકે નીચે પણ હરગેજ મરે નહીં.'

પ્રકરણ ત્રીજું.

એક નવી શોધ!

બીજે દીને બપોર પછી એક નવોજ સ્વાંગ લઇ મીરઝા નઝીર બેગ પોતાનાં મકાનની બાહેર પડયો.

આગલે દિવસે જેને એક મરકુટયાં સોરટયાં જેવા જવાન જેવો જોયો તે આજે ખાસ્સો માતેલા દુમ્બા જેવો, બર્ફ

જેવી સુફેદ દહાડીવાલો ડોસો બનેલો હતો. વળી તેણે ખોટા સુફેદ લાંબા વાળની ટોપી પહેરી આંખે આસ્માની કાચવાળો ચશ્મો ચહડાવ્યો હતો. વળી એક નાજુક 'વૉકીંગ સ્ટીક' તરીકે એક નકકર વાંસનો ટેકો લઇ તે ચાલતો હતો. નરો જાણે કોઇ નિર્દોષ પીરમર્દ! તેણે ઉકકડજીની પહેડીનો સીધો માર્ગ લીધો.

બરાબર પાંચ વાગવાની રાહ જોતો તે ધીમે કદમે આગળ વધ્યો ને વકતસર મઝકુર પહેડીના દરવાઝા આગળ આવી પહોંચ્યો તેજ પળે જેહાંગીર દોટીવાળાને બાહેર નીકળતો જોયો, કારણ કે તુર્તનીજ પહેડી બંધ કરવામાં આવી હતી. થોડેક છેટે જેહાંગીરને જવા દઇ તેને શક નહી પડે તેમ ચોકકસ અંતરે આપણા ધરડાજી-એબી તેની પર નઝર રાખી ચાલવા માંડયું.

જેહાંગીર આડે અવળે રસ્તે ભટકતો ભટકતો એક ઠેકાણે આવી ઉભો. આસપાસ નિગાહ દોડાવી એક ગાડી ભાડે લીધી ને તેમાં કુદી પડયો. બીજી પળે આપણા પીરમર્દબી એક વિકટોરીઆમાં ગોઠવાઇ આગળ જતી ગાડીની પુઠ પકડી. દસ મિનીટ પછી તે ગાડી એક નાની મારકેટ જેવી જગાએ ઉભી રહી. ડોસાજીએબી પોતાની વિકટોરીઆ થોડેક છેટે ઉભી રાખી તમાશો જોવા માંડયો. બે ત્રણ મિનીટમાં એક મોટી રામશ હાથમાં લઇ જેહાંગીર પાછો ગાડીમાં બેસી તે હંકરાવી ગયો. વિકટોરીઆવાળાને શક ન જાય એવા ખીઆલથી ધરડાજીએ છને જુદુંજ કારણ કહી ગાડી થોભાવી હતી; પણ જાણે હવે જરૂરત નહીં હોય તેમ પાછી ચલાવવાનો હુકમ કીધો.

એક ચોક્કસ મોહલ્લામાં દાખેલ થતાં જેહાંગીરની ગાડી ધીમી પડતી જણાઈ. ને મોહલ્લાનાં ઘરો ઘણાંખરાં એકજ ઢબની બાંધણીના અને એક માળવાળાં કે ફક્ત છાપરાવાળાં બેઠાં હતાં. આ વિચિત્ર મોહલ્લામાં એકજ કિસમનાં લોક વસતાં હોય એમ જણાતું હતું. દરેકના ઓટલાપર એકાદ પીઠું—કે મારવાડી અથવા યહુદીની નાની નાની દુકાનો નઝરે પડતી હતી. ઘરમાં દાખલ થવાનો દરવાજો હંમેશા બંધ જણાતો, પણ તે અંદરની બાજુએ ઉઘડતો હતો; તેના અડગરાને એક લાંબી દોરી બાંધી તેનો બીજો છેડો ઘરના કોઇ માંહેલા ભાગમાં રાખવામાં આવતો અને તેમાં એવી હિકમત વાપરવામાં આવતી કે બાહેરથી કોઇ બારણું ઠોકે કે તે અંદરના અણદીઠ હાથો વડે ખુલી જતું—બારણાં સુધી તે ખોલવા આવવાની કોઇને ઝુરૂરતજ નહીં. વળી માળપરની દરેક બારીપર પરદા નાંખેલા, સર્વથી અજાયબ જેવું તો એ હતું કે ઘણા ખરાં એવાં મકાનોની માલિક ઉમ્ર રસીદા—ઘરડી હુદયન કે મુકમોદન હોતી, ને તેમના ભાડુત? ખુદા ખબર કરે! પેલી દુન્યવી દેવીઓ, કમસમજ જવાનોની જવાની અને ઝર સાથે માન ઇઝઝતની બરબાદી કરનારી સુફેદ ચામડીવાળી ઝહેરી નાગનો મોટે ભાગે હતી, જેઓપર ઘરવાળી ઘરડીઓ એક કિસ્મનું રાજ ભોગવતી હતી. પણ આ ગલીઝ મોહલ્લાના વધારે ગલીઝ રહીશોનું ગલીઝ બયાન અત્રે મઓકૂફ રાખી આપણી વાર્તાનો તૂટેલો તાંતણો સાંધી આગળ વધીશું.

એક ચોક્કસ મકાન આગળ ગાડી ઊભી કરી જેહાંગીર રૂમાલમાં બાંધેલી રાગસનું પોટલું લઇ ઊતર્યો. અલબત્તા તે ત્યાં રહેતો તો હતોજ નહીં, પણ જાણે તે ઘરનાં આવવા જવાનો મોહાવેરો

હોય તેમ, તે અંદર ધુસતો જણાયો. નઝીર બેગ પણ ગાડીમાંથી ઉતરી પડયો હતો, તે જેહાંગીર જે ઘરમાં જતો દેખાયો હતો ત્યાંથી પસાર થઇ ગયો, અને થોડેક છેટે જઇ પાછો ફર્યો અને જાણે પોતાનુંજ મકાન હોય તેમ ઉપલાં ઘરમાં ધુસ્યો અને એક ચેલી જેવા હારબંધ ઓરડાઓ સામેથી પસાર થયો, અને એક ઓરડાનો ખુલ્લો દરવાઝો જોતાં વગર અચકવે તેમાં દાખેલ થયો, જે કોઇ શરીફ આદમીના રહેવાસનો ભાસ આપતો હતો.

જ્યારે તે કમરામાં નઝીર દાખેલ થયો ત્યારે ત્યાં કોઇ નઝરે પડયું નહીં. તેણે ઝડપથી આસપાસ નિગાહ ફેરવી તે જગાની તપાસ લીધી અને બાહેર નિકળી પડવાની અણીપર તે હતો એવામાં કોઈ તેની પાછળ ઉભેલું જણાયું. તુર્તજ પછવાડે ફરી જોયું તો એક પરી પયકર જવાન અબળા ઉભેલી!

પેલી અબળા આસરે એકવીસ વરસની નવજવાન હતી, અને રૂપે તો નરી જાણે ખુબસુરતીની રાણી! કહો કાગતમાંથી કાંઈ મણા નહીં. જાદુ ભરી હરણી જેવી મોટી ચળકતી ચશ્મો, પરવાલાં જેવા લબ, ગુલાબી ગાલ અને રૂપેરી ચળકતી બીજના ચંદ્ર જેવી પેશાની એક ઝાહેદનુંબી ચિત્ત ચોરવાને-તેનું દિલ આકર્શી લેવાને પૂરતાં હતાં આહા? તેની આખો અને કાળી નાગન જેવા વાળનો એક શાઅર કહી ગયો છે તેમઃ—

વોઃ ચશ્મ જિસ્કી ગઝબ હંય કાતિલ, કે જીસસે આહુભી શર્મગીં હય,
ફંસે હયં જીસમેં હઝારહા દિલ, બલાકી વોઃ ઝુલ્ફે અમ્બરીં હય"

*   *   *

"ચશ્મે સિયાહકે નિસાર કાલે હિરનકી આંખેં,
"ખુલે હય કબ તેરી આંખોકે રૂબરૂ કિસી ગુલબદનકી આંખે."
"હદફ જો તીરે નિગાહકા હોવે. આંખ તુજસે સનમ લડાએ,"
"કરે વોઃ ઝુલ્ફોંકા તેરી સઓદા જો આફતમેં જાં ફંસાએ."

તેણીએ જાલીની કુડતી અને તેવીજ પરવાનાનાં પર જેવી પાતળી સાડી પહેરેલી હતી. નરી જાણે ઇંદ્રની અપ્સરા હોયની!

તેણીએ નઝીરને જોઇને એક તિણી ચીસ પાડી, અને તેના ગુલાબી ગાલ ઝર્દ મારી ગયા.

"બીહો ના બાનુ" પેલા દેખાઇતા દોસાએ નરમાસથી કહયું.

"હું ઝરાબી બીહતી નથી" મધુર અવાઝે તે બોલી.

"મોઆફ કરજો બાનુ-હું ઘરડું માણસ ઘણે લાંબે વકતે આ મોહલ્લામાં આવ્યો તેથી ભૂલમાં એકને બદલે બીજાં ઘરમાં ઘુસી ગયો."

"હું સારી પેઠે સમજી શકું છું કે તમારી ભુલ થઇ છે." પેલીએ માયા ભર્યા સાદે કહયું. "આપ સાહેબ કોણ છો?"

"શહેરના આ ભાગથી હું બિલ્કુલ અજાણો છું, પણ મારો એક ઓળખીતો જવાન-એક પારસી જવાન અહીંજ કેઠે રહે છે, અને મને જે નિશાની મળી હતી તે મૂજબ આજ ઘર હોવો જોઇએ."

"બુઝોર્ગ મર્દ! આ તના તે ઓળખીતા પારસી જવાનનું નામ શું?"

ઝરા આનાકાની પછી આપણે જાણીએ છીએ તેમ બુઢો બનેલો મીરઝા નઝીરબેગ બોલ્યો:–"જેહાંગીર દોટીવાલા."

"ખુદા ખયર કરે!" પેલીથી બોલાઈ પડાયું. "તે ફિક્કી પડી ગઇ–તે ગભરાયલી જણાઇ.

"ખુદા ખયર કરે!" નઝીર બોલ્યો. "અય બકે મુનીર નાઝનીન, તમારા દુશ્મનનો મીઝાજ નાસાઝ છે કે આપની નઝદિક કોઇ સાંપ નઝરે પડવાથી ગભરાઇ ગયાં?"

"નહીં, નહીં; હું તદ્દન તંદુરસ્ત છું ને બિલકુલ બિધેલી નથી; પણ આપ ધારો છો તેમ જેહાંગીરજી નામના કોઇ પારસી અહીં રહેતા નથી. તમારી કાંઇ ભૂલ છે."

"એ પરિસ્તાનનાં ગુલ, ભુલ કે ધુળ જેવું કાંઇ નથી; હું ખાતરીથી કહું છું કે તે આજ મકાનના સાયા હેઠળ છે."

"ત્યારે શું હું જુઠ્ઠું બોલું છુ" પેલી અઓરતે ઝરા નયન ફેરવી કહ્યું. "મારૂં નહી માનવાનો કોઇ સબબ?"

"સબબ એજ કે મારી આ ધરડી આંખોથી સિર્ફ દસ લહેઝા પર તેને મેં અહીં જોયો.

પેલી જવાન સ્રી તો ઝંખવાણી પડી ગઇ. તે બે પગલાં પાછળ હટી ઉભી. અને હજી તો નઝીર કાંઇ વધુ કહે તેટલાં તેની નઝર કોઇ ચળકતી ચીઝપર પડી, જે કાંઇજ નહી પણ એક નાનકડી પીસ્તોલ હતી જે પેલી નાઝુક નારીએ પોતાની સાડી તળે સંતાડેલી ખેંચી કહાડી ઝેવરાતથી ભરેલા હાથમાં પકડી હતી.

"પીરમર્દ સાહેબ" તેણીએ ટકોર અને ગુસ્સાથી કહયું. "ચાલો વેકી જાઓ; મારા સવાલનો જવાબ આપો કે તમે કોણુ છો? અહીં તમારૂં શું કામ છે?"

સત્યાનાસ! બીજીવાર પોતાને એક પોટ્ટીને હાથ વેચાયલો નઝીરે પોતાને જોયો. આગલી રાત્રે એક નિર્દોષ અને બેવકુફ દેખાવની હબશી પોરીએ તેને ફસાવ્યો હતો અને આજે બીજી એક ખુબસુરત બલાની રૂબરૂ ઉભો હતો; પણુ તે સ્હેજબી બીધો નહી–તેની પુર ખાતરી હતી કે રમકડાં જેવી પીસ્તોલના બારથી તેને કશી ઇઝા થનાર ન હતી, તેથી તેણે સમયસુચકતા વાપરી તુર્ત સવાલ કીધો. "આપણી વાતચિત સાંભળી શકે એટલી નઝદિકમાં અહીં કોઇ છે કે?"

"કોઇજ નહી." પેલીએ ટુંકમાં પતાવ્યું.

"મને ધારતી છે કે મારૂં નામ મોટેથી બોલીશ તો કોઇ સાંભળી લેશે."

"એમ છે તો મારા કાનમાં કહો."

નઝીર બેગ છેક તેણીની નઝદીક ગયો અને તેણીના કાનપર પડયો અને તે શું કહેશે તે સાંભળવા પેલીએ આતુરતાથી ધ્યાન આપ્યું, તેજ પળે નઝીરનો ડાહવો હાથ શું કામમાં રોકાયલો હતો? અલબત્તા જમણા હાથમાં તો ઘરડાની લાકડી–પેલો બાંબુ હતો.

"મારૂં નામ મિરઝા નઝીર બેગ છે." એમ પેલીના કાનમાં કહેતાંજ ડાહવે હાથે તેણીના જે હાથમાં પિસ્તોલ હતી તે મઝબુતીથી પકડી લીધો.

નઝીર ઉપલાં કામમાં મશગુલ હતો તેજ પળે એક પિસ્તોલનો બાર થવા સાથે તેની જમણી બાઝુમાં જલન થવા લાગી. પહેલો ઝટકો લાગતાં તે સ્હેજ ચકભમ થયો પણ બીજીજ પળે પેલીને બાઝુમાંથી પકડી.

"કમીની કંગાલ! આ તારાં ઉછાછળાં પગલાંની મઆકુલ સઝા તને વેઠવી પડશે." તે બોલ્યો.

પેલી અઓરત ડોળા ફાડી જોવા લાગી-શું બન્યું હતું તેનું ગોયા તેને ભાનજ નહી હોય તેમ ડઘાઇ ગઇ—ધાસ્તીથી ધુજવા પડી. પછી હિમ્મત પકડી તે બોલી:—

"તમે શું કહેવા માંગો છો? પીસ્તોલનો બાર હરગીઝ મેં કીધો નથી."

"તો શું દોઝખમાંના દેવે કીધો? તું જુઠી છે યા હું ખ્વાબ જોઊં છું. પણ નહી, હું જાગૃત છું; જો તારી આંખે શું દેખાયછ?" લોહીથી ખરડાયલી પોતાની ઝખ્મી બાઝુ બતાવતાં તે બોલ્યો.

"પણ મેં એ બાર કીધોજ નથી." વધારે મકકમ સાદે ખાતરી પુર્વક રીતે તે બોલી.

"બોલ ત્યારે, કીઆ કાળા ચોરનું એ હિચકારૂં કામ છે? અહીં તો તારા ને મારા સિવાય કોઇ નથી."

"તે હું કહી શકતી નથી."

"તારી કિસમની અઓરતના બોલવાનો ભરૂસો શું! તેં મારો જાન લેવાની કોશીશ કીધી છે. અલબન્તા એ એક હિચકારૂં પગલું

હતું. લેકીન ખુબ યાદ રાખજે અય મક્કારા! કે તારી હુર જેવી ખુબસુરતીના ઇન્સાફના પંજામાંથી તુંને છોડાવી શકશે નહી. આવી ઊછાછળી રમત રમવા પહેલાં તારે વિચાર કરવો હતો કે કોણુ સાથે તુંને કામ પડયું છે."

"સાંભળો ત્યારે હું પાક રસુલનાં નામથી કહું છું કે મેં નહી પણ કોઇ બીજાએજ બાર કીધો છે. તે ખુની ગમે તે હોય, તેણે ઓરડાની બાહેરથીજ દરવાઝા વાટે તમો પર ગોળી છોડી હતી."

"પણ કોઇ સુબુત? તારી વાતનો શું વિશ્વાસ?"

"તમારી ખાતર જમે નહી થતી? તો લ્યો; આ મારી પિસ્તોલ કેવી ઠંડી છે અને વળી ભરેલી અમાનત છે." પેલી એ પિસ્તોલ નઝીરના હાથમાં મુકતાં કહયું.

નઝીરે ફેરવી ફેરવીને પિસ્તોલ જોઇ ખાતરી કરી લીધી કે તે પીસ્તોલ ભરેલીજ હતી. ત્યારે પેલી અઓરત ખરંજ બોલી હતી. તે વિચારમાં પડયો. પેલી સ્ત્રીએજ પિસ્તોલનો બાર કર્યો હતો એમ તે ખાતરીથી માનતો હતો, તેજ પળે તેની માન્યતા ખોટી પાડવાની શહાદત મૌજુદ હતી. એક રીતે દિલગીર તેમજ એક રીતે ખુશી પણ થયો. દિલગીર એટલા માટે કે ખરો ગુન્હેગાર હજી પોશીદા હતો, અને ખુશી થવાનું કારણુ એ કે ગમે તેવી નીતી રીતીએ હોય પણ પેલી નાઝુક ગુલબદને એવું નીચ કામ કર્યું ન હતું એમ ખુલ્લી રીતે સાબીત થયું હતું.

"તું કહે છે કે ઓરડાની બાહેરથી દરવાઝા વાટે કોઇએ બાર કીધો હતો?" તેણીનો હાથ છોડી દઇ નઝીરે સવાલ કીધો.

"જી હાં, જનાબ."

"અને કોણે તે બાર કીધો તે જોવાની તેં તજવીઝ કીધી હતી?"

"બેશક; પણ મને કાંઇ દેખાયું નહિ."

"ત્યારે તો આ મકાનની ઝડતી લેવી પડશે."

"મારો કમરો તપાસવાનો આપને પુરો એખત્યાર છે."

મીરઝા નઝીરે વમાસ્યું કે ખુન કરીને તેનું પરિણામ જોવા ખુની થોભે એ બનવા જોગ નથી; ખાસ કરી તેનો ભોગ જીવતો છે એમ જાણવા છતાં જીવ જોખમમાં નાંખે એવો તે બેવકુફ નહી હોય.

ઓરડાની બાહેરના લાંબા ઓટલાપર નિકળી તેણે ચોતર્ફ નઝર દોડાવી; જે દરવાઝેથી તે મકાનમાં દાખલ થયો હતો તે હવે પુરો ખુલ્લો હતો, જો કે નઝીરે તે સિર્ફ સ્હેજ ખોલ્યો હતો. ચાર પાંચ પગલાં આગળ ચાલતાં ઝમીનપર પડેલા કાગઝના એક પુર્ઝાપર તેની નિગાહ પડી કે જેની કોર બળેલી હતી. નઝીરે તે ઉચકીને વિચાર્યું કે જુની ઝાતની પિસ્તોલમાં કાગઝનો ડુચો મારવો પડે છે, તેમ આબી ડુચો મારેલાં કાગળનો બચેલો-બાર કરતી વકતે પિસ્તોલમાથી નિકળી પડેલો પુર્ઝો હતો. તેણે તે નકામાં દેખાતાં કાગળનાં ચિથડાંને ધ્યાનથી એક તર્ફ જોઇ લઇ બીજી બાજુ ફેરવી જોઈ. તે પર ઇંગ્રેઝીમાં સિર્ફ એક શબ્દ "ઝેસ્ટે" (zeste) લખેલો હતો. આ શબ્દોમાં અર્થ કે મતલબ ગમે તે હોય-તે માત્ર ચવડત્તાં આંગળાંનાં ચેડાં કે કોઈ પરવારતાં ભેજાંનું પરિણામ હોય, લેકીન તે મરોડદાર અક્ષર કાંઇ ઓળખાણમાં આવતા હતા; યા તો તે જીમી પટેલના યા

જેહાંગીર દોટીવાળાના હતા એમ નઝીરે વિચાર્યું. તે અર્થ વગરનો પરચો પોતાનાં ગજવામાં સંભાળથી મુકયો, કારણ કે ઘણીજ નજીવી ચીઝોપરથી મોટા મોટા ભેદો ખુલેલા હોવાનો તેને અનુભવ હતો.

વળી તેણે પેલી ખુબસુરત અઓરતને કેટલાક સવાલો પુછયા જેના જવાબમાં તેણીએ જણાવ્યું કે તે એક તવાયફ-એક ગાનારી હતી; તેણીનું નામ ખુરશીદજાન હતું, અને 'શરીફ' નાટક મંડળી'માં એકટ્રેસ હતી. તેણીએ એકરાર કીધો કે જેહાંગીર દોટીવાળાને તે જાણુતી હતી; તે જવાન તેણી પર અરધો ઘેલો બનેલો હતો ને તવંગર હોવાથી તેણીને ભેટ સોગાતોથી ખુબ નવાઝી નાંખતો હતો.

બધું સાંભળી લઇ મીરઝા નઝીર બેગે ધીમેથી કહયું કે "એ અણુજાણુ અઓરત, એબી તુને ખબર છે કે જેહાંગીર પર ચોરીનો ચાર્જ છે?"

તેણીએ કશો જવાબ દીધો નહીં, પણ બાહોશ નઝીર સમજી ગયો કે ઊકકડજીને ત્યાં થયલી ચોરી વિષે બધું નહીં તો થોડુંબી તેણી જાણુતી હતી. તેણીને ગિરિફતાર કર્યા વગર નઝીરબેગ તેણીથી છુટો પડયો, તે અગાઉ તેણીનો ચ્હેરો તપાસતાં નઝીરે જોયું કે પોતાના આશકને ગુનાહમાં સંડોવાયલો જાણી-ખાસ કરી તેનો ગુનાહ ઝાહેર થયલો-નઝીર જેવા ગુન્હેગારોના સરઝનેશ કરનારને જણાવલો જાણી દુ:ખી અને ફિક્રમંદ બની હતી. એબી એક ફ-તેહની નિશાની હતી-ગુનાહની ઝન્જીરની એક કડી હતી.

ખુરશીદજાન ગભરાટમાં પડી! તે ઝમાનામાં એકટ્રેસો પાછળ કમસમજ જવાનો બેવકુફ બની ખુવાર થવાની કાંઇ અજબ વાત

નહીં હતી, અને આજે બી તેવા જવાન બલ્કે ઝઇફ અક્કલહિણો નહીં હશે તેની ઝમાનત શું? જ્યારેબી કોઇ જવાનની ધર-પકડ થતી તો ખુરશીદજાન જેવીઓના જીવ જાન ઊડી જતા કે રખે તેનો આશક તેમાં સંડોવાયો હોય ને તે ખરાબીનાં મુળ તરીકે તેણીપર ધાડ આવે-તેની રૂસ્વાઈ થાય. ત્યારે ખુરશીદજાન ગભરાઇ તેમાં કાંઇ નવાઇ?

વરંડાપરથી પસાર થતાં નઝીર કાંઇ વાસ આવવાથી એકદમ ઉભો રહી ગયો. તાઝી મચ્છીનો તે વાસ હતો. હા, બરાબર! જેહાંગીર, રામસ લઇ ત્યાં દાખલ થયો હતો તેની યાદ આવી. એપરથી અનુભવી નઝીરે જે સાર ખેંચી કહાડયો તે એ હતો કે પોતાની મઆશુકાને ભેટ આપવા નહીં પણ તે ઘરની માલેક બુધીઆને ખુશ કરવા તાઝી તફડતી મચ્છી લાવ્યો હતો. સબબ, તે દદાને તેણે પોતાની મઆશુકાપર નિગાહ રાખવાનું તેણે સોંપેલું હોવું જોઇએ-ખુરશીદજાનપર એક જાસુસ તરીકે તેણીને રાખેલી હોવી જોઇએ. એવા કર્મ ફુટયા બેવકુફોને ખબર નહીં હશે કે:—

'મિથ્યા પ્યાર વિસાર યાર, ના રાખપ્રેમ પરનાર ઉપર
પર નારીના પ્યારમાં કંઇકો થયા ઘરબાર વગર.'

× × ×

'પ્રેમી ફુલ પરનારી પાછળ લાખો ભ્રમર ફર્યા કરે,
પરનારી તો પ્રાણ ધન્ય લાખો જણના હર્યા કરે.'

× × ×

'તન મન ધન અર્પણુ તું કરશે કે "મારી થશે"
જીવથી જશે કદી તું તો એ ન તે તારી થશે

× × ×

'પ્રાણને બતી સેવશે તો એ પ્રાણ નહીં પ્રાણી થશે,
તેમ ધન્ય તારૂં હરી તે જાણી અણુજાણી થશે;

રડશે પછી તું યાદમાં અંતે ધુળધાણી થશે,
એક તો પૈસો જશે બીજી જીવની હાણી થશે.'

"હા," નઝીરે વધુ વિચાર્યું કે "મચ્છી ધરવાળી દદાને સોંપી એ ઉલ્લુનો પઠો પોતાની મ્આશુકાની મુલાકાતે આવ્યો હશે, પણ મારો આવાઝ સાંભળી આગળી પાછળીનો વિચાર કર્યા વગર બેવકુફે ગુસ્સા અને અદેખાઇના આવેશમાં બાર કરેલો લાગે છે, જો કે દીન દીવાલે પિસ્તોલ સાથે આશનાઇ કરવી કેટલું જોખમ ભર્યું છે. પણ એના બાપદાદાનાં સવાબ આડે આવ્યાં હશે, કે કોઇએ પિસ્તોલનો આવાઝ નહીં સાંભળ્યો." અને તેનો એક સબબ પણ હતો. પાસે-નાજ કમ્પાઉન્ડમાં એક લાકડાંની વખાર હતી જ્યાં સંખ્યાબંધ આરા-કશો પાટીઆં વહેરતા હતા. એ વિષેની પોતાની ખાતેર જમા કરવા ધરની બાહેર પડતાંજ મોહલ્લામાં પહેરો ભરતા પોલીસના સિપાહીને પુછતાં તેણે ખાતરી આપી કે પિસ્તોલનો આવાઝ તેને કાને પડયોજ ન હતો. વધારે દર્યાફ્ત કરતાં તેણે જણાવ્યું કે ખુરશીદજાન હલકી ચાલચલનની અઓરત હતી; વળી તેણે વધુ એ જણાવ્યું કે જ્યારે તેની રાતપાલી હોય છે ત્યારે ખુરશીદજાનને પોતાની સાથે કોઈ નહીં

ને કોઇને મોડી રાતે નાઠકમાંથી ફરતી જોય છે—ખસુસ કરી મોટે ભાગે એક પારસી જવાન નઝરે પડે છે.

પોતાની ઉપર ખુનની થયલી કોશીશ વિષે મીરઝા નઝીરબેગે તે સિપાઇ આગળ મુદ્દલ વાત છેડી નહીં, કારણ કે તેનીપર જો જેહાંગીરેજ હુમલો કર્યો હોય તો તે પકડાયોજ નથી અને સલામત સટકી ગયો છે એવો હવાઇ ખીઆલમાં તેને ખુશ થઇ ગોતાં ખાતોજ રાખવાનું મુનાસેબ વિચાર્યું, કારણ કે સ્હેજ બી સણસારો મળતાં જેહાંગીર કેઠે પૈબારાં ગણી જાય તો તેને શોધી કહાડવાની નવી કડાકુટમાં પડવું પડે.

નઝીરે પોતાનાં ઘરની રાહ લીધી. રસ્તે ચાલતાં તેનો સઘળો ખીઆલ પેલા કાગળના ટુકડાપરના ભેદી શબ્દપર રોકાયલો હતો. તે પોતાનાં ઘરને આંગણે આવ્યો ત્યાં લગી તેનો અર્થ કે ભેદ ઉકેલી શકયો નહીં. છેક છેલ્લી ઘડીએ વિજળીક વિગે કાંઇ વિચાર આવી જતાંજ પાસેની પોલીસ ચોકીપર ઉતાવળે ગયો, અને ત્યાં પોતાની ઓળખ આપી ટેલીફોન બૉકસમાં ભરાયો, ને મી૦ રોમર સાથે જોડાણ મેળવી કહયું "મીસ્તર રોમર તમે પોતે છો કે? હા! તો સાંભળો. મહેરબાની કરી તમે પોતે ભિકકડજી શેઠને મળી પુછો કે લુટાયલી તીજોરીપર જે ભેદી શબ્દવાળું તાળું માર્યું હતું તે ખોલવાનો છુપો શબ્દ "ઝેસ્ટે" (zeste) છે કે? માફ કરજો પણ કામ ઝુરૂરતનું છે સાહેબજી!

પાંચેક મિનિટમાં પાછી ઘંટી વાગતાં રીસીવર કાને લગાડી નઝીર બેગે સાંભળ્યું. જવાબ મળ્યો કે તેણે કરેલી અટકળ તદન

ભરી હતી, તે પરથી તે એવાં નકકી અનુમાનપર આવ્યો કે જેબી કોઇ ધણીએ પોતાની પિસ્તોલ ભરી તેને આ કાગળનો ડુચો માર્યો હશે તે ધણી તાળું ખોલવાના છુપા શબ્દથી વાકેફ હોવો જોઇએ અથવા તેને તે બોલ લખી આપેલો હોવો જોઈએ કે કામ પડે ત્યારે ભુલ નહી થાય.

"ત્યારે ઉકકડજીની 'તીજોરી' ફાડી નાણાં તફડાવનાર કોઇજ નહી પણ આ નજીવો દેખાતો પુર્ઝો ધરાવનાર આસામીજ હોવો જોઇ" નઝીર બેગ મન સાથે બોલ્યો, ને પોતાને ઘરે ગયો.

પ્રકરણ ચોથું.

ખુબ બજાવી?

મીરઝા નઝીર બેગ બીજી સ્હવારે ઊઠયો ત્યારથી આગલે દિવસે બનેલા બનાવપર ગઓર કરતો ઘરમાંજ રહયો હતો. તે કોઇ નવી યોજના શોધી કહાડવામાં ગુંતાયો હતો. સ્હવારની બપોર થઇ, બપોર પછી લગભગ સ્હાંજ પડવાનો વકત થયો પણ તે કાંઇ નકકી ઠરાવ પર આવી શકયો નહીં."

આસરે પોણા પાંચ વાગે કોઇ મળવા આવ્યું. તે મુલાકાતી શખ્સ કોણ હતો? દરવાઝા તર્ફ નિગાહ કીધી તો ઉકકડજીને ઉંબર ઓળંગી અંદર આવતાં જોયા. સબબ? તે અજબ થઇ દિલમાં

પુછવા લાગ્યો કે એમને આવવાનો સબબ? વળી વધારે અજાયબી તો એ હતી કે તેમનો ચહેરો ફિક્કો પડેલો હતો, આંખો વિચિત્ર રીતે ગમગીન દેખાતી હતી અને તેમના હોઠ અને હાથો ધ્રુજતા હતા.

તેવણ ઓરડામાં પગ મુકતાંજ બોલ્યા:-"સિતમ, ગઝબ!"

"સિતમ, ગઝબ! તેનો કાંઇ સબબ?" અજાયબીથી નઝીરે પુછ્યું. "આવો, આ કુરસીપર બેસો ને ધીરજથી કહો."

જાણે તાબેદારીથી હુકમ બજાવતા હોય તેમ એક કુરસીપર ઊકકડજી બેઠા, ને નઝીરે બીજી કુરસી નઝદિક ખેંચી તેપર પોતાની બેઠક લીધી.

"શહેરાં, મારી મા વગરની લાડકી બેટી શહેરાં-ગુમ થઇ ગઇછ! 'હમણાં'-'પછી'-'પા કલાકમાં'-'અરધા કલાકમાં' આવશે એવી ઉમીદમાં સ્હાંજ પડવા આવી પણ નહી શહેરાં કે નહીં કાંઇ તેની નિશાન."

"આપના સાહેબઝાદી ઘરમાંથી ગુમ કયારે થયાં?"

"આજે સ્હવારથી."

"ઝરા ખુલાસાથી હાલાત બયાન ફરમાવશોજી?"

"શહેરાંની આયા અમીનાના બોલવાથી જણાય છે કે કોઇ બુઝોર્ગ દેખાવના શખ્સે શહેરાંને નામની એક ચિઠ્ઠી તેણીને આજે સ્હવારે આપી, જે તેણીએ પોતાની બાઇને પહોંચાડી હતી. અમીના શહેરાંની પયદાશના દિવસથી મારે ત્યાં છે-ઘણી વિશ્વાસુ છે અને

મારાં કુટુંબનીજ એક હોય તેમ અમારે ત્યાંની દરેક વાતે વાકેફ છે; તે ધારે છે કે મઝકુર ચિઠ્ઠી જીમી—જીમી પટેલ તર્ફની હતી, તે વાંચતાંજ જાણે વારૂ આવ્યું હોય તેમ શહેરાં માળ પરથી ઝપાટા બંધ ઉતરી પડી અને એક પલકારામાં પેલા શખ્સે તૈયાર રાખેલી ગાડીમાં બેસી ગઇ અને અમીના કાંઇ પુછે તે પહેલાં તો તે ગાડી ગોયા તેણીની નઝરથી ગુમ થઇ ગઇ. પેલો ચિઠ્ઠી લાવનાર શખ્સબી કોચબાકસપર ચઢી બેટો હતો. અમીનાને કાંઇ અસાધારણ લાગું નહીં; તેણીએ વિચાર્યું કે કલાક અરધા કલાકમાં પાછી ફરશે, પણ હમણાં લાગી તેનો પત્તો નથી. એ વાતની ખબર એક કલાક અગાઉ હું પહેડીએથી ઘેર આવ્યો ત્યારે જણાઇ. મળે એટલી કેફીયત મેળવી મદદ માટે હું તમારી પાસે દોડી આવ્યો."

નઝીરબેગ એક પળ વિચારમાં પડયો.

"બેશક એમાં દગો રમાયો છે." તે બોલ્યો.

"દગો ?" અજાયબીથી ઉકકડજીએ પુછયું.

"હા સાહેબ, દગો." ધીરજથી બોલ્યો. "બનવા જોગ નથી કે જીમી પટેલ કોઇ ચિઠ્ઠી લખે."

"ત્યારે શુ તમે એમ ધારો છો કે મારી રાંક દિકરી દુશ્મનોના હાથમાં ફસી પડી છે ?"

"મને તો એમજ લાગે છે."

"ત્યારે ઊપાય ?"

"એજ કે તેને શોધી કહાડવી."

"અને એ કામ તમારા સિવાય કોણ કરશે?"

"આપ જાણો છો કે મારા હાથ બીજી ગમ રોકાયલા છે, તે છતાં કોઇ મદદ કરે તો બિસમિલ્લાહ! એમાંબી કોશીશ કરીશ."

"બીજું બધું જહન્નમમાં જવા દયો." ઉકકડજી ગુસ્સાથી બોલ્યા. "બળી ગયું બધું. મારી ગરવી દિકરી એક પળબી દુશમનોનાં હાથમાં રહે તે કરતાં મારી 'તીજોરી'નું તળ્યું સાફ કરનારા લુટારાઓ કદી નહીં મળે તે બહેતર. નઝીર બેગ સાહેબ, મારૂં એટલું કામ બજાવશો તો હું જાવેદાન તમારો અહેસાનમંદ રહીશ. મારી ખાતરી છે કે તમારેજ હાથે એ બિકટ કામ સરંજામે પહોંચશે. હિમ્મતે મર્દાં મદદે ખુદા!"

"બેશક તે બારી તઆલાજ કામયાબી બખ્શનાર છે, બાકી મુજ સરખા ખાકી ઇન્સાનથી શું બનવાનું છે? અલબત્તા, કુદ્રતી રીતે પોતાનાં પેટનાં બચ્ચાંને સારૂ આપ હદ બાહેર બેકરાર બની ઇન્તેઝારી દેખાડો છો. આપની સાહેબઝાદી ગુમ થઇ છે તેનુંબી કાંઈ કારણ તો હોવુંજ જોઇએ કેમકે કોઇ ચીઝ બેસબબ બનતી નથી. મારા વિચાર પ્રમાણે શાહેરાંબાઇને ઉંચકી જનારને પેલી ચોરી સાથે પણ સરોકાર હશેજ—યાને મારા વિચાર પ્રમાણે એકની શોધ કરતાં બીજેબી મળી જાય તો અજબ નહીં."

"હા, એમ બનવા જોગ છે; પણ તમે શાહેરાંને શોધી કહાડવા નીજ પહેલે કમર કસો—અને તેબી ફઉરન-એક પળ પણ ખોવા વગર."

"ઇન્શાઅલ્લા! કાંઇ બજાવીનેજ છોડીશ. મારે આયા અમીનાની

ઝબાની સાંભળવી જોઇએ, તેના બયાનપરજ પત્તો લગાડવાની કાંઇ ઉમીદ છે."

"ચાલો ત્યારે મારી ગાડીમાં બેસી જાવો." અધીરાઇથી ઉકકડજીએ કહ્યું.

મીરઝા નઝીરબેગ અને ઉકકડજી સરાફ પુર ઝડપથી "સર્રાફ મન્ઝીલ" તર્ફ હંકારી ગયા. ઘરમાં પહોંચતાંજ નઝીરને કિતાબખાનામાં બેસાડી અમીનાને બોલાવી મંગાવી. તે એક ચાલાક દેખાવની પાકટ અઓરત હતી.

"આજે સહવારે કોઇ ગ્રહસથ તારાં બાઇને સારૂ ચિઠ્ઠી લાવ્યા હતા તે તેંજ લીધેલી કે?" નઝીરે સવાલ કર્યો,

"જી હાં જનાબ." અદબથી આયાએ કહયું.

"તેમનો ચ્હેરો ગોરો કે કાળો હતો?"

"સહેજ સિયાહીપર માઇલ—ગોરા કરતાં કાળાસ પડતા રંગના વધારે દિસતા હતા."

"તેવણુનો આવાઝ?"

"તેમના બુઝોર્ગ દેખાવને ઝેબ આપે તેવો નર્મ!"

"બાંધો કેવો હતો. કદાવર કે મારા જેવા મુરદાલ છે?"

"અવસત—મધ્યમ કદો કામતના હતા ને છતાં સહેજ ઠીંગણા જણાતા હતા."

"આગળ તો કદી તેમને તેં જોયા નહીં હતા."

"જી, જોયા હતા એમ ખાત્રીથી કહી શકું નહીં લેકીન એમનાજ જેવી ઢબ—છબના કોઇ શખ્સને, કોઇ વકતે જોયલા જેવું લાગે છે, પણ તે કયાં અને કયારે તે કહી શકતી નથી." પછી ભિકકડજી તર્ફ ફરી બોલી. "સાહેબ. આપને યાદ છે? વરસો અગાઉ શહેરાં બાનુને હજી દાંત બી નહીં ફુલેલા ને જ્યારે હું તુરતનીજ આપને ત્યાં નોકરીએ રેહેલી ત્યારે એક સિયાહફામ શખ્સ વારંવાર આપની મુલાકાતે આવતો હતો?"

આ સાંભળી ઉકકડજીનાં કપાળપર કરચલી વળતી જણાઈ અને અજબ રીતે તેમની ચશ્મો ચમકવા લાગી.

"હા, તે મને યાદ છે—મારી ઝિન્દેગીભરમાં આ દુન્યામાં તેજ એક મારો કટ્ટો વેરી છે-તેજ એક નાતર્સ મારાં ખુનનો તરસ્યો વરૂ છે. જે આદમી વિષે અમીના બોલે છે તે એક વાર જવાનીમાં મારો હરીફ હતો. મોહબ્બતનાં જંગમાં તે મારો ગનીમ—મારો હરીફ હતો. બન્ને જવાનીના જોશમાં હતા. આકેબત હુંજ મુઝફ્ફર બન્યો—મારીજ ફતેહ—મારીજ જીત થઇ અને એ હારેલા આશકે મારીપર કીનો લેવાના કસમ લીધા. પણ મેં તે કમીનાનાં બોલવાની કશી દરકાર કરી નહીં; રફતા રફતા તેણે મારા ધધા રોઝગારમાં નુકસાન પહોંચાડવાની પયરવી કીધી. અલ્કે મને ખોટી રીતે બદનામ કરી મારી આબરૂને ઝાંખ લગાડવાની એ કમઝર્ફે કોશીશ કીધી. આ બધું એ મારી પીઠ પાછળ કરતો હતો, જો કે ઝાહેરમાં મારી સાથે દોસ્તીથી વર્તતો હતો, પણ એક દિવસ તેનાં પ્રપંચોનો ઘડો ફુટો, અને જીવ લઇ પરદેશ નાહશી ગયો. કેટલેક વરસે ખબર પડી કે ખોટે નામે

હયદરાબાદમાં રહેતો હતો જ્યાં દરેક રીતનું લુચ્ચપણુ કરી પોતાની પાપી ઝીન્દેગીને વધારે દોઝખી બનાવતો હતો. પાછળથી મેં એમ બી સાંભળ્યું હતું કે હયદરાબાદના અમીરોને ઠગી અથવા જુગારમાં હાથ મારી તે ગબ્બર બન્યો હતો. તે બાહોશ અને ચંચળ આદમી છે અને પોતાની હોશ્યારી અને ચાલાકી સમાર્ગે વાપરી હતે તો આજે તે એક ઇઝઝતદાર શહેરી બન્યો હતે.

"એ બદમઆશનું નામ?" નઝીરે પૂછયું.

"એદલ પાવરી." ઉકકડજી બોલ્યા.

"ઉમર?"

"લગભગ મારા જેટલીજ."

"મહેરબાની કરી ફરમાવશો કે આપની આયાએ આપેલી ઝબાની મુજબ સ્હવારે આવેલા શખ્સ અને એદલ પાવરીનું મળતાપણું કેટલી હદ સુધી ખરૂં છે?"

"સુફેદ લાંબી દહાડી અને બાલ સિવાય દરેક વાતમાં."

"હમણાં તે કયાં રહે છે તે જાણો છો?"

"લગભગ બે વરસ થયાં તેના વિષે મેં કાંઇજ સાંભળ્યું નથી."

પછી સ્હેજ વિચારી ઉકકડજીએ વધાર્યું. "પણ હું નહીં માનતો કે એ ચંડાળ કાળું મોહડું લઇને પાછો મુંબઇ આવ્યો હોય."

"હું આપ સાથે મુતફેક થઇ શકતો નથી—આપના મત સાથ મળતો થઇ શકતો નથી."

"શું ત્યારે મીરઝાં સાહેબ, તમે એમ સમજોછ કે મારી દિકરીને ઉડાવી લઇ જનાર મારો જુનો જાની દુશ્મનજ છે?"

"હું તો એમજ માનું છું; અને હું ચાહું છું કે એમજ હોય."

"તમે એમ કાંએ ઇચ્છો છો?" ઉકકડજીએ અજાયબીથી પુછયું.

"કારણ કે મારૂં કામ શુરૂ કરવાનું તે એક પગથ્યું સમજું છું."

ઉકકડજી ખામોશ બેઠા અને નઝીરે આયાને ફરી સવાલ કરવા માંડયા.

"સ્હવારે આવેલા ગ્રહસ્થ તેં જે શખ્સ વિષે કહ્યું તેની સાથે કંઈ બાબતમાં વધારે મળતા આવે છે?"

"જનાબ, બે મીનીટ તેવણને મેં ટિકીને જોયા નહીં તો પછી ચોકકસ રીતે કેમ કહી શકું? તા હમ કદો-કામતમાં તો કાંઇ ફરક લાગતો નહતો, બલ્કે આવાઝબી સ્હેજ મળતોજ હતો, અને ચાલવા હાલવાનો લેહકો તો હુ-બ-હુ પેલાજ શખ્સનો."

"વારૂં; જે ગાડી ઘોડો તે લાવ્યો હતો, જેમાં તારાંબાઇને બેસાડીને તે લઇ ગયો, તે ગાડીઘોડાની કોઈ ચોકકસ નોંધ નિગાહમાં રાખી છે કે?"

"બરાબર તે એક પાલકીરેકી ગાડી હતી."

"એવી તો સંખ્યાબંધ ગાડીઓ મુંબઇમાં ફરે છે; વારૂં, ઘોડાના રંગરૂપનું કાંઇ બ્યાન કરશે?"

"તે પંચકલ્યાન રંગનું અરબી જાનવર હતું; તે તુરકી ચાલનો તેઝરફતાર ઘોડો હતો."

'! શાહબાશ ! શાહબાશ!" નઝીર પુકારી ઉઠયો. "તું તો બડી ઘોડા પારખુ નિકળી! અને તેથી બી વધારે તારી ચાલાકી જોઇ હું નિહાયત મહઝુઝ—ઘણો ખુશ થયો છું. અગર તું ઇંગલેસ્તાનમાં રહેનારી ઇંગ્રેઝની હતે તો ઝુરૂર એક 'લેડી દિટેકટિવ' બનતે એવી તું ચોકકસ નઝરની છે."

પોતાની આવી ખોટી તારીફ સાંભળી અમીના શરમાઇને હસી, અને નઝીરે પાછા સવાલ કરવા માંડયા.

"અગર તે ગાડી ઘોડો પાછો નઝરે પડે તો ઓળખે ખરી કે?"

"એક લાખ ઘોડા ગાડીમાંથી ઓળખી કહાડું." તેણીએ ખાતરી આપી.

"જોઇશું; કામ પડવે ઇમતેહાન લેવાશે."

"અમીનાને રૂખ્સત કરી નઝીરે ઉકકડજી તર્ફ ફરી કહ્યું, "શેઠજી, આપની સાહેબઝાદીને દુશ્મનો ઉપાડી લઇ ગયા છે એવી વાત ઝાહેર કરશો નહીં. કોઇ પુછે તો ટુંકમા કહેજો કે તે પોતેજ પોતાની રાઝી· રઝમંદીથી ગઇ છે—અને તે ખોટું બી નથી. મારે માથે કામનો બોજો તો ખુબ આવી પડયો છે; જુદા જુદા બે મુકદમા હાથ ધર્યાછે તો ખરા, પાક ખુદા પાર ઉતારે. બે જુદે જુદે રસ્તે દોડવાનું છે, પણ અંતે તે બન્ને રસ્તા એકજ ઠેકાણે મળશે એવી મને આગાહી થાય છે; અને તે સુરતમાં ઇન્શાઅલ્લાહ એકલે હાથે બેઉ બાઝી જીતી જઇશ."

"પાક ખુદા કરે ને તમારી ઉમીદ બર આવે." ઉકકડજીએ દોઆ દઈ કહ્યું.

નઝીરબેગ ત્યાંથી રૂખ્સત લઇ રસ્તે પડયો. તે સીધો પોતાને ઘેર ગયો. એક કલાકમાં તો એક હબશીનો અવતાર લઇને પાછો રસ્તાપર દેખાયો. મોહરરમમાં મોહડે મેશ ચોપડી બને છે તેવો ધોતયાંવાળો શીદી નહીં પણ હબશાનથી ગઇ કાલેજ આવી ઉતર્યો હોય તેવો તે હબશી બન્યો હતો. તેણે વેષ ધારણ કરેલો કોઇ પકડી પાડે એવી તેને મુદ્દલ ધાસ્તી ન હતી. જાણી બુઝીને પહેલો તે ખુફીઆ પોલીસની ચૌકી આગળથી પસાર થયો લેકીન તેના હમપેશા અને હમનશીનોએ સારી પેઠે તેને જોવા છતાં ઓળખ્યો નહીં. ત્યાથી ચાલેલો તે એક તાડી ખાનામાં ઉતરી પડયો; ત્યાં અકસર મઓલા બખ્સો સ્હાંજને છેડે જમા થઇ મોડી રાત સુધી દરબારે આમ ભરતા હોવાથી સાદા ડ્રેસમાં કેટલાક ખુફીઆ પોલીસવાળા બધાપર ચોકસ નઝર ભેળાઇ ગયા હતા તેઓની ચગોર ચશ્મોમાં પણ નઝીરે ધૂળ છાંટી. કોઇ તેને પયછાની શકયું નહીં. તાડીની એક લુટયા લઇ જેમ તેમ અકેક ગોટ ગળે ઉતારી તે વકત ગાળવા લાગ્યો. આખરે જયારે ખુફીઆનો એક અમલદાર કોઈ શખ્સ સાથે આવી ચહડતાં એક તરકીબથી તેની આગળ જઇ નઝીરે પોતાની પીછાન આપી જણાવ્યું કે હજી તે ઊકકડજી સર્રાફને ત્યાંની ચોરીનો પત્તો મેળવવા પર રોકાયલો હતો પણ દરમ્યાનમાં નવી નવી પેચીદગી પેશ આવતી હતી–નવા નવા ગુંચવાડા ઉભા થતા હતા. તેણે કહયું "સાહેબ, હું તો આજ કાલનો આવેલો છું એટલે પૂરાણાં લોકોને બરાબર જાણતો

નથી, માટે મહેરબાની કરી જણાવશો કે એદલ પાવરી નામનો એક બદમઆશ પારસી કયાં રહે છે?"

પેલા અમલદારે પોતાનાં કપાળપર હાથ ફેરવી કહ્યું–"પાવરી પાવરી? પાવરી નામના ઘણાને હું જાણું છું. એ કુટુંબ કેટલાંક વર્ષોની વાતપર નવસારીથી આવ્યું હતું, અને તે કુટુંબના ચાર જણને હું જાણું છું. એક ઉતર હિંદુસ્તાનમાં કોઇ મીલમાં નોકર છે. બીજો ભોપાળનાં રાજ્યમાં ફોટોગ્રાફીનો ધંધો કરે છે. ત્રીજો આફ્રીકા ગયલો સંભળાય છે જ્યારે ચોથો ગામેગામ રઝળી રખડી વરસેક થયું પાછો અહીં આવેલો છે–જે બડો બદમ્આશ છે. તે મહાલક્ષ્મીના દર્યા કાંઠે એક એકાંત બંગલામાં રહે છે."

"આપનું અહેસાન માનું છું." એટલું બોલી તે તાડી ખાના-માંથી સટકી ગયો અને એક ભાડુની ગાડીમાં ઠરી બેસી તે મહાલક્ષ્મી તર્ફ હંકરાવી.

નિશાની આપેલા બંગલાથી થોડેક છેટે તે ગાડીમાંથી ઉતરી પડયો અને ચાલતો તે મકાનની સામે આવી ઉભો. તે એક બે માળનું સારા દેખાવનું ઘર હતું. તેને થોડેક છેકે દુર દુર બીજા બંગલાઓબી હતા લેકીન રાત પડી જવાથી–તેમજ અમવાસનો દિવસ હોવાથી અંધારાને લીધે રસ્તાપર કોઈ નઝર પડતું ન હતું. નઝીરે આસપાસના બંગલાઓના નફર ચાકરોથી દર્યાફ્ત કરતાં તે લત્તાપર પાવરી ઓખરવાળો કે એદલજી નામવાળો એકે પારસી રહેતો જણાયો નહીં, પણ પેલો બંગલો બતાવી તેના ધણીનું પૂછતાં એકકે આવાઝે તેનું નામ ગુસ્તાસ્પ ગાંધી જણાવ્યું. જે કોઇ ન જણાયલો ધંધો કરી ખુબ ધન મેળવતો હતો.

પણ એ ગુસ્તાસ્પ ગાંધી કોણ હતો? બારીકીથી તપાસતાં કોઇજ નહીં પણ અમીનાએ બયાન કીધેલો શખ્સ જે વરસો પહેલાં ઊકકડજીને ત્યાં આવતો જતો હતો તેજ—યાને એદલ પાવરી—એક મધ્યમ કદનો માણુસ કે જેનાં માથાંના બાલ અને થેબ્યા કાળા હતા,

વાળના રંગમાં કરેલા ફેરફારથી નઝીર છેતરાય એમ તો બનેજ નહીં. એવા ફેરફારની તો તેણે આશા રાખેલીજ હતી. વળી તેની એબી ખાતરી થઇ કે શેઠ ઉકકડજીનો જૂનો જાની દુશ્મન તેજ હતો.

નઝીર તે એકાત રસ્તાપર ટહેલવા લાગ્યો. એકાએક ભોંયમાંથી ફુટી નિકળ્યો હોય તેમ એક શખ્સ બરાબર તેની સામેથી પસાર થયો કે જેને ત્યાં જોવાની નઝીરને બીલકુલ વકકી ન હતી.

આ માણુસ પેલો જુગારી ફતેહ સુલતાન હતો.

નઝીર તેનીપર સિર્ફ નિગાહ નાંખીને ચાલ્યાજ કીધો જ્યારે બીજાએ તો તેને કોઇ રખડતો રઝળતો વટેમાર્ગુ સમજી તેની સ્હેજ પણ દરકાર કીધી નહીં. થોડેક છેટે જઇ તુરત નઝીર પાછો ફર્યો અને ગુશતાસ્પ ગાંધીના બંગલાની સામેનાં એક મોટાં વડનાં ઝાડની પાછળ એવી રીતે સંતાઇ ઉભો કે પોતે કોઇનીબી નઝરે પડયા વગર દરેક ચીઝ ચોકકસાઇથી જોઇ શકે. એક પળ પછી તેણે જોયું કે ફતેહ સુલતાન પલાં ઘરની સીડીપર ચહડયો અને બારણું ખખડાવ્યાં.

હવે મામલો ઝરા રસપર ચહતો લાગ્યો. ઉકકડજી સર્રાફને સતાવવા સારૂ કાવત્રું રચાયું હતું એમાં હવે તો શક લાવવાનું કશું કારણ બાકી ન હતું, અને તેનાં પરિણામમાંજ વિચિત્ર સંજોગો

વચ્ચે તેમને ત્યાં ચોરી થઇ હતી. એટલુંજ નહીં, પણ તેમની પ્યારી પુત્રી પણ ગુમ થઇ હતી એમ માનવાનો દરેક સંભવ હતો.

હવ એવું જણાવા લાગ્યું કે કહેવાતા નામાલુમ ચોર અથવા જીમી પટેલને શોધી કહાડવા પહેલાં કદાચ ગુમ થયલી શહેરાંનોજ પત્તો પહેલો મલશે; તે છતાં બન્ને બાબતમાં એવી ગુંચવણો હતી કે તેમાંથી કેમ કામયાબી હાસિલ કરવી તેની મુંઝવણ અને ગુંચવણમાં નઝીર પડયો.

રાત અંધેરી હતી. એવી કાળી રાતનાં કાળાં કામ કરનારા કાયર બની બેસી રહે એમ ન હતું. તેઓ કાંઇબી કાળું ધોળું કરશેજ એમ નટકી હતું, તેથી નઝીરે વિચાર્યું કે બદમઆશોને ફટકો લગાવવાની મજેની તક હાથથી જવા દેવી નહીં, પણ એકલે હાથે તે શું કરી શકે ? હાલ તુરત તો તેની નઝર આગળ શું શું બને છે તેજ છુપાઇને જોવાનો નિશ્ચય કર્યો. કોઇબી પ્રકારે બંગલામાં ઘુસવાનો લાગ ફાવે તો તેમ કરવાને તે તૈયાર હતો; પણ ન કોઇ તેવો સંજોગ જણાયો ન કોઇ તદબીર સુઝી.

જે દરવાઝાથી ફતેહ સુલતાન ઘરમાં ઘુસ્યો હતો તે દરવાઝા પર નઝર ચોંટાડી નઝીર અરધો કલાક ઉભો, પણ ન તો તે જુગારી પાછો ફરતો જણાયો કે એદલ પાવરીએ દેખાવ દીધો! સબ્રનું ઝાડ કડવું પણ ફળ મીઠાં હોય છે. નઝીરની સબ્રનું ફળ તેવુંજ નિવડયું. એક બંધ ગાડી બંગલાના બારણાં સામે આવી ઉભી.

ગાડી પાલકી રેકી હતી; ઘોડો પંચકલ્યાની અરબી હતો અને તેનો હાંકનાર દુબળો પતળો પોર્યા જેવો જણાયો. ઘોડાવાળો

બોકસપરથી ઉતર્યો અને બંગલામાં ઘુસ્યો. થોડીક પળમાં તે પાછો ફર્યો ને ઘોડા સામે થોડું ઘાસ નાંખી ત્યાંથી ચાલી ગયો.

એક અણચિંત્યો અને અજીબ અંદેશો દિલમા આવતાંજ એક હિમ્મત ભર્યું પગલું ભરવાનો નઝીરે ઠરાવ કીધો.

એક પળ પણ ગુમાવવાની નહીં હતી કારણ કે કામ ભારે જોખમ ભર્યું હતું. સારે નશીબે રસ્તાપર કોઇ રાહદારી ન હતું કે ન પોલીસનો સિપાઇ નઝરે પડતો હતો. દરેક ચીઝ તેના અદભૂત સહાસની તરફેણમાં હતી. આવું પગલું તે ઝીન્દેગીમાં પહેલીજવાર તૈયાર થયો હતો. તે શું હતું તે હવે આપણે જોઇશું.

તે પોતાની છુપાવાની જગાથી બાહેર રસ્તાપર આવ્યો અને સીધો પેલી ઉભેલી ગાડી આગળ જઇ ઉભો. ગાડીને ખુબ ગઓરથી તપાસી. તે જુની અને વઝનદાર હતી. પાછલા ભાગપર ફકત બેજ માણસની બેઠક હતી અને કોચ બોકસ સિર્ફ હાંકનાર બેસી શકે એટલો નાનો હતો. વધુ તપાસમા જણાયું કે કોચ બોકસની પાછળ એક મોટી વીનીશનવાળી બારી હતી.

વળી પાછલી પહોળી બેઠક હેઠળ પણ ખાલી ખાંચો હતો.

વધારે વિચાર ન કરતાં નઝીર ગાડીમા પેઠો. અને પાછલી બેઠકની તળે જીવને જોખમે ભરાઇ બેઠો. ગાડીની અંદર ઘોર જેવું અંધારૂં હતું, તેથી કોઇનીબી નઝર તેનીપર પડવાની સ્હેજબી ધાસ્તી ન હતી; છતાં કોઇ બીજા સબબથી તે સપડાઇ જાય એ બનવા જોગ હતું.

ભાગ્યે તે એક મિનીટ પોતાને હાથે બનાવેલાં બંદીખાનામાં પડયો હશે કે કોઇનાં બોલવાનો સાદ સંભળાયો. ભારે પગલાંઓ સાથે ગાડી તરફ એકથી વધારે શખ્સો આવતા જણાયા. તેઓ છેક ગાડીની નઝદિક આવ્યા. નઝીર દમ ઘોટીને પરિણામની રાહ જોતો પડયો.

બંગલા બાજુનું ગાડીનું બારણું ખુલ્યું. કાંઇ ધપ દેતું ગાડીમાં પડયું તે સાથે કોઇ મુશકેલીથી દમ લેતું અથવા ઘોરતું હોય એમ જણાયું જેથી નઝીરની જીજ્ઞાસા વધારે ઉશ્કેરાઇ.

"સંભાળથી કામ લેજે સુલતાન! તેણીને બાલ બરાબર ઇઝા થવી નહીં જોઇએ." કોઇ હળવેથી બોલતું સંભળાયું. એની શું મતલબ હશે?

નઝીર કાંન તાબડા કરી દરેક બોલ સાંભળવા ઊસ્તવાર બન્યો.

એક પળ પછી બીજો શખ્સ બોલતો સંભળાયો. "ચાલો મેં તેણીને બરાબર ગોઠવીને બેસાડી છે; હવે રહીમાને અંદર બેસાડી દરવાઝો બંધ કરીશું. સાઇસને કહો કે હું પાછો આઉં ત્યાં સુધી અહીંજ બેસે."

તે પછી કોઇ બીજો શખ્સ ગાડીમાં બેસતો માલુમ પડયો ને ગાડીનું બારણું ચપ્પટ બંદ થતું સંભળાયું. ફનેહ સુલતાન કોચ બોકસપર ચઢી બેઠો અને બીજી પળે ગાડી ગતીમાં આવી.

થોડીક પળ લગી ગાડીમાં કોઇ સસર્યું કે વસર્યું નહીં. પણ ત્યાર બાદ એક ધીમો ખોખરો અવાજ સ'ભળાયો.

"હજી ઉંઘમાં પડેલી છે કે, ગુસ્તાસ્પજી શેઠ?"

"હા, તેં તેણીને ઉમદા ગોટી ગળાવી છે રહીમા."

"કારણ કે તાંટયા બાંધેલી મુરઘીની મોઆફક રસ્તામાં ગડબડ કરી ટોળું જમા કરે તે તમને પસંદ પડશે નહીં એમ જાણીને ઝરા સખ્ત ખુરાક આપેલો છે." વડાઈ લઈને પેલી રહીમા બોલી.

"એવાં કામને પૂરતી લાયક અઓરત તું છે." ગુસ્તારપે કહયું.

થોડીક પળની ચુપકીદી બાદ રહીમા બોલતી સંભળાઈ.

"તમે એ છોકરીને કયાં લઇ જવા માંગો છો?

"જહન્નમમાં! તેની સાથે તુંને શું કામ?" તોછડો જવાબ મળ્યો.

"ત્યારે મોઆફ કરો સાહેબ; વગર જાણ્યે કોઇ અજાણી જગાએ હું જઇશ નહીં." પેલી અઓરતે કહયું.

"એટલે? કાં નહીં?"

"તમે એમ ધારો છો શેઠ કે એક અજાણી જગાએ તમે મને ધકેલી આપો ત્યાં હું ખુશીથી જઇશ ને ત્યાં એક દેશનિકાલ થયલા ગુનેહગારની મોઆફેક કયદ પડીશ?"

"એમ છે? તો સાંભળ તારી સરજત. તમો બંન્નેને વહાણપર ચહડાવી દેવાના છે. તે માટે બીલ્લીમોરાના ખારવાઓનું એક વહાણ લંગર નાંખી તૈયાર પડેલું છે."

"શું અમને તરીપાર કરવાનો વિચાર છે?"

"એવોજ કાંઇ કારોબાર છે."

"હેં, હેં! તમે શું બોલોછ?"

"હું જે કહુંછ તેજ—યાને તમો બેઉને દર્યાની સયર કરવા મોકલું છું."

ઉપલી વાતચીત સાંભળી નઝીરે દાંત કચકચાવ્યા. એદલ પાવરીના હવામાં બાંધેલા કિલ્લા તોડી પાડવાનો તેણે મનસુબો કીધો.

નઝીરની ખાતિર જમે થઇ કે અસલ ગુન્હેગારનીજ પોતે પૂઠ પકડેલી હતી. તેણે જાણ્યું કે ગુમ થયલી છોકરી અને તેને ગાયબ કરનાર બદમ્આશ તેનેથી સિર્ફ એક બે વેંત દુર હતાં. એકને બચાવવા અને બીજાને ફસાવવા તે આર્ઝુમંદ બન્યો, પણ તે આર્ઝુ બર લાવવા કરવું શું?

શહેરાંને, જેમ પેલો બદમ્આશ બોલ્યો હતો તેમ, દર્યાની સયર કરવાને બહાને વહાણપર કયદ થવા દેવી જોઇએ નહીં. અધવચ દરીએ લઇ જઇ તે નિર્દોષને ડુબાડી દેવામાં આવે તો શી નવાઇ!

ગાડી ઉભી રહેતાંજ કોઇ તાત્કાળિક ઉપાય કરવો નિહાયત ઝુરૂરી હતો.

અકેક પછી તરેહવાર યુકિતઓ ઝપાટાબંદ નઝીરનાં ચાલાક ભેજાંમાંથી પસાર થઇ, પણ તે બધી ગયર મુમકીન—નહીં બનવા જોગ જણાઇ. સિર્ફ એકજ ઇલાજ હતો; અને તે જીવને જોખમે ઝાહેર થઇ દુશ્મનોનો મુકાબેલો કરવાનો હતો.

"શું અમને બીલ્લીમોરે મોકલી આપવાનો આપનો ઇરાદો છે." રહીમા બોલતી સંભળાઇ.

"બિલ્લીમોરા શું બળ્યુંછ! દુન્યાના કોઇ કિનારાપર નહીં. દરેક ચીઝથી જહાઝ મોહીયા છે-વહાણપર દરેક વસ્તુ ભરેલી છે;

સુખ સગવડનાં સાંધનો પૂરાં રાખેલાં છે. અંતરચ દર્યામાં-જ્યાં બીજ વહાણોની આવ જા નહીં એવે ઠેકાણે તમારૂં જહાઝ ડોળા ખા પડી રહેશે. વાત કાંઇ ભેજામાં ઉતરેછ ?"

'એ જવાન છોકરીનું તમે શું કરવા માંગોછ?"

"ભરત કરવાંનું કે અચાર ભરવાનું નથી. સિર્ફ થોડો વક આબાદીથી દુર સલામત રાખવાની છે.

"કેટલો વકત ?"

"તે તો જેવો વકત તેવી વાત."

"ત્યારે તો હું જોખમમાં છું, એવું લાગેછ'

"ઝુકામ બી નહી તે સરકમબી નહીં. બસ તું મુંગી મ રહે. રાંડ એક પગ કબ્રમાં છે તોબી જીવને શાનો તપાસી મરેછ પણ ડર નહીં તું કાંઇ મરવાની નથી-તારી ઝિન્દેગીનો ઝિમ્મો મા સર," એદલ પાવરી બોલ્યો.

"પણ સરકારવાળા એ છોકરીનો પ-તો મેળવી શોધી કહા અને તેને મારી સંભાળ હેઠળ જુવે તો મારી કેવી કગાલ હાલ થઇ પડે! પાક ખુદાને ખાતિર એ જંજાલથી મને મુકત કરે રહીમાએ અર્ઝ કીધી.

"બેવકુફ બુઢિઆ! સરકારનાં ખાસડાને પડીછ કે એ છોકરી શોધી કહાડવાની કનવાર કરે; અને એવી બેહુદા કોશીશમાં તે ક ફાવશે બી કે? મુંછપર અકકડનાર મુંબાઇ તવઇની છુપી પોલીસ કહેવાતા બાહોશ અમલદારો એ છોકરીને શોધતા તો રહયા પ

શોધી કહાડવાની કોઇ હિમ્મતબી કરે તો મારી મુંછ બોડાવી નાખું. મારૂં કામ કોઇ ભાડુતી બદમ્આશને સોંપ્યું નથી, પણ તું જાણે છે તેમ હું પોતે ઝાતેજ કરૂં છું. અને કોણની માએ સુંઠ ખાધી છે કે ગુસ્તાસ્પ ગાંધીની બાઝી ઉંધી વાળી શકે." એદલ પાવરીએ આપ બડાઇ મારી.

ઉપલું સાંભલી નઝીર મુંછમાં હસ્યો, પણ હિલ્યા ચાલ્યા વગર મુર્દા મિસાલ શાંત પડી રહયો. પેલા કમબખ્તને કયાં ખબર હતી કે ખુરીઆ ખન્જર તેના પગ આગળજ પડેલું હતું.

ફરી એકવાર ચુપકીદી પંથરાઇ.

"શેઠ ગુસ્તાસ્પજી! એ જાગવા માંડેછ. હુસ્યારીમાં આની કાંઇ ગડબડ કીધી તો?" રહીમાએ ગભરાટમાં પૂછયું.

"ગભરાઇ શાનું મરેછ? મોહડે ડુચો મારતાં નહીં આવડતું કે?" નિર્દય એદલે કહયું.

"પણ હજી ઘણું દુર જવાનું છે કે?" પેલીએ પુછયું.

"ડર નહીં ડોશી પાંચ પળમાં એકાંત કિનારાપર જઇ પહોંચીશું અને ઉછળતા મોજાઓના આવાઝમાં એ નાતવાન છોકરીનો સાદ કોણ સાંભળવા આવવાનું છે?

નઝીરે હવે વિચાર્યું કે કાંઇક બજાવી બતાવવાનો વકત કરીબ આવ્યો છે. હિમ્મત, બસ હિમ્મતનું કામ હતું.

મદદ માંગવાનો મઔકો ન હતો; અગર તેમ કરે તો દુશ્મનોને તેની હાઝરી જણાઇ જાય, અને મહેનત બરબાદ ને ગુનાહ લાઝિમ જેવી વાત બને.

પણ કાંઇ કરવું તો જોઇએજ—પણ તે કેમ?

તે તરેહવાર વિચારમાં પડ્યો. અને જ્યારે એક નક્કી ઠરાવપર આવ્યો તેજ પળે ગાડી ઉભી રહી.

કોઇનાં કાંસવાનો સાદ સંભળાયો. જે નઝીરે જાણ્યું કે બીચારી શહેરાંનોજ હોવો જોઇએ. ગાડીનું બારણું ખુલ્યું અને એદલ પાવરી બાહેર કુદી પડ્યો, તેની પાછળ કોચ બોકસપરથી ફતેહ સુલતાન પણ ઉતરતો સંભળાયો. હવેજ કાંઇ બજાવી બતાવવાનો વકત આવી પુગ્યો હતો. પાવરી, સુલતાન અને બીજો એક સખ્શ સાદે મસ્વેરો કરતાં સંભળાયા. રહીમાં અને તેની બેગુનાહ કયદી શાંત બેસી રહયાં હતાં.

પાક યઝદાનનું નામ ઝબાનપર લઇ બેકક નીચેથી નઝીર નીકળ્યો, શેહરાં બેહોશ હતી અને રહીમાં પલાંઠો વાળી બેઠેલી હોવાથી તેની હિલચાલ જણાઇ નહીં; વળી ઉછાળા મારતા દર્યાના આવાઝ અને જોશથી ફુંકાતા પવનના સુસવાટા વચ્ચે ઉપર વર્ણવેલી બારીનું વિનીશનનું ફ્રાલકું ઉતારી ખિલાડીની મોઆફેક બાહેર નિકળ્યો.

અંધારૂં એટલું હતું કે કોઇની તેનીપર નઝર પડી નહીં, પણ, તેની તિક્ષણ આંખોએ આસપાસનો મોઆમેલો જોઇ તે કયાં હતો તે જાણી લીધું. બીજી એક પળ, ને એક હાથમાં લગામ ને બીજામાં ચાબુક પકડી તે કોચબોકસપર ચઢી બેઠો ને ઘોડાને એવો ફટકાર્યો કે તે જીવ લઇ ચાર પગે દોડવા લાગ્યો.

તેજ પળે ગાડીની અંદરથી ચિચ્યારીપર ચિચ્યારી અને હેઠલ ઉભેલાઓના ઘોઘારા આવાઝથી હવા ધમધમા રહી. એદલ અને

સુલતાન જાણે શયતાન ઘેર્યો હોય તેમ હયબતાઇને ઉભા. તેઓ લાચાર હતા-ઘોડાને કોઈ હાંકી લઇ ગયું હતું કે તે ચોંકીને નાહસી ગયો હશે એવા ખીઆલો કરતા નીરાશીથી માયુસ બનેલા તેઓએ ધકકા ખાતા પોતાના રહેઠાણની રાહ લીધી.

મીરઝા નઝીરબેગે ખરેખર ખુબ બજાવી હતી.

પ્રકરણ પાંચમું.

રહીમાનો એકરાર.

મીરઝા નઝીરબેગ ગાડી જોસબંધ હાંકયોજ ગયો, તેમ તેમ અંદરથી કાન ફાડી નાંખનારી ચીખપર ચીખ સંભળાતીજ રહી. તેણે જોયું કે જો એમ બુમબરાડા પાડવાનું જારીજ રહ્યું તો ઘાણુ બગડશે. કોઇ રાહદારી નહીં તો પોલીસ તો પોતાનાં ફર્ઝ અદા કરવા ઝુરરજ ગાડી રોકશે તો રાઝ ફાશ થઇ જશે-ભેદ ખુલી જશે, જેમ થયલું હમણા તે ઇચ્છતો ન હતો. વળી પોતે હબશીના અવતારમાં હતો. તેથી અગર કોઇ સિપાઇ નવો સવો હોય યા અકકલનો દુશ્મન હોય તો તેને પોતે કોણ હતો તે સમજાવતાં કેટલોક વકત વ્યર્થ જાય જે પણ ઇચ્છવા જોગ ન હતું. એટલા માટે રહીમાને ખામોશ કરવાનું ઘણુંજ અગતનું હતું. તેણે ઘોડાને સ્હેજ રોકયો, અને કોચ બોકસ પાછળની બારીમાંથી ચાલતીજ ગાડીએ તેણે ડોકયું અંદર

કરી તેણે ધરપચ કીધી કે "અય અઓરત હવે ખામોશી એખ્તાર કરશે નહીં તો મજ્બુરન–લાચારીએ–પોલીસના હાથમાં તારૂં પાંખડું આપવાની દિલગીરી ભરી ફર્ઝ મને પડશે."

એક બે પળ તો જાણે મુઆંને મળવા ગઇ ગઇ હોય તેમ રહીમા મુંગી ગગડી, પણ પછી ખોખરા આવાઝથી બોલીઃ—"તમે કોણ છો સાહેબ?"

"હું કોણ છું તે સાથે તુંને કામ નથી." ટુંકો જવાબ મળ્યો.

"તમે ફતેહ સુલતાન નહીં કે?"

"સુલતાન કે શયતાન હું નથી."

"ત્યારે તેવણ કયાં છે?

"બલા જાણે મારી. હમણાં તો તું તારી ઝબાનને તાળું માર. તારા હોઠ સીવી લે; પણ હવે આ ચેતવણી પછી સ્હેજ્બી બક-બકારો કીધોછ, તો તું જાણે. હું સીધો પોલીસ ચોકીપર જઇ તુંને હવાલાતમાં આપીશ, ત્યાં સારી રાત ચાંચડા મારવા પડશે, ને સ્હવારે ફોજ્દારોના નાઝીમ (મેજીસ્ટ્રેટ)ની અદાલતમાં એક શરીફઝાદીને દગાથી ઉપાડી લઇ જવા–તેને બેહોશ બનાવી ભર દરીએ ડુબાવી મારવામાં મદદ કરવાનો ઇલ્ઝામ તારીપર મુકવામાં આવશે, ને કાયદા પ્રમાણે તુંને કાળાં પાણીની સઝા કરવામાં આવશે."

નઝીરબેગની ખાતર જમે હતી કે આ સુકકા દમથી રહીમાનાં દિલપર ઘટતી અસર થયા વિના રહેશે નહીં. અને તેમજ બન્યું. તેણે ફરી ઘોડાને ચીમકી લગાવી અને જોશબંધ આગળ વધ્યોજ

ગયો. વીસ મીનીટમાં તો તેણે ઉકકડજીના "સર્રાફ મન્ઝીલ"ના દરવાઝા આગળ ગાડી ઉભી કીધી.

તે કોચ બોકસપરથી કુદી પડયો. ગાડીનો દરવાઝો ખોલતાં "સર્રાફ મન્ઝીલ"ના વરંડાપરની ઝળકતી રોશનીમાં ગાડીની અંદર શું દેખાવ નઝરે પડયો? એક પસ્તા કદ ઝઇફા–એક ગીડ્ડી ઘરડી ગાડીની બેઠકપર પલાંઠો વાળી બેઠેલી હતી; ધાસ્તીથી તે ધ્રુજતી હતી. તેની બાઝુમાં એક સુંદર પારસી નાઝનીન બેહોશ જેવી પેલી ઘરડીનાં ખભાંપર માથુ નાંખી પડેલી હતી. તે ઉકકડજીની ભલી દિકરી શહેરાં હતી. તેની આંખ્યો મીચેલી હતી, તેના ગુલાબી રૂખ્સારા ઝર્દ મારી ગયા હતા, તોપણ તે આસાનીથી શ્વાસ લેતી હતી.

"ચાલ એઇ રહીમા, આ બાઇને આહીસ્તાથી મારા હાથમાં મુક" શહેરાંને ઉઠાવી લેવા પોતાના બેઉ હાથ લાંબા કરી નઝીરે હુકમ કર્યો.

"વાહજી વાહ! એમ મને હુકમ કરનાર તમે કોણ? હું તમને જાણુતી નથી; ન ઓળખાન કે પયછાન!"

"ઓળખાન પયછાન ધિરે ધિરે પડયા કરશે; તું પહેલે મારો હુકમ માન પછી બીજી વાત. જાણુતી નથી કે છુપા વેશમાં હું એક પોલીસ અમ્લદાર છું? વધારે ચેં–ચું કીધી તો હાથકડીનાં ઝેવરથી શણુગારી રાતોરાત ચોકીમાં પુરીશ."

તેણી ઝરા આનાકાની કરતી જણાઇ; પછી નઝીરને ખુબ ટિકીને જોયો ને બોલી:–"એક હબશી ગુલામના દબરાવવાથી હું ડરવાની નથી."

વધુ બોલ્યા વગર નઝીર ગાડીમાં ઘુસી બોલ્યો. "હું આ બાઇને ઉંચકી બંગલામાં જાઉં છું; તુંબી મારી પાછળ આવ. છટકવાની સ્હેજબી હુલ્લડાઈ કીધી તો તે બેવકુફીનાં પરિણામમાં જે કાંઇ વેઠવું પડે તેનો બટટો મારે સર નહી રહેશે. તું હિરણી મિસાલ શિતાબ દોડનારી હશે તોબી તું દસ ડગલાં ભરે તે પહેલા તો તારા હાથમાં બેડી પડેલી જોશે. કેમ બડીગી, છટકવાની ખાટીમીઠી નઝર થાયછ કે?"

તેણે બેહોશ શહેરાંને એક ઝોળીમાંના બાળક મિસાલ પોતાના મઝબુત હાથોમાં ઉઠાવી લીધી અને પોતાની પાછળ આવવા રહીમાને ઇશારત કીધી. પોતાનો કીમતી બોજો લઇ નઝીર ઓટલાપર ચઢયો તેની પુઠે રહીમા પણ ચાલી. બીજી પળે બારણું ઠોકતાંજ અંદરથી કોઇએ ખોલ્યું. તે ખોલનાર ઊકકડજી પોતેજ હતા.

એક પળ સુધી તો પોતાની સામે હાથમાં કોઇને લઇને ઉભેલા એક હબશીને અને તેની પાછળ એક મુસલમાન ડોસીને જોઇ ઊકકડજી તો અજાયબીમાં ગર્ક થઇ ગયા—જાણે જાદુથી ઝબાન બંધ થઇ ગઇ હોય તેમ ખામોશ પત્થરનાં પુતળાં મિસાલ ઉભા રહયા.

"શેઠજી શું જુંવો છો? આપનો નમંતાઇભરેલો સેવક હકીર નઝીર આપની ખિદમતમાં હાઝીર છે; બંદાના હાથોમાં જે બેમુલ ખઝાનો જુવો છો તે આપની શરીફ દુખ્તર–ભલી દિકરી છે"

તેઓ સઘળાં દીવાનખાનામાં ગયાં; નઝીરે બેહોશ શહેરાંને એક સોફાપર સુવાડી; રહીમા પણ હાથ જોડી એક ખુણામાં ઉભી.

ઊકકડજી વાંકા વળી આતુરતાથી શહેરાંને જોવા લાગ્યા.

"ગભરાશો ના શેઠ, સાહેબઝાદીના જીવને જોખમ નથી—એના બાલને નુકસાન પહોંચ્યું નથી. સિર્ફ કોઇ એવી દવા આપેલી છે કે જેથી એ બેહોશીમાં પડી છે."

"એનો પતો કેમ મળ્યો. એ મારી દીકરી કયાં મળી?"

"હમણાં એ બધો ખુલાસો કરવાનો વકત નથી. હું તમને બધું કહું તે પહેલાં કોઈ હુશયાર તબીબને તેડાવો ને મીસ ભીકકડજીની ઘટતી સારવાર કરાવો. જે ગાડીઘોડો હું લાવ્યો છું તે તમારા તબેલામાં મોકલાવી આપો, ગરઝ હશે તો એનો ધણી લેવા આવશે—જે હું ધારૂં છું કે અશકય છે."

મીરઝા નઝીર બેગનો હુકમ તુર્ત બજા લાવવામાં આવ્યો.

શહેરાંને તેનાં પલંગપર સુવાડવામાં આવી; એક નોકર દોડી જઈ પાસેના દાકતરને બોલાવી લાવ્યો. તે અરસામા નઝીર અને રહીમા દીવાનખાનામાંજ બેસી રહયાં.

"શહેરાં સાવધ થઇ." હરખમાં દાખલ થતાં ભીકકજી બોલ્યા.

"દાકતર સાહેબે બેહોશીનું કારણ શું સમજાવ્યું?"

"અફીણ. ગમે તે હોય હવે તે હોશયારીમાં છે. લેકીન બેચાર કલાક બિલ્કુલ આસાયશ આપવા ફરમાવી ગયા છે."

"અફ્યુન! કમબખ્ત શયતાનની ખાલા, અગર એકાદ કલાક વધુ થતે તો બેચારી બેગુનાહ તારી પાપી ગોટીનો ભોગ થઇ બહેસ્તમાં જતે ને તું દારપર-ફાંસીને લાકડે-ચઢી હઝરત શયતાનની ખિદમત ગુઝારી કરવા દોઝખ મુકામે પહોંચતે. લેકીન શુક્ર તે બારી-

ત્આલાના કે મુરદાર મૌતે મરતી તું બચી છે." પછી ઊિકકડછ તાફ ફરી બોલ્યો "શેઠજી આ ફરતુતા બુઢીઆ જેનું નામ રહીમ છે, તેનીથી ઘણી એવી બાતમી મળી શકશે કે જેની આપણુને ઝુરૂરત પડશે."

"નહીં જનાબ; હું કોઇ ખબર આપી શકીશ નહીં" ઘરડી રહીમા મકકમ આવાઝે વચ્ચે બોલી ઉઠી.

"શું તું એમ કહેવાના ઢોંગ કરેછ કે તું જાણુતીજ નથી? સાતસો ચુવ્વા ખાઇ હજ કરવા નિકળીછ કે? ખબરદાર! તારી હોશયારીમાં રહેજે." નઝીરે થથરાવી.

"આ મોઆમેલામાં કાંઇપિણ જાણુવાના હું ઢોંગ કરતી નથી" તેણીએ વળતો જવાબ આપ્યો.

"એટલે એમ—કે—મારા સવાલોના તું જવાબ આપશે નહીં?"

"તમારે ગમે તે સમજી લ્યો." ઍરડી બુઢ્ઢયા બોલી.

'ઠીક છે; તારો ઠરાવ ફેરવવાને હું શકતીવાન છું કે નહીં તે થોડીવારમાં જણુાઇ જશે. તારી સાથે ગાડીમાં ભરાઇ બેઠેલો કાળા ઘોબ્યાવાળો પારસી શરીફ બદમ્આશ કોણ હતો? નઝીરે એવી સફાઇથી સવાલ કીધો કે પેલી બુઢીઆનો મકકમ ઠરાવ હવામાં ઉડી ગયો. તે બોલી:—

"અમે તેવણુને ગુસ્તાસ્પજી શેઠ કહીએ છીએ."

"વારૂં; તેનું ખરૂં નામ તો એદલજી પાવરી છેની?"

"હું એમ ધારૂં છું."

"ત્યારે તેજ નામે કાં નહીં તેને ઓળખાવતી?"

"કારણ કે અમારાં ગામમાં પહેલવહેલા મેં એમને જોયા ત્યારે એજ નામે એવણ જાણીતા હતા."

"તે કીયું ગામ?"

"હયદરાબાદ, ફરખુન્દા બુન્યાદ."

"હું ધારતોજ હતો કે તું હયદરાબાદી દદા છે. વારૂ, તેને તારી સાથે કેમ ઓળખ પડી?"

"ખુદા આપને સલામત રાખે, હું તેમને ત્યાં નોકરીએ રહી. દરદીઓની હું માવજત કરતી હતી—જો કે ઘણાં બીમારો નહીં આવતા હતા." ઠેકાણે આવી જઇ રહીમા બોલી.

"ઝરા વધારે ખુલાસાથી બોલ કે કઈ કિસમના દરદી તેને ત્યાં રહેવા આવતાં ને તે શિફાખાનાનો તબીબ કોણ હતો?"

"હઝરત, તે એક છુપીઆ વાત છે."

એક બે પળ કોઇ કાંઇ બોલ્યું નહીં. આપણા શીદી બનેલા નઝીરને ખુબ ગઓરથી રહીમા ટિકવા લાગી.

"હજી કેટલો વકત થોભું? મારા સવાલનો જવાબ દે?" નઝીરે કહ્યું.

"મોઆફ કરો સાહેબ, એ બાબતમા હું કાંઈ કહી શકતી નથી. એ બાબત છુપી રાખવાનું મેં પયમાન આપેલું છે, હું વાએદાશિકન નહીં બનીશ."

"ઠીક છે ત્યારે. વાંકી આંગળી વગર ઘી નહીં નિકળે. જનાબ. ઊકકડજી સાહેબ, મહેરબાની કરી નઝદીકની ચૌકીપર માણસ મોકલી પોલીસના અમીન સાહેબને બોલાવી મંગાવશો?" નઝીરે કહ્યું.

"સચ્ચ, સચ્ચ! પાક અલ્લાહ અને પ્યારા રસુલનાં નામથી સચ્ચ!" હાથ જોડી રહીમા બોલી.

ઊકકડજી ઉભા રહી ગયા અને નઝીરે ફરીથી દમામમાં સવાલ કીધો કે "બોલ ત્યારે, કે કઈ કિસમના બિમારો તારા શેઠના શિફાખાનામાં આસરો લેતા હતા."

"જે કોઇ તેમને મળી જાય તે."

"શું રસ્તામાં પડેલા મળી જતા હતા? મારો કિમતી વકત ઝાયે ના કર બરાબર ખુલાસાથી બોલ"

'મારો શેઠ સાંજની વકતે ફરવા નિકળતો. કોઇ રોઝ ગોલકોન્ડા તર્ફ ઉતરી પડતો તો કભી ચેહીર મીનાર કે કારવાન બાઝારમાં લતાર મારતો છાકટા થઇ કે મારામારી કરી ઝખ્મી થઇ પડેલાઓને ગાડીમાં નાંખી લાવતો."

"શાહબાશ! ઘણોજ નેક(!) માણસ દેખું. પરોપકારનો બ્યાપાર કરતો હતો. વારૂ, એવી રીતે ઉંચકી લાવેલા લાઇલાજ બિમારોને તે શું કરતો હતો?"

"વળી શું કરે? શિફાખાનામાં રાખી ઇલાજ મોઆ લેજા! કેટલાકોના કીસા ભરેલા રહેતા અને કેટલાક ખાલી હાથેપગે આવી પડતા. જો કોઇ પાસે કાંઇ હોય, તો તેઓ રાહત મેળવી પાછા ફરે

તે પહેલાં ગુસ્તાસ્પજી તેમનુ સર્વસ્વ લઈ લેતાં અને સાજુ સુકાજ્યા-ઓને તો બને વેમ જલ્દી રૂખ્સત આપતા."

"વારૂ એ તો તારા ભલા શેઠની ફૈયાઝીની વાત થઇ. કહે હવે કે શિફાખાનાનો તબીબ કોણ હતો?"

"તેવણ પોતે અને બીજા એક સાહેબ દવાદારૂ કરતા, ને હું તેમની માવજત કરતી.

"વારૂં, એ ધંધામાં સારી કમાઈ હતી કે?':

"જી હાં; થોડોક વકત એ ધંધો ખુબ ધિકયો,"

"પછી દેવાળું ફુંકયું?"

"તે શહેરમાં વસવાનું ઝરા ભારી પડી ગયું."

"એ ભારી ને હલકું હું નહીં સમજતો. ખુલાસાથી બોલ."

"લોકોને તેનો મોઆમેલો શક ભરેલો માલુમ પડયો. ખાસ કરીને એટલા માટે કે તે બે પૈસે સુખી હોય તેવાં લોકનાં બાળકોને ઉંચકી જતો. ને ઝાહેર કરતો કે ભુલાં પડેલાં મળી આવ્યાં. તેમને એકાદ બે દિવસ રાખી જાણે કેવીક મહેનત લીધી હોય તેમ તેઓનાં મા બાપને શોધી કહાડી પછી જેમ નીચવાય તેમ તેઓને નિચવતો. આ નીચ ચાલ ઝાહેર થવા માંડી તેથી તે અળખામણો પડતો ગયો."

"તારી કહેવાની મતલબ એજ કે લોકોનાં પોર્યાં ઊંચકી જતો અને તે રસ્તે ભુલાં પડેલાં મળી આવવાના ઢોંગ કરી તેઓનાં માબાપને ચિરતો; એમજ કે? વાહ! એ બી એક અજીબ ધંધો!"

"ગુરૂ ારપજી ઘણા પક્કા માણસ લેકીન હયદરાબાદની પોલીસ પુઠે લાગેલી જાણતાંજ ત્યાંથી ઉઠાંગરી કરવામાં સલામતી સમજી તેવણે તે કદીમ શહેર છોડયું."

"મુંબાઈ આવ્યાને તેને કેટલો વખત થયો?"

"આસરે દસ મહીના."

"તાઢ જાય રૂએ ને આદત જાય મૂએ. તેમ હવે કમસીન બાળકોને બદલે મોટી ઉમરનાંઓને ઊંચકી જવાનો ધંધો માંડયો દેખું! વારૂં એ તારો નેકનામ (!) શેઠ ધંધો શું કરી મરે છે?"

"કોઇ ચોકસ ધંધો નહીં. હું ધારૂં છું કે કાંઇ સટ્ટા કરી પાંચ પૈસા મેળવેછ; તે સિવાય તે બીજું બી કાંઇ કરતો હશે તે હું જાણતી નથી."

"સટો—બટો શું? હાથીદાંતના વ્યાપારનો કે? સાદા શબ્દોમાં બોલું તો જુગાર કે?"

"એવુંજ કાંઇ કરે છે ખરો; પણ પોતાની ખાનગી વાત મને થોડીજ કહે?"

"શહેરે હયદરાબાદમાં તો તું ગિમારોની માવજત કરતી હતી; હવે અહીં આવ્યા પછી શું કામ કરે છે?"

"કોઇબી ચોકકસ કામ નહીં."

"વારૂં; હયદરાબાદથી આવતી વકતે તુને એવું કાંઇ કહેલું કે મુંબઇ ગયા પછી કોઇની સંભાળ લેવી પડશે."

"ત્યાં તો નહીં પણ અહીં આવ્યા પછી એકવાર જણાવેલું કે કોઇ જવાન બાઇની ખિદમતમાં મારે રહેવું પડશે."

"ઉકકડજી શેઠનાં સાહેબઝાદીને આજે ઉપાડી લઇ જવામાં શી મકસદ હતી?"

"મને તેનો ખીઆલ વટિક નથી."

"આજ રાત અગાઉ ફતેહ સુલતાનને તેં જોયો હતો કે?"

"ગુસ્તાસ્પજીને મળવા વારંવાર આવે છે."

"તેઓ ખુલ્લી રીતે વાતચિત કરે છે કે છુપી રીતે?"

"ઘણી વકત ખાનગીમાં."

"એ 'ખાંડ ને ઘી' વાળી ગુફતેગેની કાંઇ મતલબ, કોઇ સણસારો, તું જાણેછ કે?"

"હું શું જાણું? મોટાંની ખાનગી વાતમાં મારેથી કેમ માથું મરાય?"

"જીમી પટેલનું નામ તેઓને બોલતાં તેં કદી સાંભળ્યું છે?"

"હા, ફતેહ સુલતાનને બોલતો સાંભળ્યો હતો કે 'જીમી પટેલને ગળે ફાંસો પડયો છે' પણ તેની મતલબ હું સમજી શકી નહીં."

ઉપલો એકરાર કર્યા પછી જાણે કાચું કપાઇ ગયું હોય તેમ રહીમા વિચારતી લાગી.

મીરઝા નઝીર બેગ અને ઊકકડજી સર્રાફે એક બીજા તર્ફ જોયું. જીમી પટેલ બાબત ફતેહ સુલતાન જે બોલ્યો હતો તેનો

અર્થ દરેક જણ સમજતો જણાયો. પણ દરેકે તે અર્થ જુદીજ રીતે કર્યો હતો.

ઊકકડજીએ 'ફાંસામાં પડવાનો અર્થ એવો ઉડાવ્યો કે જીમી કર્જદારીમાં એટલો બધો ફસ્યો હશે કે તેમાંથી બચવાની તેને આશા નહીં હશે; પણ નઝીરે જુદીજ મ્આની કીધી. તેણે વિચાર્યું કે જીમી પટેલ કોઇની ફંદ ફરેબની જાલમાં ફસી પડયો હતો; યાને તે પોતાના દુશ્મનોના હાથમાંજ લાચાલાજ થઇ પડયો હતો.

થોડીક પળની ખામોશી બાદ નઝીરે પાછા સવાલ શુરૂ કીધા.

"જેહાંગીર દોટીવાળાનું નામ તેં સાંભળ્યુંછ કે ?"

જાણે જવાબ આપતાં આપતાં બેઝાર બની ગઇ હોય તેમ એક નિશ્વાસ નાખી તે બોલી "તેબી સાંભળેલું."

"કોણને મોહડે ?"

"ગુસ્તાસ્પજી શેઠને."

"એટલે કે એદલજી પાવરીને મોહડે ?"

"બેઉ એકજ: હું તેમને ગુસ્તાસ્પજી શેઠ કરીનેજ બોલાઉં છુ' આપ ગમે તે નામે તેમને ઓળખવાને મુખત્યાર છો."

"આહરીમન અને શયતાન એકજ—તેમ એદલ અને ગુસ્તાસ્પ; માટે એ નાપાકનાં નામની નજીવી વાતપર તકરાર કરવામાં સાર નહીં. જેહાંગીર વીશે ગુસ્તાસ્પ શું બોલેલો તે કાંઇ યાદ છે ?"

"એમ કહેલું કે 'બેવુકુફ ગધેડા પાસે રંધાવી આપણે અમન ચમનમાં ખાઇ મગ્ન રહીશું' પણ તેની મતલબ હુ સમજી નહીં."

"હવે તે સમજી ને નહીં. તેની સાથે સરોકાર નથી, પણ ઉપલું તેણે કોણને કહ્યું હતું ?"

"ફતેહ સુલતાનને.',

"ક્યારે ?"

"સાત આઠેક દિવસ થયા હશે."

"હાલ તુરત તો એટલો ખુલાસો પુરતો છે. વારૂં, રહીમા, આજની રાત તું કયાં ગુઝારવા માંગે છે ?"

"મને પોલીસને હવાલે નહીં કરો તો પછી બધુંજ સરખું છે; તમારે ગમે ત્યાં રાખો જનાબ."

મીરઝા નઝીરબેગે ઉકકડજી સાથે કાંઇ હળવેથી વાત કીધી અને જાણે તેવણે તે મન્જુર કીધી હોય તેમ ડોક હિલાવી.

"ઉકકડજી શેઠ ફરમાવે છે કે આજની રાત તારે અહીંજ નોડી પાડવી." નઝીરબેગે રહીમાને કહ્યું. "આવતી કાલે સ્હવારે તારી મરજીમાં આવે ત્યાં જવું."

રહીમાએ જવાબ દીધો નહીં. પણ ખામોશીથી પોતાની રઝામન્દી ઝાહેર કીધી.

આટલું કામ બજાવી મીરઝા નઝીર ફરી એકવાર રસ્તાપર પડયો. જો કે રાત ઘણી વધી ગઇ હતી તે છતાં એક બગી ભાડે કરી તેણે કુંભારવાડાની સન્તરમી ગલી તર્ફ હંકારવાનો હુકમ કર્યો અને ત્યા પુગતાં જે ઘરમાં પેલી બેવકુફ દેખાવની હબશી છોકરી હાથે છટકામાં સપડયો હતો તે મકાનના નઝદિક ઉતર્યો. તે મકાન

અલ્લબન્તા વાંચનાર જાણે છે તેમ ફતેહ સુલતાનનું દોઝખી રહેઠાન હતું. પાડોશમાં એક સિપાહીને જોઇ નઝીર તેની પાસે ગયો, ને તેને ટિકવા લાગો. તે એક પોલીસનો વડો જમાદાર હતો. નઝીરને પોતા તર્ફ ટિકતો જોઇ તે બોલ્યો. "એ અંધેરી રાતના બિરાદર શીદી-બાપ, અહીં શું કમાઇ કરવા નિકળી પડયોછ? કોઇને ત્યાં વગર તેડાંનો પરોણો ઉતરી પડવા માંગે છે કે? ચાલી જા અહીંથી નહીં તો વગર ભાડેના ઘરમા ચાંચડ મારવા મોકલી આપીશ."

"આહા! કેમ જનાબ શેરખાં મને ઓળખ્યો નહીં?" પોતાના રાબેતાના સાદે નઝીરે પુછ્યું.

"વળી ઓળખું શું? તું એક શીદી છે. વળી 'રાત અંધેરી ભગ કાળા—નહીં દીસે સસરો કે શાળા' જેવી વાત છે," જમાદાર શેરખાં બોલ્યો.

પ્રકરણ છઠ્ઠું.

વીકાળ વરૂ પીંજરામાં.

છેલ્લાં પ્રકરણમાં વાંચેલો જવાબ સાંભળી નઝીર મનમાં રમુજ મેળવી હસ્યો. તે બોલ્યો. "હું મિરઝા નઝીર બેગ છું; મને તમારી મદદની ઝુરરત છે."

" શું ? તમે મિરઝા નઝીર બેગ સાહેબ !" અજાયબીથી દંગ બની શેરખાં બોલ્યો.

"હા તેજ, બીજો કોઇ નહીં; ખાતરી થતી નહીં હોય તો મારાં નામનો કાર્ડ દેખાડુ ? ચાલો તમે મને મદદ કરવા તઇયાર છો કે ?"

"બેશક; મારેથી બનતું કરીશ."

"ઠીક ત્યારે; નઝદિકમાં થોડાક સીપાહીઓ છે કે ?" નઝીરે પુછયું.

"સાદ મારૂં તો સાત આઠ દોડી આવે, ને સીપટું ફોકું તો બીજા પંદરને જમા કરી શકું એમ છે" શેરખાંએ કહયું.

"ઘણું સારૂં. તમે પોતે આ મકાનની નઝદિકમાંજ રહેજો."

"ઠીક, ઠીક; કેટલો વકત મારે અહીં થોભવું પડશે ?"

"દસ—પંદર મિનીટ. હું પેલાં ઘરમાં મુલાકાતે જાઉં છું જયાં મને આવકાર તો નથીજ મળવાનો. વળી જેમને હું શોધતો આવ્યો છું તેઓ કદાચ ત્યાં હશેજ નહી; તેમ હશે તો બેચાર મીની ટજ ખેટી થવું પડશે. કાંઈ ખુનામરકી થવાનો સંભવ નથી; જે માણસને હું બતાવું સિર્ફ તેને તમારા કબઝામાં લેવાનું કામ છે; પણ તે મળવો જોઇએ."

"તેનું નામ ?"

"એદલજી પાવરી."

"તેની પર ઇલઝામ ?"

"જાણીતા પારસી ઉકકડજી સર્કારની બેટીને ઉપાડી લઇ જવાનો."

"તે અહીં મળશે એમ ધારો છો ?"

"પકકી ખાતરી નથી; પણ કદાચ મળી બી જાય. હું ફતેહ સુલતાનને મળવા માંગું છું. બે કલાક અગાઉ એ શયતાનબી તેની સાથેજ હતો.

"ફતેહ સુલતાન. સામેનાં જુગારખાનાનાં માલેક ?" શેરખાંએ પુછ્યું.

"હા, તેજ."

"પંદરેક મિનીટ થઇ મેં તેને જોયો હતો." શેરખાંએ કહ્યું.

"તમે તેને દીઠો ? ક્યાં," નઝીરે પુછ્યું.

"પોતાનાં દોઝખખાનામાં દાખલ થતો."

"એકલોજ હતો ?"

"હા, એકલોજ."

"ત્યારે પાવરી મારા હાથમાંથી છટકયો." અર્ધ ઉદાસી અને નાઉમીદીથી નઝીર બોલ્યો.

"મનેબી એમજ લાગેછ." શેરખાંએ ટેકો આપ્યો.

"ચાલો ત્યારે કમબખ્ત શયતાનના શાગેર્દ સુલતાનને સપડાઉં."

"એટલે તેને ગિરિફતાર કરવા માંગો છો ?"

"હા; ઉપલાજ ઇલઝામપર."

"ઓ ત્યારે એ બદમઆશથી એ ગુનાહમાં સંડોવાયલો દેખું ?"

"હાજતો વળી; લેકીન પાવરી મુખ્ય મુલઝિમ છે–તેને પહેલો પકડવા માંગતો હતો. આએ જુગારી સામે તો બીજોજ એક મુકદમો તઈયાર કરવાનો હતો, પણ હવે તે માટે થોભવાનો વકત રહયો નથી, હાથ આવેલો દાંવ ચુકવો નહીં જોઇએ."

મીરઝા નઝીરબેગે પેલાં મકાન તર્ફ ચાલવા માંડયું તેને શેરખાંએ પુછયું "મિરઝા સાહેબ આપ અકેલાજ સિધારો છો કે ?"

"વળી સાથે કોણને લઇ જાઉં ?"

"જોખમ ખેડો છો." શેરખાંએ સમજાવ્યું.

"બિરાદર, એકવાર એ ઘરમાં ફરી આવ્યો છું. બસ મને એટલુંજ જોઇએછ કે જેવી હું સિફટી ફોડું કે તમારાં માણસો સાથે તમોએ અંદર ધસી આવવું, જો કે મદદની મને ઝુરૂરત પડશે એમ મને લાગતું નથી,"

"તમે કોણ છો તે તેણે પયછાણી લે તો પછી મુશ્કિલ થઇ પડશે." શેરખાંએ પોતાનો શક ઝાહેર કીધો.

નઝીરે હિમ્મતથી ફતેહ સુલતાનનાં મકાનપર જઈ બારણું ખખડાવ્યાં. જો કે રાતના અગ્યાર વાગેલા હતા તે છતાં મકાનમાં મોટી રોશની બળતી હતી; કારણ કે રાતનીજ વેળા જુગારીઓનું જમા થવાનું તે ધામ હતું.

પાંચ છ વકત ઝોરથી બારણાં અફાળ્યાં બાદ દાદરપરથી કોઇ ઉતરતું સંભળાયું; તેણે દરવાઝો ખોલવા પહેલાં સવાલ કીધો કે "તમે કોણ છો ?"

"હું નવ્વાબ કાલેખાં છું" નઝીરે જવાબ દીધો.

બીજી પળે બારણું ખુલ્યું અને નઝીરે પોતાની રૂબરૂ ફતેહ સુલતાનને ઉભેલો જોયો.

"તમે કોણ છોં? મેં કદી તમારી સુરત જોઇ નથી." તે બોલ્યો.

"તમે ભુલો છો સાહેબ." નઝીરે કહયું, "આપણે એકવાર મળી ચુકા છીએ ને એક બીજાને ઓળખીએ છીએ."

"બોલો ત્યારે મારૂં નામ શું?"

"ફતેહ સુલતાન," ધીરજથી નઝીર બોલ્યો.

"તમે શું માંગો છો?"

"હું તમને કાંઇ ખાનગી કામસર મળવા માંગું છું."

"ત્યારે, આવો અંદર,"

"હું આસાનીથી મારૂં કામ અહીં ઊભો ઉભોજ સમજાવી શકીશ."

ફતેહ સુલનાનને કાંઇ વહેમ પડયો, તેણે ગઔરથી નઝીરનો ચહેરો ટિકયો. તે બોલ્યોઃ—"તમે જેવા દેખાઓ છો તેવા શખ્સ નથી."

"હમેશા દેખાવ ઠગારાજ હોય છે." નઝીરે અર્થસુચક ઇશારો કીધો,

"તમે કાલી સુરતવાળા છતાં નવ્વાબ કાલેખા તમારૂં નામ હોય એમ હું માનતો નથી" સુલતાન બોલ્યો.

"ત્યારે મારૂં નામ શું ધારો છો?"

"તે હું જાણતો નથી-કહેવાને શક્તિવાન નથી."

"ત્યારે તો કાલેખાં પીલેખાં બધું સરખુંજ છે. નામ સાથે શું કામ છે?"

"કામ હોય કે નહીં; મારીપર દગાથી કોઇને ફાવવા દેઉ નહી. તમે મને સાફ સાફ તમારૂં નામ બતાવી શું કામ છે તે કહો'

"હું એદલ પાવરી નાંમના શખ્સને મળવા માંગુ છું"

દેખાઇતી રીતે સુલતાન ચોકયો. કાંઇબી જવાબ દેવા પહેલાં તેણે સ્હેજ આનાકાની કીધી.

"એદલજી સાથે તમને શું સ્નાન સુતક?"

"તે મારૂં ખાનગી કામ છે" નઝીરે કહ્યું.

"એમ ધારો કે હું એમ કહું કે મેં એદલજી પાવરીને કદી જોયાજ નથી તો"

"તો હું કહું કે તમે જુઠા છો."

"ખબરદાર મોહડું સંભાળીને વાત કરો; મારાંજ ઘરમાં આવી મને આવા હલકા શબ્દો સંભળાવો તે હું સાંખી શકું નહીં. આજ સુધી કોઇએ મને એમ કહ્યું નથી""

"ત્યારે તો હું કહું છું કે તમારા દોસ્તોંએ કદી તમાંરી ખરી હાલત તમને જણાવીજ નથી; તમને તમારા ખરા આકારમાં દેખાડવાના અખાડાજ કીધેલા લાગે છે." નઝીરે તેને ફફડાવ્યો.

"એક રખડતો હબશી આટલી બધી જુર્રત કરે-એટલી હીમ્મતથી બોલે એ તારી હેસીયતથી વધારે છે. હું નહીં ધારતો કે જે

કાળાસ તારા રૂએ સિયાહ પર છે તેવોજ તારા નજીસ પહેરણની નીચે બી હોય. તું એક વેશધારી લુચ્ચો-ઠગારો છે"

"એ લાંબી ટુંકી ત્રણ પાંચ છોડી દેવો સુલતાન સાહેબ. મને એટલુંજ કહો કે એદલજી પાવરી ઉર્ફે ગુસ્તાસ્પજી ગાંધી આ મકાનમાં છે કે નહીં?"

"હું તારા સવાલનો જવાબ આપવા બંધાયલો નથી; હું મારો ધંધો વગર ધોંધાટે કરી આબરૂ ઇઝઝતથી ગુજરાન કરૂં છું. મારાં કામની વચ્ચે પડવાની કોઇની મકદુર નથી."

સુલતાને અંદર ચાલી જઇ બારણું બંધ કરવાની તજવીઝ કીધી પણ ફોકટ. નઝીર પોતાનો એક પગ ઉંબર પર મુકી બોલ્યોઃ-

"ખબરદાર!"

કાંઇ પણ વધુ બોલ્યા વગર એક ધક્કો મારી નઝીરે દરવાઝો ખોલી નાંખ્યો, અને ઉંબર ઓળંગી અંદર ગયો. પણ સુલતાન ફરાર થઇ ગયો—તે ઝડપથી અંદરના ભાગમાં દોડી ગયો—ગોયા તે તેની નઝર સામેથી ગુમ થયો અને નઝીર અજાયબીમાં અકેલો ઉભો.

તે ઓરડામાં ઝાંખો દીવો ઝુંપતો હતો, તેની મંદ રોશનીમાં એક તર્ફે અરધો ઉઘાડો દરવાઝો દેખાયો. કાંઇ પણ વિચાર કરવા થોભ્યા વગર તે દરવાઝો ઓળંગી ગયો.

તે એક મોટા, સાદાં રાચરચીલાં ભરેલા, કમરામાં દાખલ થયો. તેમાં એક ચેરાગ બળતો હતો. અને તેની અજાયબી વચ્ચે તેણે સુલતાનને ઓરડાની વચ્ચોવચ અદબવાળી શાંત ઉભેલો જોયો.

"હું ધારતો હતો કે તમે અહીં આવશોજ." ફતેહથી ફતેહ સુલતાન બોલ્યો.

સુલતાનનું આગળે બારણેથી નાહાસી આવી અહીં ભરાવાનું કારણ તુર્તજ નઝીરની સમજમાં આવ્યું. તેને કોઇ મતલબસર ઘરના અંદરના ભાગમાં લઇ જવાની તેની ધારણા હતી—પણ તે શું હશે તેના વિચારમાં પડ્યો.

"આપણી મુલાકાતનો એવી રીતે ટુંકમાં આંકો આણવાની મારી મરઝી નહી હતી." નઝીરે મક્કમ આવાઝે કહ્યું.

"ઠીક, ઠીક; તમે ઝરા બેસીને નિરાંતે વાત કરો." એક કુરસી દેખાડી ફતેહ સુલતાન બોલ્યો.

"હું પાંચ મીનીટ પણ અહીં હવે રહેવાનો નથી, અને તેટલો વકત હું ઊભુંજ રહેવાનું પસંદ કરૂં છું."

બેઉ જણા એક બીજાને ટિકતા ખામોશ ઉભા. ખાંડણ્યાં તળે માથું આપ્યા પછી ડરવું નહીં અને બને એટલો ખુલાસો મેળવવો એવા વિચારથી નઝીરે સવાલ કીધો.

"મને દરવાઝા આગળ છોડી તમે નાહસી આવ્યા તે અગાઉ મેં તમને પુછ્યું હતું કે એદલજી પાવરી અહીં છે કે નહીં તેનો જવાબ આપશો?"

"જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી તો તે આ મકાનમાં નથી."

"હું ઇચ્છું છું કે તે અહીંજ મળી જતે." નઝીર બોલ્યો.

"તેનો સબબ?" સુલતાને અજાયબીથી પૂછ્યું.

"અમારા ગોઠયાઓ કડકા બાલુસ થઇ ગયા છે, ને મારી પાસે ઝહેર ખાવાની અરધી નથી. તેથી મેં વિચાર કીધો કે આજ કાલ પાવરીએ સારો હાથ માર્યોછ તેમાં ભાગ પડું."

"હા–તેને ડલ્લો મળ્યોજ ખરો–પણ લૂટફાટથી નહીં. પાના–પાસાની બદઓલત પાચ પૈસા તેણે મેળવ્યાછ ખરા."

"પાક ખુદા તમને નેકી બખ્શે–કોણ સાથે બાઝી માંડી હતી?"

"જેહાંગીર દોટીવાળા સાથે."

"દોટીવાળો? કોણ? પેલો ઉકકડજીની પહેડીમાં છે તે? એ પોર્યો એટલા બધા ફરતા (રૂપ્યા) કયાંથી લાવ્યો?"

"ઓત્તારી! અજબ જેવું શું છે? સેંકડો બલ્કે હજારો રૂપ્યા રોઝ તેના હાથમાંથી પસાર થાય છે."

"એટલે તમારી કહેવાની મતલબ એમ છે કે તે નમકહરામ પોતાના માલેકનું નાંણું તફડાવે છે?"

"એવું મત આપવાનું મારૂં કામ નથી."

ફતેહ સુલતાન એકાએક ભોળો ભટાક બની ભડભડ બધો ખુલાસો કાં કરી દેતો હશે તેની નઝીરને સમજ પડી નહીં. કદાચ એમ હોય કે કોઇ 'દિતેકટિવ' સાથે તેને કામ પડેલું છે એમ તેને શક ગયો હોય, જો કે તે 'દિતેકટિવ' કોણ છે તે તે જાણતો નહીં હશે. અને તેનાં મનમાં આવો શક પેઠા પછી પણ પુછેલા સવાલોના ચડપ ચડપ ખુલાસેવાર જવાબો કાં આપતો હશે? ગમે તે હોય

સવાલોપર સવાલો કરી બને એટલી બાતમી મેળવવાનો નઝીરે નક્કી ઠરાવ કીધો.

"તમે ધારો છો કે હું એક હબશી નથી, ખરૂં કેની ?" ઠાવકે મોહડે નઝીરે પ્રારંભ કીધો.

"ધારૂં શું? હું જાણું છું કે તમે કોઇ શીદી નથી."

"ઠીક. તમારો ખીઆલ દુરોસ્ત છે. પણ આવો અવતાર તમને નહીં પણ કોઇ બીજાનેજ બનાવી કહાડવા લીધો હતો. ખરૂં કહું તો હું પોતેજ એક લફડાંમાં ફસેલો છું,"

નઝીરે ઉપલું એવી તો સરસ રીતે સમજાવ્યું કે સુલતાન તેના હાથપર આબાદ વેચાઇ ગયો. તેનાં મનમાં સ્હેજ સ્હાજ શક હતો તેબી દુર થઇ ગયો તેણે પૂછયું.—

"એક લફ્ડુ? કેવાં લફ્ડાંમાં ફસેલા છો?"

"ખરૂં કહું તો મેં કાંઇ ખોટું કીધું નથી તે છતાં છુપી પોલીસથી ડરીને તરહેવાર સ્વાંગ લઇ છુપાતો ફરૂં છું.

"ત્યારે એમ ડરીને છુપાતા ભરાતા નાહસો-ગોસો રમવાનો સબબ?"

"કારણ એક વિચિત્ર ગુનાહમાં મારી શામેલગીરી સમજી, તેઓ મારીપર શકમન્દ બન્યા છે"

"ઝરા ખુલાસાથી બોલશો?"

નઝીરબેગ છેક તેની અડોઅડ જઇ ધીમેથી, પણ અર્ધ ધમકી ભરેલી રીતે બોલ્યો:—

"મારી મુસીબતમાં મને મદદની ઝુરૂરત છે; પણ કોઇ ભલા ઇમાનદાર આસામી પર ભરૂસો રાખી કહેવાની મારી હિમ્મત ચાલતી નથી. હું તમને ઓળખું છું ને વળી એ પણ જાણું છું કે પ્રમાણિકપણાંના તમે દુશ્મન છો. અને તેથીજ મારી હાલત તમારી આગળ ખુલ્લી કરવાને અચકીશ કે અટકીશ નહીં. પણ જો તમે મને ઉંધાડો પાડશો તો હું તમારાં કરતુકો ખુલ્લાં કરવાને ચુકીશ નહીં તેબી યાદ રાખજો જનાબ."

"ઠીક, ઠીક-પણ મને ઉંધાડો પાડવા જેવું શું બન્યુંછ?"

"એમ ખાતરી હોય તો, મારી સાથે દગો રમી જુવો."

"ચાલો એમ તો એમ. હવે તમારૂં દુઃખી દાસ્તાન આગળ ચલાવો. તમને ઉંધાડા પાડવામાં મને શું હાસિલ?"

"મને ધાસ્તી છે કે તેમાં તમને હાસિલ જેવું કાંઇક છે."

"અરે! પણ શા સારૂ એવી ધાસ્તી રાખો છો?"

"કારણ કે તમે અને એદલ પાવરી ગુસ્તાસ્પ ગાંધી એક બીજાના હમશરીક છો તે હું સારી પેઠે જાણું છું."

સુલતાન અજાયબીથી ડોળા ચહડાવી મનમાં કાંઇ બડબડયો.

"તમે ગભરાઓ ના સાહેબ." નઝીરે સમજાવ્યું. "પહેલાં સબુરીથી મારૂં બયાન સાંભળો."

"ચાલવા દેઓ."

"પાવરી જ્યારે હયદરાબાદ હતો ત્યારે તેણે મારી પાસે ચોકકસ કામો લીધાં હતાં."

"અં હ! પછી?"

"જાણે કેવોક ધર્મિ હોય તેમ તેણે એક શિફાખાનું રાખ્યું હતું-ત્યાં દરદીઓને આરામ થતો તો રહયો પણ એનું ગજવું ખુબ તર થતું હતું."

આ બોલવાની શી અસર થાય છે તે તપાસવા નઝીર ઝરા થોભ્યો. પછી વધુ બોલ્યો કેઃ—

"હું તે વેળા પાવરીની નોકરીમાં તબીબ તરીકે જોડાયો હતો."

"તમે તેની નોકરીમાં!" સુલતાન બોલ્યો.

"હા મેં કહયું તેમ એક તબીબ તરીકે. પણ જ્યારે પાપનો ઘડો છલાછલ ભરાયો—જ્યારે ભોપાળું ફુટ્યું ત્યારે અમો બન્ને ત્યાંથી વટાણા વાવી ગયા. લેકીન છુટા પડતી વકતે મારી ચઢેલી માહવાર ચુકવવાનું તે અખાડા કરી ગયો હતો."

"ત્યારે તે તમારો દેનદાર છે, એમજ છે?"

"હા, એમજ છે, ને ઉડાવ્યા કરેછ; કર્જ અદા કરવાની તેની મુદલ મરઝી જણાતી નથી. હું તેને ફકત પંદર મિનિટ મળવા માંગું છું; અને જો તે સીધે રસ્તે મારો હિસાબ ચુકતે નહીં કરશે તો હું બી આ શહેરમાં જે જે કાવત્રામાં તે સંડોવાયલો છે તે ઝાહેર કરી એને ફસાવી મારીશ. સૌથી પહેલાં તો પેલી પારસી પોરીને ઉપાડી જવાનું કાવત્રું ખુલ્લું પાડીશ."

પેલો શાહ જુગારી ઝુકીને ધીમેથી પુછવા લાગ્યો કે "પારસી પોરીને ઉપાડી જવા સિવાય બીજું શું તમે કહી શકશો!"

સુલતાનનો ચ્હેરો ટિકતાં નઝીર બોલ્યો "બીજું? લ્યોની તાઝામાં તાઝો દાખલો! તેજ છોકરીના બાપની પહેડીમાં થયલી ચોરી શું તમે નથી જાણુતા?"

સર્પે ડંસ્યો હોય તેમ સુલતાન ચમકીને પાછળ હઠ્યો. તે આકડવકડમાં પડ્યો. તેના ચ્હેરાપર તરેહવાર ચિત્ર પડતાં જણાયાં. તે મનમાં કાંઇ બડબડવા લાગ્યો.

મીરઝા નઝીરબેગે જોયું કે તેની અટકળના તીરે પેલા બદમાશનું હૈયું ચિરી નાખ્યું હતું. હવે તેને શક રહ્યો નહીં કે સુલતાન અને પાવરી બન્નેના હાથ ઉકકડજીને ત્યાંની 'તીજોરી' ફાડવામાં શરીક હતા.

આ બેઉ જણા એક બીજાનો ચહેરો ચિતારતા તનહાઇમાં ઊભેલા હતા તેવામાં એક ત્રીજો શખ્સ ઓરડામાં દાખલ થયો. તે તર્ફ ફરીને નઝીરે તેની અજાયબી વચ્ચે જોયું કે નવો આવનાર એદલ પાવરી હતો. જે તેઓથી સ્હેજ છેટે ઉભો હતો.

જેવી એદલ પાવરીની નિગાહ ફતેહ સુલતાન આગળ ઉભેલા હબશીપર પડી કે, કાંઇક ઓળખ સાથે શક જેવું તેનાં મનમાં લાગ્યું.

મીરઝા નઝીરની હાલત તંગ બની ગઇ હતી. તેણે જોયું કે વકત કટોકટનો હતો—સ્હેજ ગફલતી થતાં બધી મહેનત વ્યર્થ જવાનો સંભવ હતો. ઝડપથી આગલી બારી તર્ફ જઇ કાનના બહેર ફાટે એવી જોશથી તેણે સિપટી વજાડી.

"નાસ રે મારા બાપ! કેછું છુપી પોલીસનું ભોંસ્યું દેખું?" એમ બોલી સુલતાન પાછલા દરવાઝા તર્ફ ધસ્યો, અને એદલ પાવરી

પણ તેની પુઠે જવા નિકળ્યો, પણ બે ડગલાં ભરે નહીં એટલાંમાં પોતાના ઝબરદસ્ત પંજામાં તેને બાઝુમાંથી પકડી નઝીર બોલ્યો. "ખબરદાર! મારા હાથમાંથી છટકવાનાં ફોકટ ફાંફાં નહીં મારવાં. તું વરૂ જેવો વિકરાળ છે પણ લાખંડી છટકાં જેવા મારા પંજામાંથી છટકી શકશે નહીં."

જાણે ઝમીનસાથ તેના પગ વળગી ગયા હોય તેમ એદલ પાવરી ખામોશ ઊભો રહયો. પાસેના ઓરડા તરફથી આવત્તાં ભારી પગલાંનો આવાઝ કાને પડતાં તે ધ્રુજવા મંડયો. તે સમજી ગયો કે તેના દહાડા ભરાઇ ચુકા હતા તે છતાં હિમ્મત એકઠી કરી તે બોલ્યો:—

"આ બધાંની શી મતલબ? મારી પાસે તમે શું માંગો છો, અને તમો કોણ છો?"

"શેઠ ઊકકડજી સરાફની સાહેબઝાદી શહેરાંબાનુને ઉપાડી લઇ જવાના ઇલઝામપર—આજે સ્હવારે તે નિર્દોષ બાળાને દગાથી લઇ જવાના ગુનાહ માટે મેં તમને પકડયા છે. આયા ખિયાલે શરીફમેં?" નઝીરે ટકોર કીધી.

બીજી પળે શેરખાં જમાદાર બે સિપાહીઓ સાથે ઓરડામાં દાખલ થયો. અને કાંઇ પણ ખેંચતાણ વગર એદલ પાવરી ઉર્ફે ગુસ્તાસ્પ ગાંધીના હાથમાં બેડી ઠોકી પોતાનો કયદી બનાવ્યો.

"બીજાં એક પંખરૂનેબી દામમાં લાવવો હતો, પણ તે છેલ્લી ઘડીએ ઉડી ગયું." નઝીરે શેરખાંને કહયુ.

"ઘરની બાહેર નાહસી ગયો કે?" શેરખાંએ પૂછયું.

"નહીં; આ કમરામાંથી ગયબ થઇ ગયો; પણ પછી તેનું શું થયું તે કહી શકતો નથી.

"ચાલો ત્યારે ખાનાતલાશી કરીશું–ઘરની ઝડતી લઇશું."

"આજે તો નહીં, એ ગામ છોડીને નાહરવાનો તો નથીજ. તે એવો છટકાંમાં સપડેલો છે કે મોડે વહેલે તેનો કાન પકડી ખેંચી લાવતાં વાર લાગવાની નથી.

એદલ પાવરીને લઇ શેરખાં પોતાના સિપાહો સાથે તે ઓરડો છોડી જવાની અણીપર હતો તેવામાં તે કયદી બોલ્યો. "મને અહીંથી લઇ જાઓ તે પહેલાં મારે પેલા ગ્રહસ્થને બે બોલ કહેવાની રઝા આપશો?"

શેરખાંએ સિપાહીઓને ઇશારત કરી ઉભા રાખ્યા અને મીરઝા નઝીરે સામે આવી પુછયું:—"શું કહેવું છે?"

"મારીપર શું ઇલઝામ છે?" પાવરીએ પુછયું.

"હમણા તો ઇન્સાનને ઉપાડી જવાના ગુનાહ માટે પકડયો છે, પણ આગળ ચાલતાં બીજો ઇલઝામ બી મુકવામાં આવશે."

"વળી બીજો બી ઇલઝામ?"

"હા: અને તે બી એક ગંભીર ગુનાહનો."

"અને તે શું?"

"ઉકડજી સર્રાફની પેઢીમાં થયલી ચોરીમાં–શરીક રહેવા–તેમાં મદદ કરવાનો તકસીર."

"તે બિલકુલ ખોટ્ટી વાત છે–જુઠો ઇલઝામ છે." ભોંપર પગ અફાળી જુસ્સાથી તે બોલ્યો.

"ત્યારે તે ગુનાહનો તમે ઇન્કાર કરો છો?"

"એક મુકીને હઝાર વકત. મીઆં સાહેબ બોલવું સહલ છે પણ સાબિત કરવું મુશ્કેલ. એ ચોરીના મોઆમેલાથી જેટલા તમે બેખબર છો તેટલોજ હું અણજાણ છું; અને તેથી હું કહેવાની હિમ્મત કરૂં છું કે તમે કોઇ ભુલના ભોગ થઇ પડયા છો."

તેનાં બોલવામાં સિર્ફ જુસ્સોજ નહીં પણ સચાઇ હોય એવી આતુરતા હતી.

મીરઝા નઝીરબેગ પાછો શકમાં પડી ગયો. "શું એમ કહેવા માંગો છો કે એ મોઆમેલામાં તમારો બિલ્કુલ હાથ નથી?"

"યાને ચોરીના મોઆમેલામાં ખચ્ચિતજ નહીં."

"ત્યારે મનુષ્ય હરણના ગુનાહનો તમે ઇન્કાર નથી કરતા; તે તો તમે કુબુલ કરોછ." નઝીરે કહયું.

"હમણાં કાંઇ મારી કાયદેસર તપાસ નથી ચાલતી." એદલે વાજબી રીતે કહયું.

"ત્યારે બીજા ઇલઝામનો ઇનકાર કરનારો જવાબ શા સારૂ આપ્યો?"

એદલ પાવરીએ કશો જવબ દીધો નહીં.

"એક હિમ્મતભરી ચોરી કરવામાં આવી છે તે તો તમે જાણતા હશો?"

"હા; વર્તમાન પત્રમાં વાંચ્યું છે."

"ઉકકડજીનો વિશ્વાસુ ગુમાસ્તો જીમી પટેલ ગુમ થવા વિષેની વાત પણ તમે જા ો છો ની?"

"અલબતા, વર્તમાનપત્ર પરથીજ."

"તમો અને ફતેહ સુલતાન વચ્ચે સારો ઇન્તેફાક છે ની?"

"હા, ખરી વાત."

"તે તો ચોરીના ગુનાહમાં સંડોવાયલો છે."

"મને ખબર નથી કે તેની પર એ વિષેનો શક છે."

"પણ તેનીપર પૂરો શક છે."

"કોણનો?" પાવરીએ પુછ્યું.

"મારો." નઝીરે કહ્યું.

"તમારા શકપર મને શક છે. લ્યોની, તમે વગર કારણેજ મારી પર શક લાવ્યા હતા કેની?"

"પણ તમે બેગુનાહ છો તેની હજી મને પાકી પતીજ નથી."

"તમે એવા ભોળા નથી કે કોઇ જુઠું બોલે તે એકદમ માની લ્યો; મારી સચ્ચાઇની ખાતરી થઇજ હશે. હું ગુનેહગાર છું તે વિષે માત્ર તમને શક છે—સાબેતિ નથી."

"અલબત્તા મારી ખાતરી થઇ નથી; પણ મારા શકનો લાભ કોણને આપવો તે હજી હું કહી શકતો નથી. એક બે વધુ સવાલ—અને પછી હાલ તુરત તો કિસ્સો ખતમ." નઝીરે કહ્યું.

"પુછો, પુછો; બે ને બાર; બધુંજ બરાબર છે." પાવરીએ કહયું.

"જેહાંગીર દાટીવાળા નામના શખ્સને ઓળખો છો?"

"ઘણોજ થોડો." પેલાએ ટુંકમાં કહયું. "બે કે ત્રણ મરતબા હું તેને મળ્યો હોઇશ."

"તેની સાથે કાંઇ કામ પાડેલું કે?"

"કાંઇ સ્હેજ, અને તેબી આડકતરી રીતે."

"એટલે તે કેમ? એનો અર્થ સમજાવશો."

"મેં કહયું તેજ એનો અર્થ."

"ત્યારે તમે એટલું તો કબુલ કરો છો કે, તેની સાથે કાઇ વ્યવ્હાર રાખેલો ખરો, પણ આડકતરો રીતે. એમજ કે?

"હા, એમજ"

"જે જવાન નાઝનીનને તમે ઉપાડી ગયા હતા તેણીપર, જાણે જીમી પટેલે લખ્યો હોય તેવો પત્ર, તમને આડકતરી રીતે મદદ કરનાર જેહાંગીર પાસે લખાવેલોની।"

"કોણ કહે છે કે હું એક જવાન નાઝનીનને ઉપાડી ગયો હતો?"

"મીસ્તર પાવરી! તે ગુનાહનો ઇન્કાર કરવાનાં ફાંફાં મારવાં હવે ફોકટ છે, કારણ કે તમે નામદાર(!) અને તમારો મદદગાર ફ્તેહ સુલતાન મઝકુર નાઝનીનને બેહોશ હાલતમાં જે ગાડીમાં દરીએ કિનારે લઇ ગયા હતા, તે ગાડીમાં તો સેવક સંતાયલો હતો તેનો તમને સ્વપ્નો બી બજયોછ કે? કેમ? તમારૂં દિલ એ વાતની ગવાહી

આપે છે કે? હમણાથી હોઠ કેમ ધ્રુજે છે? હૈયું ધપકાવનારૂં દિલ-ખુશ(!) દાસ્તાન તો હજી સાંભળવાનું છે. તમારી વિશ્વાસુ રહીમાએ તમારાં પાપોનો પુરો ઘડો મારી આગળ ફોડી દીધો છે. ચમકો છો કેમ? આજની તમારી ધરપડી–તમારી આશા અને ઉમીદ એ સર્વનો અંત લાવનાર તમારી સામેજ ઉભેલો છે, ખુબ ગઓરથી જોઇ લ્યો, અલબત્તા, હું જાણું છું કે તમે દેશ ખાઇ દરવાઝા ગળે બાંધ્યા છે, તે છતાં પીંજરામાં પડેલા વિકરાળ વરૂ જેવી તમારી હાલત થઇ પડી છે. હવે એ પિંજરામાંથી છટકવાની નાનામાં નાની બારી પણ તમારે માટે ખુલ્લી નથી."

ગુસ્સાથી એદલ પાવરી દાંત કચકચાવવા લાગ્યો, પણ લાચાર!

"ત્યારે મારી ઉમીદની જામ તમે ઘોળી?"

"એમ છે તો ખરૂં" નઝીરે ઠંડે પેટે કહ્યું. "નસીબ તમારાં ફુટેલાં કે તમારી આશાભરી હંડી છેલ્લી ઘડીએ ફુટી–તમારી તમામ કળાબાઝ યુકિત ધુળ મળી"

ખુદા તુને ગારત કરે!" પાવરી આહ મારીને બોલ્યો.

"ધીરે, ભાઈ ધીરે! તારા જેવાની દોઆ જો દાદારની દરબારમાં મન્ઝુર થતી હતે તો રૂએ ઝમીનપર એક બી ભલુ ઇન્સાન હસ્તી ભોગવી શકતે નહીં. ચાલો એક વધુ ખુશ(!) ખબરી સભળાઉં. દખ્ખનનાં પાયેતખ્ત હયદરાબાદમાં કરેલાં સવાબનાં(!) સવાબનાં (!) કામોની ફહેરીસ્ત પણ વાંચી સંભળાવવા બંદો તૈયાર છે."

એદલ પાવરીના મોંપરથી લોહી ઉડી ગયું-સુફેદ પૂણી જેવા ડઘાયલા ચહેરાથી ડોળા ફાડી તે નઝીરને જોતોજ ઊભો.

"ખુદા ખયર કરે!" તે બોલ્યો "તમારો છેલ્લો સવાલ શુ હતો?"

"એજ કે નિર્દોષ મીસ ઉકકડજી પોતાના બાપનું સુખી ઘર છોડી જાય એવી મતલબનું લખાણ જેહાંગીર દોટીવાળાનેજ હાથે કરાવેલું કે?"

"ખરી વાત." તેણે ટુંકો જવાબ દીધો.

"ત્યારે તે નાઝનીનને ઉપાડી જવાના ગુનાહમાં તેનોબી હાથ છે ખરો."

"બિલ્કુલ નહીં." પાવરીએ કહ્યું "શી મતલબથી તે પત્ર તેની પાસે લખવામાં આવ્યો હતો તેનો તેને ખ્યાલબી નહીં હતો."

"એ નજીસ કામ માટે શોધી શોધીને એનેજ કાં પસન્દ કીધો?"

"ફતેહ સુલતાનની ભલામણપર."

"કારણ કે જેહાંગીર જીમી પટેલના અક્ષરથી વાકેફ હતો, બલ્કે તેવાજ હરફે લખતો હતો તેથીજ કે?"

"એજ કારણથી."

"અનાવટી અક્ષરવાળા પેલાં નીચ લખાણથી તે નાજનીન ભોળવાઇ ગઇ-તદન વેચાઇ ગઇ કેમ?"

"અમારી મતલબ મોઆફેક છટકામાં સપડાઇ."

"ત્યારે એવું સાબિત થાય છે કે જીમી પટેલના હાથ દસ્તખત બનાવવામાં જેહાંગીર દોટીવાળો કમાલ રાખે છે?"

"એવું દેખાયછ તો ખરૂં."

"તે કંગાલ કાગળ કયાં લખવામાં આવ્યુ હતું?"

"આપણે ઉભા છીએ તેજ ઓરડામાં."

"તમારી રૂબરૂ?"

"હા, મારી હાઝરીમાંજ."

"અને ફ્નેહ સુલતાનબી અહીંજ હતો?"

"હા, તેબી મઓજુદ હતો."

"બસ; હવે વધારે પુછવા જેવું બિલકુલ તો કાંઇ નથી. સાહેબજી!"

શેરખાં અને સીપાહીઓ પોતાના કયદીને લઇને ચાલતા થયા.

મીરઝા નઝીરબેગ પાછળથી નિરાંતે ગયો, ને ઘરે જઇ શાંત નિંદ્રામાં પડયો. બીજી સ્હવારે આઠ વાગે તે "સર્રાફ મન્ઝીલ"માં ઉકકડજીને મળવા ગયો.

આગલી રાતે ખાધેલાં અફ્યુનની અસર પુરી ઉતરી ગઇ હતી અને શહેરાં હમેશ જેવી હોશયાર બની બેઠેલી હતી. નઝીરબેગે તેણીને મળીને બીજી કેટલીક વધુ વિગતો મેળવી, અને જણાવ્યું કે તેણીને દુ:ખ દેનાર વિકાળ [illegible]ર પિંજરાંમાં પડયું હતું; વળી જે બનાવટી કાગળ હતું તે પણ તે મેળવવાને શકતીવાન થયો હતો

એમ ખુલ્લાસો કીધો, પણ તે લખનાર કોણ કમીનો હતો તેનું નામ શહેરાં કે ઊકકડજી આગળ ચોકકસ કારણને લીધે ઉઘાડું પાડયું નહીં.

પ્રકરણ સાતમું.

જીમી પટેલ સલામત.

હવે શું કરવું તેના ચોકકસ ઠરાવપર મીરઝા નઝીરબેગ આવ્યો ન હતો. તે ધીમે કદમે પોતાને મુકામે જતો હતો, તેવામાં ઇતિફાકથી પેલોજ પોલીસવાળો જે ખુરશીદ જાનનાં મકાન આગળ પહેરાપર હતો, તેની બરખાસ્ત હોવાથી-નૌકરી નહીં હોવાથી-સાદા પોષાકમાં સામેથી આવતો મળી ગયો.

ઉપલા સીપાઈને બીજા એક સોબતી સાથે ખુરશીદજાન વિષે વાત થતાં તે સોબતીએ જણાવ્યું હતું કે તેના પહેરા વકતે એક રાત્રે કોઇ ગૃહસ્થ દેખાવના શખ્સને તેણીની સાથે મોડી રાત્રે આવી ઘરમાં દાખેલ થતો જોયો હતો પણ તે જેહાંગીર નહીં હતો. વળી જે વધુ ખુલ્લાસો મેળવ્યો તેપરથી નઝીરે વિચાર્યું કે તે જીમી પટેલ હોવો જોઇએ; વળી તારીખવાર સરખાવતાં આબાદ જે દીને તે ગુમ થયો હતો તેજ દહાડો! હવે એક હિમ્મત ભર્યો અખ્તરો આઝમાવવાનો હતો.

ફરી એકવાર હબશી ખિદમતગારનો અવતાર લઇ નઝીરએ એક જાણીતા જવેહરીના દુકાને ગયો, અને પોતાની ઓળખ આપ એક ખોટા હીરાની અંગુસ્ત્રી ખરીદી, જે તેણે એક શોભાયમા દાબડીમાં એક ચિઠ્ઠી સાથે મુકી બાહેરથી કાગળ લપેટી લાખ મોહર કરી તેપર ખુરશીદ જાનનું સરનામું લખ્યું અને ગજવામાં મુકી ચાલતો થયો. દાબડામાં મુંકેલી મઝકુર ચિઠ્ઠીને મુખ્તેસર મઝમુન એ હતો કે એક હદરાબાદી નવ્વાબ આગળ રાતે તેણીએ નાટકમાં ગાયલાં ઉસ્તાદી ગાયણોથી ખુશ થા ગયો હતો, અને તેની કદ્રશનાસી તરીકે નજીવી ભેટ તેણીની કુબુ લીયત માટે મોકલી હતી. વળી તેણે તાઝે કલમમાં ઉમેર્યું હતું કે

"અય તુતીએ ખુશ ઇલહાન–ઓ મધુર કંઠની પોપટી, અગ તું બરાહે મહેરબાની મુજ મુસ્તાકની દઆવત કુબુલ ફરમાવી આ શબના તમાશા પછી મારી સાથે "ખુરશ હોટેલ"માં ચા નાશીમ શરીક થશે, તો હું બીજાં બેમુલાં જવાહીર અને ઝેવરેનો હદીયે નઝર કરીશ. મારી દઆવત મન્ઝુર હોય તો મહેરબાની કરી આ સા મોકલેલી અંગુસ્ત્રી અંગુસ્તે મુબારકમાં પહેરીને નાટક તખ્તાપર દેખા દેશે તો હું સમજી જઇશ."

નઝીર સીધો ખુરશીદજાનને મકાને ગયો. દરવાઝો ઠોકતાં ખુલ્યો તેવોજ તે તેણીનો પેલોજ ઓરડો કે જ્યાં તે ઝખમી થયે હતો તે તર્ફ ગયો. દરવાઝો ખુલ્લોજ હતો અને સારે નસીબે ખુર શીદજાન સામીજ મળી, તેને જોતાંજ આપણા હબશી કાસિદે ત્ર

વાર ઝુકીને સલામ કીધી અને હાથ જોડી બોલ્યો. "ખુરશીદજાન સાહેબા આપનુંજ મુબારિક નામ છે કે?"

"હા, હુંજ તે; તું કોણનો ખિદમતગાર છે?"

"જનાબા! બંદો નવ્વાબ અદાવત જંગનો કમીનો ગુલામ છે. મારા સરકારે ફરમાવ્યુંછ કે આ (બાંધેલી ડબ્બી દેખાડીને) આપને હાથો હાથ પહોંચાડવી. ગુલામ એક તો હયદરબાદનો બાશીન્દો હોવાથી આ અજનબી શહેરના રાસ્તારાથી નાવાકિફ ને બીજું અહીંની ઝબાનથી અનજાન તેથી બડી દિકકતે-મહામુશ્કેલીએ રાહ પુછતો પુછતો, ત્રણ કલાકે આપનાં દરે દઓલતપર આવી પુગો; અને શુક્ર સદ હઝાર પાક અલ્લાહનાં કે આપ સામાંજ મળી ગયાં" એમ કહી પેલી વિંટીનું પાર્સલ તેણીના હાથમાં અદબથી મુકયું. આતુરતાથી તે પાર્સલ ખોલી ખુશાલીથી તેમાંની અંગુસ્ત્રીપર એક નિગાહ નાખી રૂકકો ખોલી તેણીએ વાંચવા માંડયો. જેમ જેમ તે વાંચતી ગઇ તેમ તેમ તેણીના ચહેરાપર ખુશાલીનાં ચિન્હો નઝીરબેગની નઝરે પડતાં ગયાં. તે ચિઠ્ઠી વાંચી રહીને ગોયા તેના ટુંક જવાબ તરીકે તુર્તજ તેણીએ પેલી વિંટીથી પોતાની આંગળી શોભાવી અને નવ્વાબ સાહેબને સલામ પહોંચાડવા કહી હબશી ગુલામને રૂખ્સત આપી.

પોતાની યુકિતમાં કામયાબ બનેલો નઝીરબેગ ઉતાવળે પગલે પાસેની પોલીસ ચૌકીમાં કોઇ જોય નહીં તેમ ઘુસ્યો, અને રાત પડતાં તો ખાસ્સો એક હયદરાબાદી નવ્વાબ બની બાહેર નિકળ્યો. મનસબદારી દસ્તાર. કમખાબની શેરવાની, ઝરીન કમરબંદ, કસબી, જોડા, અને લગભગ દરેક આંગળે ચળકતા હીરા (ઝલઝલતા ખોટા)ની

અંગુઠીઓ લટકાવી પાનનું બિડું ચાવતો હાથમાં બનારસી રેશમનો રૂમાલ લઇ લટકો કરતો લ્હેરે લ્હેરે નાટકશાળા તર્ફ ચાલતો થયો. સિર્ફ પહેલાજ સીનમાં ખુરશીદજાનનો પાર્ટ હોવાથી તેણી જલ્દીથી પરવારી બાહેર પડતાંજ નવ્વાબ અદાવત જંગનાં દર્શન થયાં. બઆદઅઝ સલામ અલેક—માલુમી સાહેબ સલામ. પછી–મુગલઇ અદા અંદાઝ અને તાઝીમ તવાઝો સાથ નવ્વાબે પોતાની જોડીની ગાડીમાં–(અલબતા મુંબઇ સુધી પોતાની ખાસ લેન્ડો લાવેલા ન હોવાથી ભાડુતી ગાડી જોડીમાં) બડી ઇઝઝત સાથે ખુરશીદજાનને બેસાડી ગાડી 'ખુરેશ હોટેલ' તર્ફ હંકારવાનો હુકમ કીધો, પણ ખુરશીદજાને ત્યાં જવાની પોતાની નામરઝી બતાવી, એવું જણાવીને કે, તે એક આબરૂદાર એક્ટ્રેસ હોવાથી લોકો તેણીને તે નવ્વાબ સાથે હોટેલમા જોઈ ચકચાર કરે તો તેની ઇઝઝતને ધોકો પહોંચે તેથી તેણીએ નવ્વાબ(!) ને વિનંતી કીધી કે તેણીને મુકામેજ પધારવું.

દરદીને જોઇતું હતું તેવુંજ દાકતરે ફરમાવ્યું. નઝીરે ખુરશીદજાનના મકાન તરફ હાંકવાનો હુકમ કીધો.

કોણ જાણે કેવે શુભ ચોઘડીએ—કેવી નેક ઘડીએ નઝીરે પોતાની યુકતી પાર પાડવાનું માથે લીધું હતું કે તેને દરેક ફતેહ મળતી ગઇ.

ખુરેશીદજાનને મકાને પહોંચવા પહેલાં કેટલોક ખુલાશો કરીશું.

જેહાંગીર દોટીવાળો એવી મકસદનો સંદેશો ખુરશીદજાનપર મોકલી ચુકો હતો કે કોઇ પણ પળે તેને મુંબઇ છોડી જવાની ધાસ્તી હતી, વળી ફતેહ સુલતાને પેલી ઘરવાળી બુઢ્ઢી દદાને ખબર પહોંચાડી

હતી કે ગુસ્તાસ્પ ગાંધીના બાર વાગી ગયા હતા-તે પોલીસના હાથમાં કયદ હતો, અને પોતે સિંહના ડાચાંમાં જતો સ્હેજમાં બચી ગયો

ખુરશીદજાન તેથી ખુશ હતી કે તેનાં સારાં નસીબે વકતસર હતો. અદાવતજંગ હાથ લાગો હતો. મુંબઇનો કોઇ વચલે વાંધેનો પુછે તેના વાંધા તેને એક હયદરાબાદી અમીર પંપાળે એ શું તે નીચ પેશાની અઓરતને થોડું હતું?

ઘરે પુગતાંજ ખુરશીદજાને પોતાને હાથે દસ્તરખાન બિછાવ્યું અને ચા—બિસ્કીટો વગયરા હમા ચીઝ હાઝીર કરી પોતેબી નવ્વાબ[!]ની રૂબરૂ ગોઠવઇ નહીં એટલામાં પેલી બુઢીઆ દદાએ દરવાઝાપર દિખાવ દીધો, અને ઇશારતથી ખુરશીદજાનને નઝદિક બોલાવી કાંઇ કહયું તેનો સાર એજ હતો કે કોઈ એવો શખ્સ આવી પુગો હતો કે તેની હાઝરીમાં નવ્વાબનું તે મકાનમાં રહેવું મુનાસેબ નહીં બલ્કે નવ્વાબ તેમજ ખુરશીદને માટે ઘણું જોખમ ભર્યું હતું.

મોઆમેલો શું હતો તે ખુરશીદે ઝડપમાં નવ્વાબને સમજાવતાં તે ગભરાયો. તે પરદા પાછળ ને પલંગ હેઠળ સંતાવાની ધધુખરમાં પડયો જાણે કેવોક હેબતાઇ ગયો હતો તેમ ધ્રુજવા મંડયો તેની મદદે પેલી બુઢીઆ દદા આવી. તે તેને ઓરડાની બીજી ગમના બારણાંમાંથી પાસેના ઓરડામાંથી અને ત્યાંથી દુરની એક સાંકડી અંધેરી ઓરડીમાં લઇ જઈ તેને ખાતરી આપી કે ખુરશીદજાનનો ઘણી બાહેર જતાંજ તેનો છુટકારો કરવામાં આવશે. ડોસીના જવા બાદ એકલો પડતાંજ પોતાની હાલત અને શાંડયાંઓની હિમાકતપર તે ખુબ હસ્યો, ને બીજો શો રંગ જામે છે તેની રાહ જોતો બેઠો.

જે ઓરડામાંથી તે નાહાસી આવ્યો હતો તે તર્ફ કોઈનો મોટેથી બોલવાનો સાદ સંભળાયો. તે જેહાંગીરનો આવાઝ હોય એમ નઝીરને લાગ્યું. ભાંગાતુટા સંભળાયલા શબ્દો પરથી તેણે વીચાર્યું કે કોઇ પારકા માણસ સાથે ખુરશીદને સપર લેતી જોઇ તેનો પિત્તો ઉછળી આવ્યો હતો.

પોતે જે અંધેરી ઓરડીમાં હતો તેની બાજુમાં કોઇનો દુઃખથી પિડાતો સાદ સંભળાયો; તે તર્ફ જઈ તપાસતાં એક નાનું બારણું જણાયું જેને બીજી બાજુપર ઝન્જીર ચહડાવેલી હતી. ફરી કાન દઇ ધ્યાનથી કોઈનો ગુંગળાતો સાદ સાંભળ્યો. તેણે દરવાઝાની ફાટમાંથી કહ્યું.—

કોણ મુસીબતઝદા છે? કાંઈ જીવના જોખમ જેવું હોય તો જણાવવું ડરવું નહી–હું એક દસ્તગીર દોસ્ત છું."

તેની ખુશાલી વચ્ચે ધીમો પણ ખુલ્લો જવાબ મળ્યો કે "અગર આપ દોસ્ત છો, તો ખુદા આપનું ભલું કરે—આપનું કલ્યાણ કરો ઓય મારી આગળ આવી નહી શકો! દુશ્મનોએ મને એક ખંભ—એક થાંભલા સાથે જકડીને બાંધ્યો છે. અફસોસ મારા બંદ ખોલવાની મારી દરેક કોશીશ બે ફાયદા-બેસુદ નીવડી છે! વ્યર્થ ગઈ છે. હવે હાથમાં તાકત બાકી નથી. લબપર જાન છે. બચાવનાર પાક યઝદાન છે પણ આપ કાંઈ કોશીશ નહીં કરો.?"

"ઇન્શાઅલ્લાહ! મારેથી બનતું કરી તમને બચાવીશ. લેકીન મને એતો બતાવો કે બારણાંને જે ઝંન્જીર લગાવી છે તે તેના અધવચ્ચે છે કે ચૌખટને મથાળે? ને તેપર તાળુંબી મારેલું છે કે?

"જયાં લગી આંખો ખેંચી જોઉં છું, તાળું કે કુફ્લ કાંઈ નથી–સિર્ફ સાંકળ ચહડાવેલી છે, જે બારણુંને મથાળે છે."

"ઠીક, ઠીક, ઝરા સબ્ર કરો " નઝીરે દિલાસો દીધો કમરબંદ ખોલી તેમાંથી એક નાની કોથળી ખેંચી કહાડી બારણુંની ઉપલી બાઝુ જયાં સાંકળ હોવાનું સાંભળ્યું હતું ત્યાં સુરાખ પાડવા માંડયું તે પુરૂં થતાં બીજું ત્રીજું એમ તેનો આખો હાથ અંદર જઇ શકે તેટલાં મોટાં કુંડાળાંમાં અકેક પછી સુરાખ પાડતો ગયો. દરવાઝાના તખ્તામાં આવી રીતે નઝદિક નઝદિક સુરાખો પાડવાની મતલબ એ હતી કે તેપર ઝોરથી એક મુક્કી મારતાં તેમાં મોટું બરકું પડે તો તેમાંથી હાથ ઘુસાડી બીજી બાજુએ ચહડાવેલી સાંકલ ઉતારી દરવાઝો ખોલે.

"પાક પરવરદિગારને ખાતર ઉતાવળ કરો મહેરબાન!" બીજી બાજુથી કાકલુદીભર્યો સાદ સંભળાયો.

એમ ઉતાવળ કરવાની કાકલુદી કરવાનો શો સબબ હતો તે જાણવા માટે આપણે થોડીક પળ ઉપલી બાબતનો સિલસિલો તોડી બીજી ગમ નઝર દોડાવી જોઇશું કે જેહાંગીર દોટીવાળાએ ખુરશીદ જાનને કોઇ અજાણ્યા શખ્સ સાથે જોઇ તેની સાથ ઝગડો કરવા પહેલાં શું કર્યું હતું.

તે એક અંધારી ઓરડીમાં ઘુસ્યો, જ્યાં તેનાજ જેવો જવાન પારસી ભોંયપર ચત્તો પાટ પડેલો હતો, તેને જોઈ તે બડબડયો. "મારા ધારવા પ્રમાણે એ અહીંજ મુવેલો છે!"

આ ભોંયપર પડેલો જવાન પારસી કોણ હશે તે વાંચનાર તું અટકળી શકે છે? નહી! તો લે હુંજ કહું. તે કમનસીબ જીમી પટેલ બેહોશીમાં પડેલો હતો. પહેલાં તો બદમઆશ જેહાંગીરે તેને મુવેલોજ માન્યો, પણ વધુ આગળ જઇ જોતાં જણાયું કે તે જીવતો હતો, પણ જાગતો ન હતો, પણ જાગવાની તૈયારીમાં હતો. બેહોશીની જે દવાઇ પાઇ હતી તેની અસર ઉતરવા માંડી હતી.

"એનું ખાનું ખરાબ થાય હજી જીવતો મુવોછ! એ દમ લે છે; મુવો નથી પણ સુતેલો છે."

થોડીક પળ થોભી તેણે વિચાર કીધો. આખરે કોઇ શયતાની વિચાર તેને સુઝયો. તેના ચહેરાપર હયવાન્યત ચિતરાઈ. તે બડબડયોઃ-

"આ હા! મારા જાની દુશ્મન! તું જીવતો રહીને મને જીવતો મારે? હરગીઝ નહીં. મારા રસ્તામાંથી તારો કાંટો નહીં કહાડું તો મારૂં નામ જેહાંગીર નહીં. હા; આ અંધારી ઓરડીની જાડી દિવાલોને એનું દોખમું બલ્કે સુધરેલા પારસીઓ જેમ ભુમલાની કાની ભુંજાઇ મરવાની હોંશ કરે છે તેવું મારૂં "પેટંટ ક્રીમેટોરીયમ" બનાઉં! ડીનેમાઇટથી આ કંગાળ ઘરજ ઉડાવી મુકું કે આ કંગાલની સાથે મને નિ[illegible]વી નિચવીને ખાતી પેલી ચંડાલ ચુડેલ ખુરશીદજાન પણ જહન્નમનો રસ્તો લીયે; આ મકાનનો કાટ તે બળી મરેલાંઓનાં હાડકાંની કબ્ર બને; પેલી દદા ડોસીનો બી અંત આવી જાય. દુન્યાં મારાં દુશ્મનોથી પાક થઇ જાય!"

તેણે પોતાને ગળે ઓળવેલો નાઝુક અને ખુશનુમા દેખાવનો ચામડાંનો કોથળો કહાડી ઝમીનપર મુકયો, અને તે માહેલી જીવલેણ

જણુસો તેમાંથી બાહેર કહાડી એક બાજુપર જમાવી. પછી બેહોશ બનેલા જીમીના હાથ પગ મજબુત જકડી તેને એક ખંભ સાથે બાંધ્યો. વળી એકવાર તે વિચારમાં પડયો. તેનું હૃદય તેને ડંખતું જણાયું. પણ બીજીજ પળે તેપર શયતાન ગાલેબ થયો. તે ખુનપર ચહડયો. પેલી બાજુએ મુકેલી ચીઝો તર્ફ એક નિગાહ ફેંકી, તેજ પળે જીમીને સસરતો જોઇ તે ઉતાવળમાં પડયો; ઝડપથી એક નાનો દાબડો તે અર્ધ બેભાનીમાં પડેલા જવાનની કમ્મર હેઠળ મુકયો, જેમ કરવા પહેલાં એક લાંબી દોરીનો છેડો તે દાબડાનું ઢાંકણુ ખોલી તેમાં દાબી પાછું ઢાંકણુ મુસ્તહકમ બંધ કીધું અને બીજો છેડો લઇ તે ઓરડીમાંથી બાહેર નિકળી ખુરશીદજાન વાળા ઓરડા તર્ફ ચાલ્યો અને જયારે દોરીની લંબાઈ પુરી થઇ ત્યારે ગજવામાંથી કાંડી કહાડી તે છેડો સળગાવી હયવાન્યતભર્યા હર્ષથી તે હસ્યો. વાંચનાર પેલા દાબડામાં શું હતું, તે સાથે વળગાડેલી દોરીની શી મતલબ હતી, અને તેનો બીજો છેડો કાં સળગાવવામાં આવ્યો હતો? તે દાબડો ખાનાખરાબીનો સામાન યાને ડીનેમાઇટથી ભરેલો હતો, પેલી દોરી ડીનેમાઇટ સળગાવવાનો 'ફતીલો' હતો, ત્યારે હવે સમજ પડશે કે તેને સળગાવવાની શી મકસદ—શી ધારણા હશે?

"હવે શહેરાંને સમજાવી મારી બનાવી લેવાનું અને પૈસે પૂરા ઉકકડજીનો ઘર જમાઈ–તેમનો એકલો વારસ થઇ બેસવાનું કામ પાનને ચુનો લગાડે એટલા વકતનું છે." એમ તે મનમાંજ અદરાઇ પરણી હરખાવા લાગ્યો.

'ફતીલા'ને સળગાવી તે બરાબર પોતાનું કામ કરતો હતો કે

નહીં તે જોતો ઉભો. ધીમે ધીમે ઇંચ પછી ઇંચ ચીણગારી આગળ વધવા લાગી. અરધા કલાકમાં તો પેલું મકાન હવામાં ઉડી જશે એવા હવાઇ ખીઆલમાં તે મસ્ત બન્યો, અને ત્યાંથી ચાલી જતાં બોલ્યોઃ—

"વર્ષો સુધી સંભળાયલા નહીં એવા ધડાકાથી આ સુંદર નગ્રીની નિંદ્રામાં આજે ખલલ પડશે, અને તેનો દોષ કોણને સર લગાડવામાં આવશે? કોણ જાણે એની મોંકાણમાં કોણ કોણ બેગુનાહોને પોલીસ ગિરિફતાર કરશે, ને તેઓપર ગુનાહ સાબેત કરી કોઇને કાળાં પાણીની સયર કરાવશે તેઃ કોઇને ત્રણ લાકડે ચહડાવશે તે જોવાની મઝાહ મઝાહ પડશે, અને અખબારવાળાઓ જે જુઠ્ઠાં નાપાયદાર લખાણોના સફાપર સફા ભરશે તે વાંચતાં ખુબ રમુજથી કલેજાં ધરી હસવાનું મળશે." એવા એવા દોઝખી ખિઆલોથી તે દુન્યવી દેવનું ચિત્ત ચળી ગયું.

ચાલો હવે આપણે જીમી પટેલ-સિકડાઇ બંધાઇ લાઇલાજ પડેલા તે નિર્દોષ જવાન-તર્ફ પાછી નિગાહ ફેરવીએ. ગરીબ બિચારો! કેટલેક ઠેકાણે જખ્મી થયલો નાતવાન અને કોઇ ઝહેરી દવાથી બેભાન પડેલો જીમી લાચાર જીમી. દરેક પળે ડીનેમાઇટનો ભોગ બની મલકીલ મઓતની ચુંગલમાં ફસી પોતાના પાક પયદા કરનારની જનાબમાં જવાનો હતો. દર સેંકડે પેલા 'ફતીલા'ની ચિણગારી આગળ વધવા લાગી. ધીમે ધીમે તે છેક પેલી અંધેરી ઓરડી કે જેમાં જીમી બંધાઇને પડેલો હતો તેના દરવાઝામાં દાખલ થઇ અને બીજી પાંચ મિનીટમાં તો પેલા ખાના ખરાબીના દાબડામાં પેસી પોતાનું

શયતાની કામ પૂરૂં કરનાર હતી; તે રફ્તા રફ્તા છેક જીમીની નઝદિકીમાં આવી અને આગળ આગળ વધતીજ ગઇ. હવે ભાગ્યે એક હાથ દોરી બાકી રહી હતી. જીમીનો કાળ માથાંપર આવી ઉભો હતો. બીજી બે પળમાં તો એક ઝબરદસ્ત ધડાકો અને સઘળું શાંત!

વાચરનાર હવે હયબતથી મનમાં બોલી ઉઠશે કે "ઓ પાક પરવરદિગાર! શું પેલી જીવલેણ ચીણગારી પેલા બાના ખરાબીના દાબડા સુધી જઈ પુગશે? અને એક નિર્દોષ જવાન એક શયતાનનાં કાવત્રાંનો ભોગ બની મરશે?" પણ સબ્ર વાંચનાર! જેને પાક ખુદા બચાવનાર તેને કોણ મારનાર કે સતાવનાર! તે કાદેરની કુદ્રતની શાન તો જુવો.

અરે! પેલી ઓરડીમાં આવાઝ શેનો થયો? માત્ર તે એક ધકારોજ હશે. પણ અરે તે પાક ખુદાની અણદીઠ આંખો સિવાય પેલી બાને ખરાબી ભરેલી ચિણગારીને આગળ વધતી કોઇ જોતુ હતું કે? એક બાલેશ્ત-એક વેંત 'ફતીલો' બાકી હતો! અને પછી કામ તમામ! પણ વાંચક અઝીઝ! પેલી આગળ વધતી જતી ચિણગારીઓપર હીરા જેવી ઝળકતી ઝીણી બે આંખો જોતી હતી. તે ચળકતી ચશ્મો ધરાવનાર પેલા બળતા 'ફતીલા'ના ટુકડાની છેક નઝદિક આવી તેની બદબુ(?)સુધી દુર ખિસી જાય છે. હવે ફકત ચાર આંગળ પેલી દોરી તેમજ જીમીના જીવની દોરી બાકી છે! ખુદા પોતાનો ફઝલ કરે!

પેલી ચળકતી ચશ્મોની જોડ આગળ વધતી ચિણગારીઓ પરજ ચોંટેલી છે! પેલો કમનસીબ, દુરભાગ્ય ઇન્સાન તો જાણે ઉંઘમાંજ

પડેલો છે! મલકિલ મઓતની તલવાર તેનાં માથાંપર લટકતી દેખાય છે! પણ પેલો ઉંઘતો શખ્સ હાલતો જણાય છે; તેની આંખો ઉંઘ-ડતી દેખાય છે. ચાલો હવે પોતે કેવી ધાસ્તીમાં છે તે જોઇ લેશે ને માત્ર દોઢ ઇંચ બચેલો 'ફતીલો' બુઝાવી પોતાનો પ્યારો પ્રાણ બચાવી લેશે. પણ નહીં તે તો ફરી પોતાની આંખો મુચી દે છે! મગર સબ્ર! ઉપર વાંચી ગયા તે આંખોની ઝીણી ચળકતી જોડી બળતા 'ફતીલો'ની ચિણગારીઓપરજ ચોંટેલી છે. હવે તે 'ફતીલો' સવા ઇંચ બાકી છે. ફક્ત હવે સવા મિનીટ જીમીની ઝિન્દેગીની દોરી લંબાશે! શું તે કમનસીબનો બચાવ નહીંજ થશે? હવે એકજ, ફકત એકજ પળ, અને, ઓ! તે વિચારથીજ દિલ ધપકે છે—હૃદય કમકમે છે! ત્યારે પેલી ચળકતી આંખોવાળો આ બધો તમાશો કાં જોયા કરતો હશે? તેનામાં દયા નહીં હશે? બીજા માટે નહીં તો પોતે કેવા જોખમમાં હતો તેનોબી તેને ખીઆલ નહીં હશે? વાંચ-નાર કુદ્રતી રીતે સવાલ કરશે કે એવો તે કોણ હશે? ધીરે, ભાઇ ધીરે; સૌ નજરની સામે આવશે. તે ચળકતી આંખોવાળાને અંતની ઘડીએ જ્ઞાન આવે છે. તે બાકી રહેલો બળતો ફતીલો દાબડા આગ-ળથી કાતરી છુટો કરે છે. આહા! તેને કાતર કયાંથી મળી ગઇ? વાંચનાર હવે તારી ધીરજ ખુટી ગઇ હશે વાસ્તે કહી દઉં છું કે પેલો ચળકતી આંખોવાળો 'ફતીલો' કાતરી નાખનાર કોઇજ નહીં પણ ઊંદર મામો હતો! તેજ પળે પાસેનો દરવાઝો ખુલ્યો અને એક ઇન્સાનનો આકાર દાખલ થતો જણાયો. અરે! તે મરણનો દુત મઓ-તનો ફરીશતો તો નહીં હોય? તે આકાર તર્ફ જુવો. તે ધીમે પણ

મક્કમ પગલે આગળ વધવા લાગ્યો અને સિકડાઇ બંધાઇ પડેલા પટેલ જીમી પટેલ—આગલ આવી ઉભો! અજાયબી પર અજાયબી! જીમીએ શું જોયું? એક અજાણ્યો બની આદમ-એક ઇન્સાન ગોયા તેનો બચાવનાર ફરીસ્તો બની સામો આવી ઉભો હતો. તે કોણ હતો? વાંચનાર, કહેવાની કાંઈ અગત્ય છે? તે આપણો બહાદુર મીરઝા નઝીર બેગ હતો-જે હયદરાબાદી નવ્વાબ અદાવત જંગનાં પોષાકમાં જીમી સન્મુખ આવી ઉભો હતો. તે વાંકો વળ્યો અને એક તેજ છુરી વતી જીમીના બંદ કાપી તેને રેહા-છુટો કીધો.

જીમીની અજાયબી સાથ અહેસાનનો પાર રહ્યો નહીં. તેણે પોતાના મોહરીન-ઉપકર કરનારને ટુંકમાં પોતાની કહાણી કહી તેનો મુખ્તેસર મઝમુન-ટુંકો સાર એ હતો કે ખુરશીદ જાને મને એવો ધોકો આપ્યો કે ઉકકડજીની બહેતરી થાય તેવી કોઇ બાબતપર જેહાંગીર કાંઇ ખાનગી ખુલાસો કરવા માંગતો હતો. અને હું બેવકુફ બની અહીં આવ્યો. ખુરશીદ જાનની ધરવાળી ધરડીએ મને એક કોફીનું કપ લાવી આપ્યું જે હું મુર્ખો આંખ વિંચી ગટાવી ગયો; ત્યાર પછી શું બન્યું તેની મને ખબર નથી. પણ જ્યારે હું હુસ્યારીમાં આવ્યો ત્યારે જાણ્યું અને જોયું કે મને બેહોશ બનાવી આ અંધેરી કોટડીમાં લાવી આ થાંભલા સાથે બાંધ્યો હશે. હું ઘણો ભુખો છું અને પાક પરવરદિગારે તમને મારી મદદે મોકલ્યા નહીં હતે તો આજે મારા દહાડા ગણાઇ ચુકયા હતે. આહા જેહાંગીર, જેહાંગીર! દોસ્તના સાયામાં તું દુશ્મન ઝાહેર થયો। મારી સામે આવે તો તેને ચીરી નાખું." તે વધુ બાલી શકયો નહીં. તે થાકી ગયો હતો તે સાથે ગુસ્સાથી ગુંગળાતો હતો.

નઝીરે જોયું કે જેહાંગીરપર તે એટલો ક્રોધાયમાન હતો-એટલો તો ગુસ્સાના આતશથી બળતો હતો, કે ગમે એવો નાતવાન બનેલો છતાં પોતાના હરીફને હંફાવવા તે કમ્મર કસશે છે, અને તેનો મદદ-ગાર થઇ પડશે; અને તેથી જેહાંગીરપર હુમલો કરવાનો તેણે ઠરાવ કીધો.

પણ ઘરનાં બધાં બારણાં બંધ કીધેલાં હોવાથી જ્યાં જેહાંગીર હતો ત્યાં પહોંચવું મુશ્કિલ હતું; વળી કોઇ બારીવાટે અંદર દાખલ થવુ ડહાપણભરેલું નહીં હતું.

મીરઝા નઝીર બેગે પોતા પાસેની પિસ્તોલમાંની એક જીમી પટેલને આપી કહ્યું:—"તમે તમારા બચાવમાં એનો ઉપયોગ કરશો તો ગુનેહગાર ઠરશો નહીં. એક ખુફીઆ પોલીસના અમલદાર તરીકે ગોળી ચલાવવાનો તરીકો નાજાએઝ છે, સિવાય કે તેમ કરવાની અંષદે ઝુરૂરત પડે-તેમ કર્યા વિના છુટકજ નહીં હોય."

જેવા તેઓ પેલી અંધેરી કોટડીમાંથી નિકળી થોડોક રસ્તો વટાવી ઘરના વરંડાપર ચહડયા કે ખુરશીદ જાનના ઓરડાનું બારણું ખુલ્યું, અને તેણી સાથે મઝાહ મારવા કોણ મવાલી ઉતરી પડયો હશે તેની શોધમાં ગુસ્સાભર્યો જેહાંગીર બાહેર નિકળતો દેખાયો.

એક પળ પણ ખોયા વગર, જેમ બિલાડી ઉંદરપર તરાપ મારે, જેમ ચિત્તો હિરનપર કુદે, તેમ નઝીરબેગે કુદીને જેહાંગીરને ટોટામાંથી પકડયો—અને પકડયોબી એવો કે તે કમીનો કમબખ્ત ગુંગળાઇજ ગયો. તે ચહેલી જેવાં મકાનના કમરાઓમાં રહેતી ખુરશીદજાન જેવીજ બીજી સંખ્યાબંધ સ્ત્રીઓ ત્યાં ચાલેલા ગડબડ ઘોંટાળાથી કયારની બાહેર નિકળી ઉભી હતી. તેઓ કે તેઓના કોઇ આશના

કે મદદગારે જેહાંગીરને બચાવવાની સ્હેજ પણ દરકાર કરી નહીં અને તમાશો જોયા કીધો. એક પલકારામાં નઝીરે જેહાંગીરના હાથ લોખંડી કડીઓથી શણગાર્યા અને જીમીની મદદ સાથ તે લુચ્ચાને ઘરની બાહેર ઘસડી લઇ ગયો. ભોગ સંજોગે કોઇ અધયાશો તેજ ઘરની મુલાકાતે આવ્યા હશે તેમની ભાડુતી ગાડી ત્યાં દરવાઝા આગળજ હાજર હતી તેમાં જેહાંગીરને હડસેલી તેને ગિરેફ્તાર કરનારાઓ તેમાં બેઠા અને નઝીરે તે ગાડી પોલીસચૌકી તર્ફ હાંકવાનો હુકમ કીધો.

જેહાંગીર તદન ગભરાઇ ગયો હતો. તે હીચકારો હોવાથી પોલીસ ચૌકીપર પુગવા પહેલાં જીમી પટેલ સાંભળે તેમ પોતાના ગુનાનો એકરાર કરવા મંડી ગયો. તે બોલ્યો કેઃ—

"ચોપડાઓમાં જાલસાઝી કરનાર, બાઇ પટેલ જેવા અક્ષરે ખોટો જમા ખર્ચ, અને શહેરાંપર કાગઝ લખુનાર હુંજ કમબખ્ત છું. લુચ્ચા ફતેહ સુલતાને જુગારનું કર્ઝ અદા કરવાનું દબાણ કરવાથીજ મેં આવું નમકહરામી ભર્યું પગલું ભર્યું હતું. આપ સાહેબ હબશીના વેષમાં જ્યારે ખુરશીદના કમરામાં હતા તે વકતે મેં નાદાની કરી આપ સાહેબપર પિસ્તોલ ફોડી હતી તેની મોઆફી ચાહું છું."

"અમારો ધંધોજ એવો છે કે જેમ ગલીઓમાં છોકરાઓ લખોટા રમે તેમ અમને પિસ્તોલની ગોળીઓ સાથે રમવું સાધારણ રમત જેવું છે." બેદરકારીથી નઝીરે કહયું.

પોલીસના ઠાનાપર બી ઉપર મુજબની ઝબાની જેહાંગીરે લખાવી.

જીમી પટેલ પોતે પુરો પાક અને સાફ હતો. પોતાપર છલઝા-

મનો ઝાંખો સરખો પણુ ડાઘ ન હતો તે જાણી પાક ખુદાના શુક્રાના કરવા લાગ્યો.

પોતાને બંદે બલામાંથી રિહા કરનાર મોહસીન મીરઝા નઝીર બેગની દિલો જાનથી રૂખ્સત લઇ જીગી પટેલ છુટો પડયો અને નઝીર પોતાને ઘેર જઈ નિરાંતે સુઇ ગયો.

પ્રકરણ આઠમુ.

સચ્ચાઇનુ સુખી સેવટ.

જેહાંગીર દોટીવાળો સપડાયલો હોવાથી હવે ફતેહ સુલતાનની પુઠ પકડવાની હતી.

મળેલી ખબર મુજબ શહેરના એક જુદાજ ભાગમાં મીરઝા નઝીરબેગે છાવની નાખી.

ફતેહ સુલતાનને હુ-બ-હુ મળતા કોઇ મુસલમાનને ઘોડાનો વેપાર કરતો કોઇએ જોયો હતો. હાથ હેઠલનાં માણસોને છુપે વેશે મોકલી દર્યાફ્ત કરતાં માલુમ પડયું કે લોકોના તબેલામાંથી તફડાવેલા ઘોડાઓ વેચવાની તે શખ્સ દલાલી કરતો હતો—અલબત્તા તે ઘોડાઓ વેચવા પહેલાં તેમની અયાલ, દુમ, કાપવાની, દાંત ઘસવાની અને શરીરપરના બાલ કાતરવાની સંભાળ લેવાતી હતી કે જેથી તે જાનવરનાં રંગ રૂપમાં ઘણો ફેરફાર થઇ જતો હતો. એ 'ચોરબાઝાર'ની

પાસેજ રહેવાના ખીઆલથી ઉપર વાંચ્યુ તેમ નઝીર તેની પાડોશ-માંજ પડાવ નાંખી પડયો હતો. આ વકતે તેણે એક અફઘાનનો સ્વાંગ લીધો હતો, અને પોતાને હયદરાબાદની રોહીલા પોલીસનો જમાદાર રૂસ્તમખાંનાં નામથી ઓળખાવતો હતો, અને બિમારીની રુખ્સતપર અફઘાનીસ્તાન જવા પહેલાં સુંદર મુબઇ નગ્રીમાં થોડોક વકત રહેનાર હતો એમ જણાવતો.

ઉપર મુજબ ઠીકઠાક કરી કોઇ ચોકકસ કામસર ઉકકડજીની મુલાકાત લેવાને નઝીરે વિચાર કર્યો. હયદરાબાદી અફઘાન પોલીસ સ્વાંરના વેષમા તે પોતાના વફાદાર ઘોડા 'શબરંગ'પર સવાર થયો અને 'સર્રાફ મન્ઝીલ' તર્ફ ચાલ્યો.

'શબરંગ' કાબુલી તુખ્મનો અંધેરી રાતથીબી કાળા રંગનો સિયાહફામ ઘોડો હતો. નઝીરે તેને એવી સરસ ત્આલીમ આપી હતી કે તે ઘોડો પોતાના શેઠના ઝબાની હુકમ કે હાથ અથવા પગના ઇશારાથી તેનાં દિલની ખ્વાહીશ સમજી જતો. માણુસ કરતાં એક દરજ્જે વધારે ચાલાક તે નિમકહલાલ જાનવર હતું-ફકત બોલ-વાની વાચા ન હતી. અંધેરી રાત થવા પછી રૂસ્તમખાં (નઝીર) ધીમે કદમે પોતાના ઘોડાંને ચલાવતો એક એકાંત રસ્તાપરથી પસાર થતો હતો, તેવામાં તેને કાને કાંઇ આવાઝ આવતાં લગામ રોકી ઉભો. રસ્તાની સામી બાઝુથી કોઇ માણુશો વાત કરતાં આવતા હતા.

એકજ લગામનો ઇશારો અને 'શબરંગ' રસ્તાની બાઝુમાં થોડીક ઝાડીનો ઝુંડ હતો તેની પાછળ જઇ જાણે દમ વગરનો પત્થરનો ઘોડો હોય તેમ શાંત ઉભો.

નઝીરનું યકબાલ બુલંદ હતું-તેનાં નસીબનો સિતારો ઉચ્ચ રાશીમાં ચમકતો હતો. બીજી બે પળ પસાર થઇ નહીં કે સામેથી આવતા બે શખ્સને ઝાડીથી બાહેર નિકળી આવી ત્રીજો મળ્યો. તેણે નઝીરને ઘોડાપર બેસી રસ્તેથી પસાર થતો બે મીનીટ આગળ જોયો હતો પણ તે પાપી આંધળાની બલાનેબી ખબર નહીં હતી કે તે તો થોડેક છેટે જઇ આપણે વાંચી ગયા તેમ ઝાડીમાં સંતાઇ ગયો હતો, અને તેઓની ચંડાલ ત્રગડીથી ત્રણ ગઝ દુર ન હતો.

પેલા આવનારામાંથી એકે ઝાડીમાંથી નિકળેલાને પુછયું-"શું સમાચાર સયફ ?"

"અરે હું તો તમો લોકથી કાંઇ ખબર જાણવાની ઉમીદમાં હતો."

"અમારી તર્ફ તો સૌ શાંત છે."

"રસ્તે આવતાં તમને કોઇ ઘોડેસ્વાર નહીં મળ્યો."

"ના, કોઇ નહીં."

"ત્યારે તે કોઇ આડે રસ્તે ફાટો હશે."

"તે સવાર કોણ હતો." બેમાનો એક જેનુ નામ ઇઠ્ઠુ હતું તેણે પુછયું.

"તે હું કહી શકતો નથી." સયફુએ સાદા દિલથી કહ્યું. "પણ અફવા છે કે આજ કાલ કોઇ બહાદુર આપણાજ જેવા નામચીન પેશામાં પડેલો છે, તે આ તર્ફ ઝબરી લુટ-ફાંટ ચલાવી પોલીસને ધુળ ફકાડેછ. મેં ધાર્યું કે તેજ હશે; નહીં તો આવી એકાંત જગાએ

અંધેરી રાતમાં મુંબઇનો કોઇ સુધરેલો બાયલો આવવાની હિમ્મત કરે એ તો બનવા જોગ છેજ નહીં."

"યાર સયપુ ! તું તો હમેસાનો એવોજ રહી ગયો. માર તોપ અલ્લાહ સચ્ચા હય, તેમ "મેં એમ ધાર્યું ને મેં તેમ ધાર્યું" કરી ધારણાઓની ધાર ચલાવ્યો જાય છે." કોકણી કહાને કહ્યું.

"એમ છે તો ખરૂં; આપણા નાઝુક ધંધામાં વાતેવાત શકમંદ બની સંભાળમાં રહેવામાંજ સલામતી સમાયલી છે. સમજ્યો બાપુ ?" સયપુએ શિખામણ દીધી, "પણ મારો ગોલી એ શક ને શુબાહને, અને હવે આજ રાતનાં કામની વરદી સંભળાવો."

"આજે તો નવીજ તરેહનો મામલો છે, કાંઇ નવોજ રંગ જામવાનો છે; ગામમાં ઘોડાઓની ચોરીની બુમ વલી પડવાથી હવે મુંબઇની પોલીસ ખાઇ પીને તેનો ચોર શોધી કહાડવા પડી છે, માટે થોડો વકત એ ધંધાને સલામ કરવી પડશે. હવે તો આપણો નવો સરદાર—"

"સુલતાન ?" કોકણી કહાન વચ્ચે બોલી ઊઠયો.

"તેજ, તેજ, ફતેહ સુલતાન ઘણોજ બાહોશ આદમી છે." સયપુએ ખુલાસો કરવા માંડયો. "આજે એક મોટી હવેલીમાં ઘુસવાનું છે, ફતેહ સુલતાન કહે છે કે મોઢાંમાં મસ્કો મુકી ગળી જવાનું જેટલું સ્હેલ છે તેટલું આસાન આજ રાતનું કામ છે."

"આપણે કોણની હવેલીમાં વગર તેડેના પરોણા ઉતરવાના છીએ ?" ઇટુએ પુછ્યું. "આજ કાલ તો લોકો ઘરનાં, ને વખારનાં,

દુકાનોનાં બારણાંઓને એવાં મઝબુત તાળાં મારતાં શિખ્યા છે કે તે ખોલવા કે તોડવાનું કામ મુશિકલ થઈ પડે છે કે વળી મોટી હવેલીઓમાં તો હાથી જેવા મોટા ને વાઘ જેવા વિકાળ કુત્રાઓ પાળેલા હોય છે એમ પણ લોકો બોલે છે."

"કમ્પાળ તારૂં; મુંગો બેસી રહે. કોઈએ તુને બનાવ્યો તેમ તુ ઉલ્લુ બની ગયો." સયડુ બોલ્યો. "ચોકી કરવા દેવો અને રાક્ષસોને રાખેછ એમ કહેવાનું તુને કહેનાર ભુલી ગયલો લાગે છે. સાંભળ ઓ ડરપોક ધાટા! જે હવેલીમાં આપણે ઊતરી પડવાના છીએ તેનું નામ સર્રાફ મન્ઝીલ છે. ત્યાંની તીજોરીઓનું તળીઉં સાફ કરવાના તો હું આજ વરસો થયા સ્વપ્ના જોયા કરૂં છું."

"તે ઘર ધણીનું નામ ઉકકડજી છે." એક ચોથો શખ્સ, જે પાછળથી આવી જોડાયો હતો, અને હમણાં લગી ખામોશ ઉભો હતો તે બોલ્યો. "તે ઘરનું ખુણે ખુણું મને માલુમ છે; તમો લોક ધારો છો તેમ, નથી ત્યાં હાથી જેવા કુત્રા કે રાક્ષસ જેવા રખેવાળો. પણ તે ઘરડાનો ધારેલો જમાઈ કદાચ હશે."

"એવો તે કેવો છે કે તેની ધાસ્તી?" એકે પૂછ્યું.

"એક તુચ્છ આદમી." પેલાએ ધિકકારથી કહયું.

"પોરાઓ છંભારીને કામ કરજો" ભાણીઓ જે હમણાજ આવી જોડાયો હતો તે બોલ્યો. "આજે સે તે ભાઇને કહું જે તીખાના પીઠાંમહીં ગીએલો, તીઆં છંદા વાત કરતા ઉતા કે પોલીછ બહુ ઉછીઆર બનેલી; કેહજે દગલે ને પગલે પોલીછનો પટાવરો ફરે. અહુવે!"

"ચિંતા નહીં બીરાદરો; આપણો નવો સરદાર એવો ચાલાક છે કે બધાની આંખમાં ધુળ છાંટશે; અરે યારો વિચારો–ખુબ ગઓર કરો કે આજે એવો છાંડો મળશે કે પછી ઉમરભર એ ધડક ધુત્ઝારાનો ધંધો કરવાની ઝુરૂરત પડશે નહીં." સયપુએ સમજાવ્યું.

"પણ 'તીજોરી' ફાડવાનાં હથ્યારો કયાં છે" ઇદુએ પુછયું.

"તું શું અમને ભોટ–બોટ સમજે છે કે?" સયપુ બોલ્યો. "અહીંથી ઉંચકી લઇ જવાની ઝહેમત, ને વળી રસ્તે કોઇ ભોંસ્યુ મળી જઇ ઝડતી લે તો કાલનો દુકાળ આજે પડે; તેથી જોઇતાં તમામ હથીઆરો–કોદાળી–પાવડા–સબ્બલ સુધાં–તેજ હવેલીની પાછલી દિવાર આગળ સંતાડયાં છે."

"કેટલે વાગે દરોરો પાડવાનું નકકી કર્યું છે?"

"બરાબર બે વાગે."

"ને હમણાં કેટલા વાગા છે જો? અરે પણ હું ગામનો કોટવાલ થોડોજ છું કે મારી પાસે ઘડીઆળ બળેલું હોય!"

બધાઓ ખડખડ હસી પડયા.

"હમણા નવ વાગા છે" પેલો ચોથો શખ્સ જેનું નામ હજી ઝાહેર થયું ન હતું તે બોલ્યો.

"પણ એટલો વકત કેમ પસાર કરીશું" એક જણે પુછયું.

"બાલુ ભંડારીનાં પીઠાંમાં." સયપુએ સલાહ આપી.

નઝીર નસીબવાળો ખરો. ન ધારેલા સંજોગ વચ્ચે તેને એ એક એવી ખબર ગોયા ઘેર બેઠાં મળી ગઇ હતી કે જેથી તે હર-

ખાઇ ગયો હતો. જે ચોથા શખ્સ વિષે આપણે ઉપર વાંચી ગયા તેનું નામ આપણે હજી જાણ્યું નથી. તેના આવાઝ અને વાતચિત કરવાની ઢબપરથી નઝીરે પોતાની અજાયબી વચ્ચે તેને આબાદ ઓળખ્યો હતો, તે જેહાંગીર દોટીવાળો હતો. આગળા ગુનાહ માટે તેની તપાસ ચાલે તે પહેલાં તેને કયદખાનામાં રાખ્યો હતો ત્યાંથી તે છટકી ગયલો હોવો જોઇએ. અને હતું બી તેમજ.

તે કેમ બન્યું તે આપણે જોઇશું. જે કાચી જેલમાં પુર્યો હતા ત્યાં બીજા કેટલાક મવાલીઓ પણ હતા. કોઇ નાહના ને કોઇ મોટા તકસીરની તપાસ થઈ ફેસલો મળે ત્યાં સુધી સરકારને ખર્ચે ખિચડો ખાતા ત્યાં પડયા હતા. તેઓમાં એક લીમજી લાલચુ નામે પારસી જવાન બી હતો—નરો જાણે જેહાંગીર દોટીવાળાનો જોડયો ભાઇ! તેનીપર કાંઇ મોટો ઇલઝામ નહીં હતો પણ આગળ ત્રણવાર જેલખાનાની સેલ કરી આવેલો નામચીન નંગ હોવાથી સિર્ફ શકપર પોલીસે પકડયો હતો, અને નવ્વાનું ટકા છુટી જવાની ઉમીદ હતી. 'આવરે ભાઇ હરખા આપણ બન્ને સરખા' જેવી જમા થયલી નકટા જોગીઓની જમાતમાં આ બેજ પારસી અપરાધી હતા; કુદ્રતી રીતે તેઓમાં દોસ્તી બાઝી. પરિણામમાં જેહાંગીરે પોતાના છુટકારાની યોજના ઘડી કહાડી. તેણે લીમજી લાલચુને મોટી રકમની લાલુચ બતાવી, જેથી લાલચુએ પોતાનું નામ 'જેહાંગીર દોટીવાળા' ધારણ કર્યુ અને જેહાંગીર 'લીમજી લાલચુ' બન્યો. તેઓએ એક બીજાનો પોષાક તબદીલ—અદલબદલ કીધો. એ બેમાંથી ખરો જેહાંગીર કે લીમજી કોણ અને ખોટો કોણ એ કહેવું મુશ્કિલ હતું

જેહાંગીર જે દીને કયદમાં પડયો તેને બીજેજ દીને લીમજીનો મુકદમો નિકળનાર હતો, પણ તેને બદલે તેનું નામ ધારણ કરેલા જેહાંગીરને કોર્ટમાં હાઝીર કરવામાં આવ્યો. તપાસ ચાલી, અને જેહાંગીરનાં વકીલે બાહેરથી કેસ ચલાવી 'લીમજી લાલચુ' તરીકે તેને નિર્દોષ ઠરાવ્યો અને તે છુટો થયો.

'કુનદ હમજીન્સ બા હમજીન્સ પરવાઝ' પાને ઝાતે ઝાત અથવા જેવાસે તેવા મળે તે કહેવત મુજબ તેને ફતેહ સુલતાન એક મોટા મદદગાર જેવો મળી ગયો હતો જેની સાથે તે ભીકકડજીનું ઘર ફાડવા જોડાયો હતો.

નઝીરે વિચાર્યું કે "પાંચ વર્ષને બદલે હવે તરીપાર ધકેલાઇ જવાનું એનાં કિસ્મતમાં લખાયલું છે."

તે બદમ્આશોની ટોળકી ચાલી જવા બાદ નઝીર છુપાવાની જગાથી બાહેર નિકળ્યો, અને પોતાના ઘોડાને એડ મારી અરધા કલાકમાં તો "સર્રાફ મન્ઝીલ" ના દરવાઝા આગળ આવી થોભ્યો. ઘોડાને વરંડાના કઠેરાસાથે બાંધી તે ઓટલાપર ચઢયો અને બારણાં ખડખડાવ્યાં.

દસ વાગાનો શુમાર હતો, ઘરમાં સઘળે ઠેકાણે ઝાંખી રોશની હતી પણ કિતાબખાનામાં ભભુકદાર દીવો બળતો હતો.

કોઇએ જવાબ ન આપતાં તેણે ફરીથી દરવાઝો ઠોકયો, અને કોઇએ અંદરથીજ સવાલ કીધો કે કોણ છો?"

"એક ગૃહસ્થ—એક દોસ્ત; ભીકકડજીશેઠને કાંઈ ઘણી જરૂરી વાત કહેવાની છે."

"પણ એક મોટાં માણસને ઘેર આવી મોડી રાતે આવવું મુનાસેબ નથી" અંદરથી જવાબ મળ્યો.

"ભલાં માણસ ખોલ દરવાઝો ઘણીજ અગતનું ને સાહેબના લાભનુંજ કામ છે."

દરવાઝો ખુલ્યો. એક અફ્ઘાનને જોઇ કાંઇ કાવત્રું છે એમ સમજી દરબાન ગભરાયો તે છતાં હાથ જોડી શાંત ઉભો. તેને નઝીરએગે પોતાનો કાર્ડ આપી અંદર મોકલ્યો, અને બીજી પળે તો શેઠ ઉકકડજી પોતે તેને ઈસ્તેકબાલે આયા. એક અફ્ઘાનને પોતા સામે ઉભેલો જોઇ તેવણ પહેલાં અચરત પામ્યા પણ તે અજાયબી ક્ષણવારનીજ હતી તેવણ સમજી ગયા કે નઝીરે સ્વાંગ લીધો હતો. તેઓ બન્ને કુતુબખાનામાં જઇ બેઠા પછી નઝીર બોલ્યો:—

"આવી મોડી રાતે આપની મુલાકાતે આવ્યાથી આપ અજબ થતા જણાઓછો સાહેબ પણ એમ આપને તકલીફ આપ્યા વગર છુટકોજ નહીં હતો સાહેબ, આપ ઝરા શાંત બની મારો અહેવાલ સાંભળી લ્યો. તમારા બેઇમાન નયકહરામ નોકર લુચ્ચા જેહાગીરની રહેબરી હેઠલ આજે રાતે બે વાગે તમારાં મકાનમાં ચોરો ઉતરી પડવાના છે. વળી એ બેવફા બદમ્આશ સાથે પેલો દોઝખી જુગારખાનાવાળો મુંસલમાન ફતેહસુલતાન બી જોડાયલો છે."

"એ ચોરોથી બચવાનો આપ શો ઇલાજ સુચવો છો મારા દોસ્ત?" ઉકકડજીએ પુછયું.

"આજે છેક મોડેથી કહોની કે અરધાજ કલાક અગાઉ એ કયફિયત મને મળી, લેકીન શુક્રે અલ્લાહ, આપને થતું નુકસાન અટ-

કાવવાનો પુરનો વકત મારા હાથમાં છે; અને મને ઉમીદેકવી-મોટી આશા-છે કે હું તે ચોરોને ગિરિફતાર કરી ઘટતી સઝાએ પહોંચાડીશ. આપણા શહેરમાંથી આવા બદમ્આસશોને નીસ્ત વ નાબુદ કરવા સરકારની ખ્વાહીશ છે, તેથી એ લુચ્ચાઓને જલ્દીથી પકડી પાડી નાહની શઝા કરાવવા માંગતો નથી, પણ મઓકકો આપી વધારે જુર્મમાં-મોટા ગુનાહમાં ફસાવી પકડવા માંગું છું કે જેથી એઓને તરી પારની સઝા થઇ શકે."

"આપની મતલબ હું સમજ્યો મિરઝા સાહેબ." ઊકડજીએ કહયું "હું તમારાં કામની આડે આવીશ નહીં. આજે રાત્રે લુટ ચલાવવા તે બદમ્આશોનો મારાંજ ઘર પર ડોળો છે, તો મારે બી ઇન્સાફનો રસ્તો મોકળો કરવા બનતી મદદ આપવી જોઇએ. હું ધારૂં છું કે એ લુચ્ચા લુટારાઓને પકડવા પોલીસની પુરતી ફોજ તમોએ તૈયાર રાખી હશે?"

"જોઇએ એટલી મદદ હું મેળવી શકીશ."

"હવે તમે શું કરવા માંગો છો?"

"સાંભળો સાહેબ; હરરોઝના મામુલ મુજબ આપનાં ઘરનાં સઘળાંઓએ સુવા જવું; જાણે ચોરી વિષે કશું જાણતાજ ન હોવ તેમ કાંઇ પણ વધુ ચોકસાઇ વગર હંમેશા મોઆફેકજ બારણાં બારી બંધ કરવાં. ઘરના તમામ ચેરાગો ખામોશ કરવા અને બાકીનું મારી-પર છોડી બેસવું."

"અને મારે શું કરવું?" ઉકકડજીએ પુછ્યું.

"આપના ઓરડામાં નિરાંતે સુઇ જવું."

"મારાં ઘરપર ધાડપાડુઓનો દરોરો પડવાનો જાણ્યા છતાં, તમે શું એમ ધારો છો કે હું નિરાંતે ઉંઘાઇ જઇશ?"

"આપે જાણવું જોઇએ કે આપના જાન માલની સલામતી સારૂ પોલીસની એક મઝબુત ચોકી આપના મકાનપર રહેશે." રહેજ હસી નઝીરે કહયું.

"તે તો ખરૂં મિરઝાં સાહેબ; પણ એવા ધડક ધુઝારા વચ્ચે ઉંઘ તે કેમ આવશે?"

"ઊંઘ આવે કે નહીં આવે લેકીન એ નિયાહત ઝુરરનું છે કે આપે આપનો ઓરડો છોડી બાહેર નિકળવું નહીં; અને સાહેબ, મારી એક વધુ અર્ઝ છે કે ચોરો ઘરમાં ઘુસ્યાં પછી અગર ઝપાઝપી, મારા કુટી બલ્કે પિસ્તોલબાઝી બી ચાલે તો બી તમારે બાહેર આવવુંજ નહીં—સિવાય કે હું પોતે તેમ કરવાને આપને અર્ઝ કરૂં."

"રોઝના નિયમ પ્રમાણે હવે સુવા જવાનો વકત થયો છે." ઉકકડજી બોલ્યા.

"તો ઠીક; ખુદા હાફીઝ; આપ સિધારો."

"પણ આપની ગોઠવણ મને ઘણી વિચિત્ર લાગે છે?"

"નહીં સાહેબ, નહીં. મારી હાઝરી કે સંબંધ વિષે ચોરોને રહેજબી સણસારો નહીં મળવો જોઇએ. તે લુચ્ચાઓના જાસુસોની નિગાહ આપનાં મકાનપર કદાચ હમણાંબી હોય તો અજબ નહીં. તેમને સહેજ પણ ગયર મામુલી હિલચાલનો શક પડશે તો આજનો

દરોરો મુલતવી રાખશે ને મારી મહેનત બરબાદ જશે. મેં આજે તેમને પકડવાનો ઠરાવ કીધો છે, અને તેથી દરેક ચીઝની મારી ઝાતે ખાતરી કરી લેવી જોઇએ."

ઘણી આનાકાનીથી ઉકકડજી સર્રાફ પોતાના સુવાના ઓરડા તફ ચાલતા થયા, જ્યારે પોતાને માથે ઉઠાવેલાં જોખમભર્યાં કામને સરંજામે પહોંચાડવા વધુ શું કરવું. તેનો જુરૂરી ઇન્તેઝામ ઘટતી વ્યવસ્થા કરવા નઝીર બાહેર પડયો.

ખુરીઆ પોલીસના બહાદુર અમલદારો ખતરનાક કામોથી ખઓફ ખાફ ડરતા નથી તેઓનાં મનથી તો તે એક બાઝી—એક રમત છે, છ છતાં તેઓ હંમેશાં સાવચેતીનાં પગલાં લેવાને કદી ચુકતા નથી.

લુટારા અને ધાડપાડુઓ અકસર જાંબાઝ—જીવપર રમનારા-ધાસ્તીભર્યા માણસો હોય છે. પોલીસના પંજામાં સપડાઇ લાંબું કયદખાનું ભોગવવા કરતાં જીવપર આવી સામે થઇ મઓતના ભોગ થવાનું તેઓ વધારે પસંદ કરે છે.

જે બદમ્આશોની ગિરોહ-ટોળકી સાથ તે રાત્રે કામ પડેલું હતું તેઓ કેવા નાતર્સ ખુનીઓ હતા તે મારઝા નઝીર બેગ બખુબી જાણુતો હતો. તે સારી પેઠે જાણતો હતો કે તેઓમાંનો દરેક ચાર ચારને પુરો પડે તેવો હતો. વળી તેઓ હથીઆરબંધ થઇ આવશે એમ પણુ તેની ખાતરી હતી.

પોતાના વફાદાર અસ્પ 'શબરંગ'ને સલામત જગાઓ બાંધી, અને આસપાસનો સર્વે રાહઘાટ જોઇ તે બંગલામાં ભરાયો.

ઘરના તમામ દીવા બુઝાવી અંધકાર ફેલાવી મુંક્યું હતું. નઝીરે કિતાબખાનામાં પોતાની નિશેસ્ત કીધી—બેકક લીધી.

સઘળું શાંત અને એકાંત હતું.

એક કલાક પસાર થઇ ગયો. નઝીરે પોતાનું ઘડીઆળ કહાડી કાંડીની રોશનીમાં જોયું અને મનમાં બોલ્યોઃ—

"તેઓ આવે તે પહેલાં બે કલાક પસાર થવા જોઇએ."

કોણ જાણતું નથી કે ઇન્તેઝારીમાં બેઠેલાં માણસને અકેક મિનિટ અકેક કલાક જેવી ભારી અને લાંબી લાગે છે? અને તેમજ નઝીરને અકેક મિનિટ એક નહીં પણ બબ્બે કલાક જેવી લાંબી લાગી.

તેના ચટપટયા જીવને ચયન પડયું નહીં. તેણે પોતાના કોથળામાંથી નમદાનાં તળીઆં ખેંચી કહાડયાં અને પોતાનાં ભારે બુટનાં તળ્યાંપર બાંધ્યાં અને તે ઘરની તપાસ લેવા ઉઠયો કે બ વકતે ઝુરૂરત કારઆમદ થઇ પડે.

કિતાબખાનામાંથી નિકળેલો લાંબી ચાલ પસાર કરી સામેના એક મોટા કમરામાં દાખેલ થયો. ગજવામાંથી ચોરફાનુસ કહાડી સળગાવ્યું અને તેની તેજસ્વી રોશનીથી તે કમરામાં અજવાળું ફેલાયું.

તેણે શું જોયું? તે એક શણગારેલો ઓરડો હતો. જ્યાં જુવો ત્યાં બે બહા—કીમતી અસબાબ પડેલો. સુંદર રાચરચીલાનું ગોયા ત્યાં પ્રદર્શન હતું. કીનખાબ અને મખમલના ગાદી તકીઆવાળા ઉમદા કોતરકામના સોફાઓ, ઝરબફતના પરદાઓ, ઇરાની ગાલીચો, સોના ચાંદીની તરેહ કિંસમની દિલકશ ચીઝો, મુલ્કે ચીનનાં અસલ ચીનીકામની

રંગબેરંગી અને નવાઇ જેવી હયરત કરનારી જીનસોથી તે કમરો ભ્ભાપૂર હતો—ભરચક હતો. દિવાલપર લટકાવેલા ઝાતઝાતના જાપાનીસ પરદા અને પંખા ઉપરાંત ઉત્તમ કારીગીરીના ફ્રેમ કીધેલો નકશો અને સુંદર ચિતારેલી તસ્વીરો શોભી રહી હતી. તે ઓરડો એક અમીરનાં અયવાન કરતાં પાદશાહના મહેલનો વધારે ખીઆલ આપતો હતો. ખરેખર ત્યાંની દરેક બેઅહા ચીઝ બાદશાહીજ હતી. આખરે દરેક તસ્વીરની ગોયા તપાસ કરતો એક પછી બીજીને ગઓરથી જોતો નઝીર એક ચોકકસ તસ્વીર આગળ આવી અચકયો. એમ અચકી ઉભો રહેવાનું કારણ આપણે જોઇશું.

જાણીતી વાત છે કે દઓલત ત્યાં દિલ, અને દિલ ત્યાં દઓલત નહીં, પણ ઉકકડજી બેઉના માલેક હતા—સાહેબે દઓલત વ સાહેબે દિલ. એવા ઉદાર ખવાસના હોવાથી તેવણે પોતાના મહેલ જેવાં મકાનના શણગારનાં સિર્ફ પોતાનાં ખેશીઓ કે કુટુંબીઓજ નહીં, પોતાના દોસ્ત આશના કે ઓળખીતાઓજ નહીં, પણ પોતાના ફરમાંબરદાર નમકખારો—યાને નૌકરોની પણ મોટી મોટી તસ્વીરો ચિતરાવી ટાંગેલી હતી, તે મુજબ લુચ્ચા જેહાંગીરની તસ્વીર જોઇ નઝીર અચકી ઉભો ને ખુબ ધ્યાનથી તેનો ચ્હેરો જોઇ મન સાથે બોલ્યો કે:—

"પાક ખુદાની પનાહ! આ ઘણુંજ ખઓફનાક—ઘણુંજ ભયંકર સ્વરૂપ છે! મને ધાસ્તી લાગે છે કે આજ રાતનો મામલો ગંભીર નિવડશે! આ તસ્વીરમાં ચિતારેલો જોતાં ઇલ્મે કયાફા શું જાહેર કરે છે—એની મુખમુદ્રા શું દેખાડે છે? શયતાની દિલનો ખબ્બીસ! ધાતકી, પાપી હૈયાંનો નાતર્સ હયવાન! કેવું અજબ કે

ઉકકડજી જેવા શરીફના મકાનમાં એની તસ્વીર! એ બી ફરતાં આંસમાનની કજરવી—ઉલ્ટી ચાલની નિશાનજતો! પણ મારે તો મારી ફર્ઝ અદા કરવાની છે અને તે કરીશ."

ઉપર મુજબ ઉંડા વિચારમાં પડેલો હતો એવામાં તેને કાને કાંઇ આવાઝ પડતાં તેણે પોતાનું ચોર ફાનુસ ગજવામાં ઠેસવી દીધું અને હોશીઆરીમાં તે ઇન્તેઝારીથી ઉભો. તે વમાસણમાં પડ્યો, હજી તો બાર વાગેલા હતા. ધાડપાડુઓ પોતાના ઠેરવેલા વકતને ચિવટાઇથી વળગી રહેવાનો કાયદો તે સારી પેઠે જાણતો હતો. ત્યારે આવાઝ કયાંથી આવ્યો અને કોણે કર્યો હશે?

ઉપલી ગુંચવણમાં તેને વધુવાર થોભવું પડયું નહીં; તેને મઆલુમ પડયું કે કોઇ શખ્સ ઉંધાડે પગે તે ઓરડામાં દાખેલ થયો હતો. નઝીરે વિચાર્યું કે ઘરનો કોઇ નૌકર નફર હશે; અને હતું બી તેમજ. તેથી તેણે પોતે ઝાહેર પડવાનું મુનાસેબ વિચાયું, અને ઘટતી સંભાળ અને ધીરજ અને આહિસ્તગીથી તેણે તેમ કર્યું. જ્યારે પેલા ઇમાનદાર નૌકરે જાણ્યું કે ચોરો તેના શેઠનાં મકાનપર તુટી પડનાર હતા અને તેથી છુપી પોલીસનો અમલદાર ત્યાં છુપાઇ બેઠો હતો ત્યારે તે ઘણો ગભરાયો, અને બેસબ બની બોલ્યોઃ—

"ત્યારે શું ચોરો ખરેખર આજે રાત અહીં તુટી પડશે?"

"ઘરનો કોઇ નમકહરામ તેઓને હુશયાર નહીં કરે—તેઓને ચેતાવે નહીં, તો મારી સોએ સો ટકા ખાતરી છે કે બે કલાકમાં તો તેઓ આ ઘરમાં હાઝીર થશે."

"પણ સાહેબ એ વિશે આ ઘરનું એક બી માણુસ જાણુતું નથી તો પછી ચોરોને ચેતાવશે કોણ?" પેલા વફાદાર નોકરે કહ્યું.

"ઠીક છે ત્યારે, તું તારી ખારડીમાં ચાલી જા, અને હું બોલાઉ ત્યાં લગી–ગમે તે થાય તો પણ તું બાહેર નિકળતો ના."

વકત પસાર થતાં થાય નહીં! ઘડીઆળ બંધ તો નહીં પડયું હોય? પણ નહીં; તે બરાબર 'ટિક–ટિક' કરી ચાલતું હતું. કદાચ ચોરોએ પોતાનો પાપી ઇરાદો માંડી વાળ્યો તો ન હોય? ચોકકસ ઠેકાણેથી તેમને ચેતવણી તો નહીં મળી હોય?

ઉપર મુજબ તરેહવાર વિચારોમાં વકત પસાર થયો; બે વાગવા આવ્યા; નઝીરબેગ મુન્તેઝિર—ઇન્તેઝાર બની બેઠો. એકાએક તેના અંધેરા ઓરડામાં રોશનીનું એક કીરણ ચમકી ગુમ થયું—જાણે વિજળીનો ક્ષણભંગુર ચમ્કારો થયો! તે બડબડયો કે "આખરે આવ્યા ખરા!"

કેટલે વાગે તેઓ આવશે એમ તે જાણતો હતો તે છતાં, તેણે તેઓની આશા છોડવા માંડી હતી, પણ જયારે તેઓને આવેલા જાણ્યા ત્યારે તે થોડો ત્આજુબ થયો નહીં.

કિતાબખાનાની એક નાની બારી વરંડાપર ખુલતી હતી, અને રોશનીનો ચમકારો તેમાંથી થઇ ઘરમાં પડયો હતો, કારણ કે લુટારૂઓમાંના એકે તે બારીના કાચપર પોતાનું ચોરફાનસ ફકત એક પળ દબાવ્યું હતું–જેથી તે ખેંચી લેતાં અંદર પાછું અંધારૂં થઇ ગયું હતું.

"ચાલો હવે મારી વારી આવી." નઝીર મનમાં બોલ્યો, તે

કિતાબખાનામાંથી બાહેર પડ્યો અને તેના બારણાં બંધ કરી તેની કળના સુરાખમાંથી માંહે શું બને છે તે જોવા ઉભો.

નઝીરબેગ દરેક બનાવની આગળથી ગણત્રી કરતો હતો. તે ચાહતો હતો કે ધાડપાડુઓ ઘરમાં દાખેલ થાય; તેઓને એકદમ પકડવાની ઉતાવળમાં પડવા નહીં માંગતો હતો; તેની એવી યોજના હતી કે તેમને ઘરમાં સહેલાઇથી વગર અડચણે દાખલ થવા દેવા—તેઓને લુટફાટ કરવા દેવી—અને જ્યારે કોઈ એવાં કામમાં મશ્ગુલ હોય કે તે ગુનાહ માટે કાયદામાં મોટામાં મોટી સઝા ઠરાવી હોય, તે વકતે તેમને મુદ્દા સાથે પકડવા.

તે બદમ્આશો પોતાનું કાળું કામ કરવા સવ પ્રકારે સજ્જ થઇ આવેલા હતા. બોલ્ય બોલતાંમાં તેઓએ પેલી બારી ખોલી નાખી, અને તે વાટે બે જણ અંદર આવ્યા. એક માણસને દેખરેખ રાખવા બાહેરજ ઊભો રાખ્યો હતો.

અંદર આવેલા બન્ને શખ્સોએ પોતાનાં મોઢાં માથાં એવી રીતે વિંટાળી લીધાં હતાં કે તેમાંથી સિર્ફ તેઓની આંખોજ ખુલ્લી હતી. તેઓ અંદર આવતાંજ તે ઓરડાની ગોયા તપાસ લેતા હોય એમ લાગા, અને આખરે ધીમે સાદે કાંઇ મશ્વેરો કરતા ઉભા.

થોડીક પળના મશ્વેરા પછી દરવાઝાની કળના સુરાખમાંથી નઝીર જોતો હતો તે દરવાઝા તર્ફ આવતા જણાયા. તેજ પળે નઝીર ત્યાંથી સટકી ચાલમાંથી પસાર થઇ સામેના ઓરડામાં સંતાવા લાગ્યો પણ તેને જણાયું કે કોઇ અગાઉથી તેમાં ભરાયલું હતું—કારણ કે ગમે એવુંજ અંધારૂં છતાં નઝીરની તીક્ષણ આંખોએ એક માણસાઇ આકાર

નઝરે પડયો હતો. ધીમેથી પેલા દેખાતા આકાર ભણી ચાલતાં તે વિચારવા લાગ્યો કે "ઘરમાંનો કોઇ નોકર એઓનો મળતો લાગે છે."

પેલા ઓળા જેવા દેખાયલા આકારને ગળચીમાંથી પકડી હળવે સાદે પણ થથરાવીને કહ્યું. "ખબરદાર! સ્હેજબી ગડબડ કે પેલાઓને ચેતાવવાની કોશીશ કીધી કે તેજ પળે તારાં ભેજાંમાંથી ગોળી પસાર થઇ જશે ને તુને સદાનો ખામોશ કરી મારા પગ આગળ બેજાન નાખશે."

"અરે એ તો હું છું મીરઝા સાહેબ!"

"કોણ? ઉકકડજી શેઠ?"

"હા, હુંજ."

"સાહેબ, મેં આપને આટલું બધું કહેવા છતાં નહીંજ માન્યુંની?"

"મને ઉંઘ આવીજ નહીં ને બેચયની લાગવાથી શું થાયછે. તે જોવા આવ્યો. હું તમને મદદ કરી રહીશ."

"જ્યારે તમે એવાજ વિચારથી આવ્યા છો સાહેબ, તો તમારી મદદ લેવામાં મને અડચણ નથી. મહેરબાની કરી આપ અહીંજ રહો અને મઓકકો મળે તો પેલા બદમાશોમાંથી એકને પકડી તુર્ત મને જણાવજો; પણ પાક ખુદા નખ્વાસ્તા આપને કાંઇ ઇઝા પહોચે, તો યાદ રાખજો. જનાબ, કે તેમાં મારો કુસુર નહીં કહાડશો, કારણ કે મેં તો આપને એ ઝગડામાં નહીં પડવા આગળથી અર્ઝ કીધી હતી."

"ફરો નહીં મિરઝા સાહેબ; મારાં ઠરેલ મગઝ અને કસાયલાં હાડકાં ને ગંઠાયલાં ગોટલાંવાળી બાઝુઓની કીમત ઉતારી પાડો છો ? હવે જ્યારે બદમ્આશો ઘરમાં દાખેલ થઇ ચુકયા છે. તો મેં બી તેમને પકડવાનો નક્કી ઠરાવ કર્યો છે."

ઉપલી વાતચિત બનતી ઝડપે કરી લઇ નઝીર ઓરડાનાં બારણાંની બાહેર એવે વકતે આવી પહોંચ્યો કે જ્યારે એક લુટારો ચોરફાનુસનું અજવાળું ફેંકી ચાલમાંથી પસાર થતો દેખાયો.

નઝીરે પેલા માણસનાં પુઠ પકડી, અને તેની પાછળ દાદરપર ચહડી માળપરનાં દીવાનખાનાં તર્ફ તેને જતો જોયો. પેલા લુટેરાએ ચોર-ફાનુસ કહાડયું. જેથી નઝીર તે શખ્સને ખુલ્લી રીતે જોઈ શકયો. તે મન સાથે બોલ્યો કે:"-

"હવે એ ચંડાલ મારી ચુંગાલમાંથી બચશે નહીં."

પેલો ચોર એક શયનગ્રહ-ખ્વાબગાહ-સુવાના ઓરડાનાં બારણાંમાં દાખલ થતો દેખાતાંજ, નઝીર પોતાની સંતાવાની જગાથી બાહેર નિકળ્યો,

જે ઓરડામાં ચોર ઘુસ્યો હતો તેનાં બારણાંની બાહેર નઝીર પેલાનાં પાછા ફરવાની રાહ જોતા ઇન્તેઝાર ઉભો; પાંચેક પળ પછી એક હાથમાં ભારી સોનાના તોડા સાથનું એક કીમતી ઘડીઆલ અને બીજામાં ચોર ફાનુસ ધરી જેવો તે બાહેર નિકળ્યો કે તેજ પળે એક ચિત્તા મિસાલ ઊછળી તેને પકડયો અને તે કાંઈ કરે કે બોલે તે પહેલાં તો તે બદબખ્તનાં હાથમાં બેડી ઠોકી દીધી, અને તેને

મોહડે માથે વિંટાએલું કપડું ખેંચી કહાડી કહયું "આહાબ અઝં ફતેહ સુલતાન સાહેબ! લુટારૂઓના ચાલાક સરદાર સાહેબ, પહેલાજ ઇમ્તિહાનમાં નાકામયાબ–પહેલીજ પરિક્ષામાં નાપાસ–નીષ્ફળ નિવડયા? કેમ ખયરીયત તો છે?"

પેલો બદબખ્ત તો હોશ બાખ્તા બની બેઝબાન પુતલાંની મોવાફેક પેલા અફઘાનને જોતોજ ઉભો! તેને થોડીજ ખબર હતી કે તે અફઘાન તો જાણીતો અને માનીતો બહાદુર મિરઝા નઝીર બેગ હતો.

નઝીર બેગનો મુકાબેલો કરવાને તેની સામે થવાને હવે છેક મોડું થઇ ગયું હતું.

તે બદ ખિસાલ આબાદ સપડાઇ ગયો હતો. પોતાના ગોઠયાઓને ચેતાવવાની તેણે કોશીશ કીધી લેકીન તે એક બોલ બોલે–એક આવાઝ કહાડે તે પહેલાં તો નઝીરે ઘોડો ચઢાવેલો પોતાનો તુફંગચો તેનાં કપાળપર તાકયો ને કહયું:

"ખબરદાર! તારા ગળાંમાંનો આવાઝ હોઠ બાહેર નિકળતાંજ તારી ઘાંટીમાંનો પ્રાણ પણ તેજ રસ્તે પરવાઝ કરી જશે—ઉડી જશે."

તે ચોર ખામોશ ઉભો રહયો. તેની ઘણી મરજી હતી કે પોતાના ગોઠયાઓને ચેતાવે લેકીન લાચલાજ! કોણની સાથે કામ પડેલું હતું તે સારી પેઠે સમજતો હતો.

નઝીર પોતાના કયદીને લઇ દાદર તર્ફ ચાલ્યો, કે ભોંયતળીએ જઇ તેને ઉકકડજીને હવાલે કરે, પણ તેટલામાં એક દિલ ધડકાવનાર–હૃદય કંપાવનાર બનાવ બન્યો.

ઘરના અંદરના ભાગમાં કોઇનો દુઃખભર્યો પુકાર સંભળાયો તે સાથેજ પિસ્તોલના બારનો આવાઝ થયો, અને પછી એક તીણી અને ભયંકર ચીખ અને કોઇનો પડવાનો ધબાકો સંભળાયો અને સઘળું શાંત!

જાણે ભુસાંનો ભરેલો થેલો હોય તેમ પોતાના કયદીને દાદર પરથી ઘસડતો નઝીર બેગ નીચે ઉતર્યો અને ભોંય તળીએ પુગતાંજ કયદીના હાથપગ સિકડીને બાંધી કિતાબખાના તર્ફ ધસ્યો.

એ અરસામાં એક ભયંકર નહાસભાગ અને ગડબડ ઘોંટાળો થઇ ગયો; ઉપર વર્ણવ્યા પ્રમાણે થયલો ગોળીબાર અને ચીખના આવાઝથી આખું ઘર જાગી ઉઠ્યું; નોકરો પોતાની કોટડીઓમાંથી નિકળી ગભરાટમાં અહીં તહીં દોડવા લાગ્યા, અને ઘરનાં બીજાંઓ બીકથી બીહ ધ્રુજી ઉજળી પુણી જેવાં બની પોતાના ઓરડાઓની બાહેર નિકળી અજાયબીથી ડઘાઇને ઉભાં. ચેરાગો રોશન કરવામાં આવ્યા, અને જીમી પટેલ એક હાથમાં દીવો ને બીજામાં પિસ્તોલ લઇ દાદરપરથી ધસારાબંધ ઉતરી પડયો. જેવો તે કિતાબખાનામાં દાખલ થયો કે મીરઝા નઝીર બેગ સામે તેણે પિસ્તોલ તાંકી.

"સબ્ર, સબ્ર! બહાદુર જવાન સબ્ર! બાર કરવા પહેલાં બાર વાર વિચાર કરજો. હું પોલીસ અમલદાર છું! દીવો લઇને ચાલો મારી સાથે."

જીમીએ આવાઝપરથી નઝીરને ઓળખ્યો અને તેના હુકમને બાખુશી તાબે થયો.

નઝીર અને જીમીની નઝરે શું પડયું? લોહીમાં ભીંગાયલા ઉકકડજી ઝમીનપર પડેલા હતા; તેમનાં માથાંમાં ઝખ્મ થયો હતો

તેમાંથી ખુન વહેતું હતું; પણ તેવણ પુરતી હોશયારીમાં હતા; તેમને ઉઠાડીને બેસાડતાં તેવણ બોલ્યા:—

"ઓ પાક પરવરદિગાર! આ શું આફત, શું ગઝબ!"

નઝીરે ઉકકડજીના ઝખ્મપર પોતાનો હાથ દાબ્યો, તેજ પળે અકળાયલી ગભરાયલી શહેરાં ત્યાં ધસી આવી, ને કાલાવાલા કરી ઉકકડજીની શી હાલત હતી તે પુછવા લાગી.

"બાનુ! ગભરાશો નહીં." દિલાસો દેતાં નઝીર બેગ બોલ્યો. તમારા પિદરને સ્હેજ ચામડીની સપાટીપર ઘસારા જેવો ઝખ્મ થયો છે, ગભરાવા જેવું કાંઇજ નથી; પણ પાક ખુદાના શુક્રાના કરો કે એવણ સ્હેજમાં બચી ગયા."

"બોલો બાવાજી, કોણ ચંડાલે એ ઝખ્મ કીધો? બોલો મારા વ્હાલા પિતા, બોલો!" શહેરાં કલપાંત કરવા લાગી.

"ખામોશ, બાઇ સાહેબ, ખામોશ." નઝીરબેગે સમજાવી. "હમણા કોઇ સવાલ તમારા વાલિદને ના પૂછો. એવણ ઘણા ઉશ્કેરાયલા છે, અને એવણ જે કાંઇ બોલે છે તેની ખરી મતલબ એવણજ સમજતા નથી, એવણે હયબત ખાધી છે તેથી એમને ઝરા આસાયશની ઝુરૂરત છે."

શહેરાં એક નાઝુક નાઝનીન છતાં શેરદિલ હતી; અને જ્યારે તેણીએ જાણ્યું કે તેના વ્હાલા બાપને કાંઇ જીવ જેવી, ઇઝા નહીં થઇ હતી ત્યારે તે શાંત બની.

"તમે કોણ છો સાહેબ; અને અહીં કેમ અને શું કરવા આવ્યા?" તેણીએ પુછ્યું.

"હું ખુફીઆ પોલીસનો એક અમલદાર છું. આ લત્તાપર ત્રાસ વરતાવી રહેલા ચોરો અને લુટેરાઓને પકડી સજાએ પહોંચડવાનુ મારૂં કામ છે મને ખબર મળી કે ચોરોની એક ટોળી આજે અહીં ઊતરી પડવાની છે, તેપરથી હું વકતસર અહીં આવી પહોંચ્યો, અને તેઓની બાઝી ધુળમાં મેળવવાને શકતીવાન થયો."

"તમે અહીં આવ્યા તે મારા બાવા જાણુના હતા કે?"

"તેમને જણાવી તેમની પરવાનગી લઇનેજ હું આવ્યો છું."

"ત્યારે જાણી જોઇને તેમને જીવનો જોખમ કાં ખેડવા દીધો?"

"પોતાની ઝિદના પરિણામે એમને સોસવું પડયું છે. મેં એમને ઘણી ઓઝરખાહીથી વિનવ્યા હતા કે એવણે પોતાનો ઓરડો છોડી કોઇબી કારણે બાહેર નિકળવું નહીં–હું હતો ને મારૂં કામ; પણ મારી સઘળી શિખામણ ગોયા પત્થરપર પાણી જેવી હતી. મારા કહેવા વિરૂધ્ધ એવણ બાહેર નિકળ્યા–ચોરોને પકડવા તૈયાર થઇ ગયા અને તેનું પરિણામ આપ જુવો છો બાનુ."

"અને બાવાજી! ચોરોને તમે દીઠા કે?" શહેરાંએ પૂછ્યું.

"ખામોશ શેઠજી!" ઊકકડજી કાંઇ બોલવા જતા હતા તેમને રોકીને નઝીર બોલ્યો. "તમે ઉશકેરાયલા છો; તમારે હમણા વાત કરવાનું મઓકુફ રાખવું; હવે સૌ સમાધાન થઈ ગયું છે; ચોરો બધા ઘેરની બાહેર છે."

પછી શહેરાં તર્ફ ફરીને તે બોલ્યો:—

"મહેરબાની કરી આપના બાવાજીને વધારે સવાલ ના કરો. તમે જોતાં નથી કે એમના દિલને સખ્ત સદમો પહોંચ્યો છે અને

તેથી એવણુ જવાબ આપવાની હાલતમાં નથી! આપ હવે આપની ખ્વાબગાહમાં જઇ નિરાંતે સુઇ જાઓ; હવે કોઇ ધાસ્તી બાકી રહી નથી."

"પણ હું મારા પપ્પાને એકલા મુકીને જઇ શકતી નથી." શહેરાં બોલી.

"હા, હા, બેટી; સુખેથી જઇને સુઇ જા; હવે હું બહેતર છું. નઝીરબેગ સાહેબ, એક બદમ્આશને ગિરેફ્તાર કીધોછ એમ તમે બોલ્યા નહીં?"

"હા, જનાબ."

"તે કયાં છે?"

"ભોંયતળીએ સલામત અનામત છે; અને આપનાં સાહેબ-ઝાદી એમના કમરામાં પાછાં જવા બાદ જેને મેં પકડી કયદ કરીને બાંધી રાખ્યો છે તેને આપણે સવાલો કરીશું." નઝીરે સમજાવ્યું.

એટલામાં પાસેના ઓરડામાં પિસ્તોલનો બાર સંભળાયો, અને તેઓની ગુફ્તેગો ત્યાંજ અટકી પડી.

એક પળ પણ ગુમાવવા વગર નઝીર ત્યાંથી નિકળી કમાન-માંથી છુટેલા તીર મીસાલ સીધો પેલા ઓરડા ભણી દોડયો.

તે કટોકટ વકતે ત્યાં પહોંચી ગયો, બે બદમાશો તે કમરામાં દાખેલ થઇ ચુકા હતા. પોતાના ગોઠયાનો છુટકારો કરવા તેઓ જીવ-પર આવી ગયા હતા. જીમી જે બંધવાપર ચોકીબાન બની બેઠો હતો તેણે આ ગંભીર મઆમેલો જોઇ નઝીરને ચેતાવી તેની

મદદ મેળવવા પીસ્તોલનો બાર કીધો હતો, અને પેલા બે બદમાશો તેનીપર હુમલો કરે એટલામાં તો નઝીર તેની મદદે આવી પહોંચ્યો હતો.

તેણે આવતાંજ શું જોયું એક બદમ્આશ ભરેલી પિસ્તોલ જીમીનાં કપાળપર તાકી તેની છાતીપર ચઢી બેઠો હતો જ્યારે બીજો પોતાના ગોઠણની બેડી તોડવાનાં ફાંફાં મારતો હતો. તેઓ બન્નેએ પોતાનાં મોઢાં માથાં એવી રીતે વિંટાળી લીધાં હતાં કે તેમાંથી સિર્ફ બે આંખોજ ચળકતી દેખાતી હતી.

નઝીરબેગ તે ઓરડામાં દાખલ થતાંજ પેલા બદમ્આશો તેનીપર હુમલો કરવા ઉઠયા, પણ એકના માથાંમાં લોખંડી મુકકી પડવાથી તે ઘુમરી ખાઈ નિચે પડયો ત્યારેજ તેઓએ જોયું કે કીઆ રૂસ્તમે જંગ સામે થવાની તેઓએ બેવકુફી કરી હતી.

ઉપલો મોઆમેલો જોઈ બીજાએ ઉભી પુછડીએ નાહાસવા માંડયું; તે દરવાઝામાંથી બાહેર પડતાંજ નઝીરે તેનીપર બાર કીધાં. પણ તે લુચ્ચો છટકી ગયો.

નઝીરે તેની પુઠ પકડી પણ તે ગુમ થયલો જણાયો. ત્યાંથી ફરેલો પાછો પેલા મુકકી મારી પાડેલાની હાલત તપાસવા આવ્યો. હજી તે ભોંય ચાટતોજ પડયો હતો; તેના હાથમાં બેડી ઠોકી તેનાં મોહડાંપરનું કપડું ખિસેડી બોલ્યોઃ—

"કોણ? ફતેહ સુલતાન સરદારનો નાયબ સયફુદીન! તારા જેવા કુત્રાને પકડવા કરતાં તારી સાથવાળા બીજા બદમ્આશને પકડયો હતે તો મારી મહેનત સફળ થતે, પણ તે હીચકારો તારી હાલત

જોઇ જંગે મયદાનમાંથી દુમ દબાવી હમણા તો નાહાસી ગયો છે; લેકીન ઇન્શા અલ્લાહ મારે હાથથી તેમે છટકવા નહીં દઇશ."

હજી તો ઉપલી ગુફ્તેગો ચાલે છે એટલામાં પહેલે માળેથી એક તીણી ચીખ સંભળાઇ અને આખું ઘેર પાંધું તળે ઉપર થઇ ગયું.

પેલો નાઠેલો ચોર,—છટકવાનો કોઇ રસ્તો નહીં મળવાથી પાછલે દાદરે માળપર ચઢી ગયો હતો.

મીસ શહેરાંને તેણીના ઓરડામાં ભરાઇ બેસવાનો આગ્રહ કરેલો છતાં, નીચે શું ગડબડ થતી હતી તે જાણવા અને જોવાની જીજ્ઞાસા ઉશ્કેરાવાથી કમનસીબે દાદરને મથાળે આવી ઉભી હતી.

દાદરપરથી ધસી આવેલા કોઇ શખ્સે તેણીને કમરમાંથી મઝબુત પકડી નિચલું કહયું ત્યારે તેણીના હોશ કોશ ઉડીજ ગયાઃ–

"આહા! બાઇ સાહેબ! હવે મારા કબઝામાં આવ્યાં છો! હવે તમે છટકો છો કેમ તે બી હું જોઇશ."

શહેરાંએ તે સાદ ઓળખ્યો. તે પેલા નમકહરામ જેહાંગીર દાટીવાળાનો હતો.

શહેરાં દાદરને મથાળે ઉભી હતી જ્યારે કમીનો જેહાંગીર એક પગથ્યું નિચે ઉભેલો હતો. મનમાં પાક દાદારનું નામ લઇ તે હિમ્મતવાન છોકરીએ પોતાનું તમામ બળ વાપરી પેલા હિચકારાને જોશથી એવો એક ધકકો માર્યો કે તે ગબડતો ગબડતો ભોંયતળીએજ પુગે. લેકીન ગમે તે કરે એક નાઝુક નાઝનીનનું એક કઠોર મર્દ આગળ શું જોર? પણ તેણીએ મારેલા ધક્કાને પરિણામે હિચકારા હયવાને

પોતાને પડતી બચાવવા તેણીની કમરપરનો હાથ છોડી દીધો અને ઝટ દાદરનો કઠેરો પકડ્યો, પણ હાથ સરી ગયો અને દિવાલ તરફ અઢેલીને પડયો, અને ભોંય તળીએ ગબડી પડતો બચી ગયો.

એકાએક શહેરાંની સોડમાંજ પિસ્તોલનો બાર થયો, જેના ચમકારાથી જાણે વિજળી પડી હોય તેમ પળવાર સઘળે ઠેકાણે રોશની પથરાઇ ગઇ, અને તે રોશનીમાં શહેરાંએ જોયું કે તેણીપર હુમલો કરનાર કોણ પાપી હતો. તે ચોંકી—કમકમાટની એક ધ્રુજરી તેણીનાં આખાં ગુલ બદનમાંથી પસાર થઈ.

ઉપર લખ્યા મુજબ એક પળ પડેલાં ઊજાસમાં તેણી જોઇ શકી કે જેહાંગીરે પીસ્તોલ ફોડી નહીં હતી–તેના હાથમાં હજી તે અનામત ભરેલીજ હતી. ત્યારે તેણીએ જેમ પહેલાં ધાર્યું હતું તેમ તેણીના દુશ્મનનું નહીં પણ કોઇ બચાવનાર દોસ્તનું તે કામ હતું.

હિમ્મતવાન શહેરાં દાદરપર વાંકી વળી અંધારાંમાં નઝર તાણી જોવા લાગી, કે તેણીના હરીફની શી હાલત હતી અને તે શું ગોતાં મારતો હતો. નાદાન છોકરી! દુશ્મન ગમે એવો નબળો હોય તો પણ તેનો ભરૂસો શું?

જેહાંગીર પાછો ઉઠયો અને તે નાઝુક અબળા સામે આવી ઉભો. ધાસ્તીથી તેણી સ્તબ્ધ બની ઉભી; પોતાનો વધુ બચાવ કરવાને તે લાચાર હતી; તેણીમાં એક ચીખ પાડવાની શકતી કે હિમ્મત બાકી રહી નહીં હતી. તે તદન થાકીને લુસ થઇ ગઇ હતી, અને પેલા નમકહરામ લુચ્ચાના હાથમા લાઇલાજ થઈ પડી હતી; હેવાન્યત ભરેલી ખુસાલીમાં પેલા બદમ્આશે તેણીને પોતાના નાપાક

હાથમાં ઊંચકી દાદર આગળનાજ એક ઓરડામાં હળવેથી ભોંયપર સુવાડી, અને ઓરડાનું બારણું અંદરથી બંધ કીધું. ઘરનોજ તે કુત્રો હતો એટલે અંધારૂં છતાં તે જાણતો હતો કે તે ઓરડામાં કઇ બાજુ પાણીઆરૂં હતું. તુર્ત તે તર્ફ અંધારામાં જઇ એક લોટી ભરી પાણી લાવી તે બેભાન પડેલી બાળાનાં મોંપર છાંટયુ.

તેણીએ શુધ્ધીમાં આવતાંજ વાંકા વળેલા પોતાના દુશ્મનનાં ખભાંપરથી દુર નઝર કીધી તો તેને ભભુકદાર રોશની જણાઇ તેથી તે ખુશ થતી જણાઇ. તેણીનાં મનમાં રિહાઇની ઉમીદનું કીરણ પયદા થયું. પણ બીજીજ પળે ગભરાટમાં તે બોલી પડીઃ–

"જો જો, તારી પછવાડે જો !"

જેહાંગીરે તુર્ત પાછળ ફરીને જોયું, અને પાસેના ઓરડાની બારીમાંથી ભભુકદાર રોશની જોઇ એક બાયલા હિચકારા મોવાફેક તે ગભરાટમાં બોલી પડયોઃ—

"યા ખુદા ! ઘરને આગ લાગી છે !"

આપણે જે પીસ્તોલનો બાર સાંભળ્યો હતો તેની ગોળી સળગી ઉઠે એવા ઘરના કોઇ ભાગને લાગવાનું દેખાઇતું તે કારણ હતું. મોઆમેલો ઘણો ગંભીર હતો. તેઓ આગમાં સપડાઇ ગયાં હતાં. તેમનો બચાવ થાંય એવું કોઇ સાધન નઝરે પડતું નહીં હતું. પાપી જેહાંગીર સાથે નિર્દોષ શહેરાં બળી મરવાનો સઓદો હતો.

"યા પાક પરવર દિગાર !" ગભરાયલો જેહાંગીર બોલ્યો. "દાદર બી સળગી ચુકો–હવે છુટકારાનો એકબી માર્ગ દિસતો નથી !" પછી શુદ્ધીમાં આવેલી શહેરાં તર્ફ ફરી બોલ્યોઃ—

"બોલ અય બેરહમ છોકરી! આપણુ બન્નેનો જીવ જોખમમાં છે—જીવતાં જીવત ક્રિમેટોરીયમમાં મુંઝાઇ બળી મરવાનો દરેક સંભવ છે. બોલ, બોલ! છટકવાનો કોઇ છુપો રસ્તો જાણુતી હોય તો બોલો"

તેજ પળે બળતો દાદર એક ઝબરા કડાકા સાથે પડતો સંભળાયો, તે સાથે લોકોની ગડબડથી ગોયા ગગન ગાજી રહયું. ઘરમાં ગડબડ ઘોંટાળાનું રાજ ફેલાયું.

"ઓ ગયબી રક્ષક તારી પનાહ!" શહેરાં બોલી "હું ગભરાટમાં બિલકુલ ભુલી ગઈ હતી કે આ ઓરડાની બાહેરની ગેલરી પરના એક સાંકડા ગોળ દાદરપરથી બાગમાં ઉતરવાનો રસ્તો છે. તારી ઝિન્દેગી બચાવવી હોય તો નાહાસ, તે તર્ફ નાહાસ!" પોતાની જીન્દગીનો ખિઆલ ન કરતાં તે પરોપકારી અબળાએ પોતાના દુશ્મનને બચવાની રાહ દેખાડી, અને તે કમીનો હિચકારો એક પળ પણુ ત્યાં થોભ્યા વગર પોતાનો પાપી પ્રાણુ બચાવવા તે તર્ફ દોડયો—એક ગાંડા માણુસની મોવાફેક દોડયો.

શહેરાંના કહેવા મુજબનો સાંકડો દાદર આબાદ મળ્યો. ખુશાલીનો પુકાર મારી તે ચાર ચાર ફાંદીઆં કુદાવતો નીચે ઉતર્યો. અંધારૂં કીલ છતાં તેણે બાહેર નિકળવાનો દરવાજો શોધી કહાડયો, જેને તેનાં સારાં નસીબે, તાળું મારેલું ન હતું. ખુશાલીમાં તેણે તે ખોલ્યું અને આગના શઓલાથી પડેલાં ઉજાસ તર્ફ સંતાપથી એક પળ નિહાળી જેવો ઉંબરની બાહેર પગ મુકયો કે કોઇએ તેને ગળચીમાંથી પકડયો. તે પકડનાર બહાદુર નઝીરબેગ હતો. તે બોલ્યોઃ—

"શુકે પાક અલ્લાહ! તું નાપાકની ઘણી ઇન્તેઝારી કરવી પડી

નહીં. આ મહેલમાં બળી મરવા કરતાં વરોડાની જેલનાં ઠંડા સાયા હેઠળ રહેવું તું ઝુરૂર વધારે પસંદ કરશે.

તેજ પળે જવાન જીમી જેણે પેલા હિચકારાને સલામત આવ-વાનો માર્ગ જોયો હતો તેજ માર્ગે બળતાં ઘરમાં ઘુસ્યો. તે બહાદુર જવાન જાણી જોઇને મઓતનાં ડાચાંમાં તે જોઇ આસપાસ ઉભેલાંઓ દયાની લાગણીથી કમકમી તેને રોકવા બુમો પાડવા લાગ્યાં—પણ સાંભળે કોણુની બલા? તે તો ભયંકર બળતી ચેહમાં ગુમ થતો દેખાયો.

"અફ્સોસ! એ ઉછાછળો જવાન બળી મરશે!" એમ કેટલાકો બોલતા સંભળાયા તેજ વખતે એક મોટા ધડાકા સાથે માળનું છાપરૂં પડયું અને સઘળે ધુંવાધાર થઇ રહયું અને બળતાંની ઝાળ ગોયા આસમાન સાથ લાગી. સઘળાઓએ જવાન જીમીની આશા છોડી.

"ખામોશ! ખામોશ!" નઝીરબેગે બરાડ મારી આસપાસનાઓને કલાબ્કોર કરતાં અટકાવી કહયું. "માળપર ઉકકડજીની જવાન સાહે-બઝાદી રહી ગઇ છે તેને બચાવવા જીવને જોખમે એ જવાને જીપ-લાવ્યું છે. તે નાઝનીન એ જવાનની અદરાયલી કુમારીકા છે."

આગળા ઝમાનાનાં લાકડ કામથી ભરપુર પુરાણાં મકાનોને એક ચિણગારી લાગી તો તે બળીને ભસ્મ થયા વિના રહેજ નહીં તેમાંનું આ પાદશાહી કદીમ મકાન પણ હતું. આખું ઘર આગના સપાટામાં આવી ગયું હતું.

હિચકારા જેહાંગીરના જવા બાદ શહેરાંનું શું થયું તે તર્ફ હવે નિગાહ દોડાવીશું. તે ગભરાયલી રૂપસુંદરી એક ચીખ પાડી ઉઠી ઉભી.

"યા રહેમી કિરતાર!" તે બોલી. "હવે ઘણું મોડું થઈ ગયું! મારો પ્યારો પ્રાણ બચાવવા—પાક ખુદાએ બખ્શેલો પવિત્ર પ્રાણ બચાવવાનો મેં પ્રયત્ન નહીં કરી જે પાપ કર્યું છે તેની બખશિન્દા ખાવિન્દ મને મોઆફી બખ્શેજ!" તે નિરાશીથી ધસાંધસ રડીને ફસડાઇ પડી. દર પળે બળી મરવાની ધાસ્તી વધતી ગઇ. આતશી દેવનાં પેઠામાં ગળાઈ જવાની ભયંકર ઘડી નઝદિક આવતી ગઇ. તે લાચાર બની લબપર પાક ખુદાનું નામ લેતી પડી.

આગળ વર્ણવેલા સાંકડા ગોળ દાદર માર્ગે માળપર ચઢી બળતામાં ઝોંકાવી જીમી પટેલ દરેક કદમે બળી મરવાની ધાસ્તી છતાં આગળ ધસ્યોજ ગયો. જેમ જેમ તે આગળ વધતો ગયો તેમ તેમ તેને લાગ્યું કે શહેરાંને બચાવવાની ઉમીદ નહીં જેવીજ હતી. આગનું ઝોર દર પળે વધુ જોશ પકડતું જણાયું. આખરે તે મોટે સાદે બોલ્યો કે "મજબુરન—લાચારીથી, હવે બળી મરવા સિવાય ઉપાય નથી. શહેરાંને બચાવવા વગર મારો જીવ બચાવવાની કોશીશ કરવી હરામ છે. યા તો તેને બચાવી બચું યા બળી મરૂં!"

ઉપલા વિચારમાં એક પળવાર થોભ્યા બાદ એવી રીતે હિચકારો બનવા સામે તેનાં બહાદુર દિલે બળગો કીધો. તેણે પાછું આગળ વધવા માંડયું અને પાક ખુદાની શાન જુવો! જેમ વરસાદથી ભરેલાં સિયાહ વાદળોમાં ગાબડું પડી તે પાછળ છુપાયલો ઠંડી રોશનીવાળા ચંદ્ર દેખાય તેમ બળતાં રૂપી પરદામાં એક ખાંચો જણાયો, જેની પેલીમેરની જગા સલામત દેખાઇ, અને તેજ પળે તે તરફથી કોઇ ઇન્સાનનો નબળો પણ મધુર આવાઝ આવતો સંભળાયો.

અદ્દભૂત ખુશાલીથી જીમીનું હૈયું હરખાઇને ધડકવા લાગ્યું. તે બેધડક પેલા ખાંચામાં ઘુસી ગયો. એક બારણું ઓળંગી જેવો અંદર દાખેલ થયો કે કોઇ ભારી ચીઝ તેના પગને અથડી અને તે ગબડી પડ્યો. પોતાના ગુંઠણપર પડી આની રોશનીમાં તેણે શું જોયું? જે કાંઇ તેણે જોયું તેથી તે ખુશ થઇ ગયો. તે બોલ્યો:—

"યા ઇલાહી! તારી કુદ્રત નીઆરીજ છે! શુક્ર, સદ હઝાર શુક્ર તારી પાક જનાબમાં!" પછી જેને અથડી તે તુટી પડ્યો હતો તેને દિલાસો દેવા લાગો કે "ડર નહીં મારી જાન! તુંને બચાવીશ યા તારી સાથે બળી મરીશ મારી વ્હાલી શહેરાં." અને તે નાઝુક કોમળાંગીને પોતાની મઝબુત બાથમાં લીધી.

નાઉમીદી અને નીરાશીથી લાચા બની શહેરાં ભોં પર પટકાઇ પડેલી હતી તેને કાને ઉપલા પુર ઉમીદ-આશાભર્યા શબ્દો પડતાંજ પોતે કેવી ભયંકર હાલતમાં પડી હતી તેનું ભાનતે ભૂલી ગઇ અને તેણીના ખુબસુરત ચ્હેરાપર ખુશાલી પ્રગટી નિકળી.

વધુવાર થોભ્યા વગર જીમીએ તેણીની આંખ અને મોઢાંપર એક બારીક રેશમી રૂમાલ વિંટાળ્યો અને તેને એક બાળક મિસાલ પોતાનાં હાથમાં ઉંચકી લઇ તે ભયભીત જગા છોડી જવા પોતાના કદમ વધાર્યાં.

બાહેર ઉભેલાં ટોળાંએ શહેરાંના બચાવની ઉમીદ તો છોડીજ દીધી હતી પણ હવે જીમીની પણ આશા છોડી.

એકાએક ખુમરાણ મચી રહયું. અજાયબી અને ધાસ્તીથી લોકોએ બુમો પાડી ગગન ગજાવી મુકયું. સબબ? સબબ એજ કે

પેલાં બળીને સ્હેજ બાકી રહેલાં મકાનને મથાળે છેક કારપર બળ-તાંનાં ભડકાંઓની વચ્ચે પોતાના હાથમાં એક ઓરતને લીધેલી એક મર્દનો આકાર ઉભેલો જણાયો.

જાણે તે આકાર કાંઇ બોલતો હોય યા બોલવા માંગતો હોય એમ તેનાં હીલતા હોઠોપરથી ગુમાન જતું હતું, જે જોઇ તમામ લોક બિલ્કુલ ખામોશ બની તે તર્ફ કાન લગાડી, હયબતભર્યા હૃદય અને ધડકતી છાતીએ જોતાં ઉભાં,

સ્પષ્ટ અને બુલંદ આવાઝે નિચલા શબ્દો તેઓને કાને પડયા–

"સામેના ઘરની દિવાપર એક નિસરણી ઉભી કરો, ને બીજી તેપરથી હું ઉભો છું તે ભીંતપર આડી નાખી એક અધ્ધર પુલ બનાવી તે પરથી મને મદદ પહોંચાડો;

આંખનાં એક પલકારમાં ઉપર મુજબની ગોઠવણ પુરી થતાંજ પાંચ છ બહાદુર જવાનોએ ઉપર ચઢી આગમાં ફસેલાંઓને બચાવ-વાનું બીડું ઝડપ્યું અને જાણે જાપાનીસ કસરતબાઝોની મોવાફક ચપળાઇથી પેલી ગોઠવેલી સીડીઓપર સડસડાટ ચઢી ગયા અને આસપાસનાઓએ ખુશાલીના આવાઝોથી તે બહાદુરને વધાવી લીધા. લેકીન કુદરતને તે કામ પસંદ નહીં હશે કે શું, તે આડી નાંખેલી નિસરણીનો જે છેડો બળતાં ઘરની ભીંતપર ટેક્યો હતો તે સળગી ઉઠયો અને પેલા બહાદુર જવાનો તેનો ઉપ્યોગ કરે તે પહેલાં તો તે બળતા વાંસની સીડી 'કર-ર-ર' કરીને નીચે પડી!

પણ પેલા કસરતબાઝ બહાદુરો બીધા કે નીરાશ બન્યા નહીં. ચીના નટોની મોવાફક તેઓ એકેકની ખાંધપર ચઢવા લાગયા જેની

મતલબ શુંરૂમાં તો સમજ પડી નહીં લેકીન જ્યારે સૌથી છેલ્લો શખ્સ છેક પેલી ભીંતની ટોંચ સુધી પુગયો કે લોકો 'શાહબાશ! શાહબાશ" પુકારી ઉઠયાં પછી બધાં ખામોશ બની જઇ ઉંચે ડોળે શું પરીણામ આવે છે તે જોતાં આતુરતાથી મનમાં પાક ખુદાની મદદ ચાહતાં ઉભા ફરી બીજી એક સિડીનો પુલ બનાવ્યા, જેનો એક છેડો સામેની દિવારપર ટેકયો અને બીજો છેડો સૌથી ઉપરના કસરતબાઝ જવાને પોતાની સંગીન ખાંધોપર લીધો. અફ્રીન તેની જવામર્દીપર! આ ઝુલતા પુલપરથી મર્હુમ બ્લૉન્ડીનની ચાલાકીથી જીમી પટેલ પોતાના અતી કીમતી અને વ્હાલા ખઝાનાને લઇ ધીમે ધીમે ચોકક-સાઇથી તે સીડીનાં દરેક પગથ્યાંપર સાબેત કદમ ચાલતો બીજે છેડે પુગો, જયાં નિસરણીને બીજે છેડે ઉભેલા જવાને પોતાનો હાથ આપ્યો, અને પાક યઝદાંની મદદથી પોતાનો બેમુલો બોજો એક ફુલની મિસાલે લઇ જીમી પટેલે ઉતરવા માંડયું અને તે બારીતઆલાની રહેમથી તેણે જેવો ઝમીનપર પગ મુકયો કે ખુશાલીથી લોક ઘેલું ગાંડું બની ગયું.

"બચ્યાં, બચ્યાં; બેઉ બચ્યાં!" લોકોએ ઘોંઘાટ મચાવી દીધો. પણ બધા ઘોંઘાટ વચ્ચે ખરાં દિલથી મુબારકબાદી આપનારો એક બુલંદ આવાઝ સંભળાયો.

"રૂપેરી વર્કપર સુન્હેરી હરૂફે લખી રાખવા જોગ યાદગારે ઝમાના બહાદુરી કરવા સારૂ બંદો દિલોજાનથી મુબા-રકબાદી આપે છે."

ઉપલું બોલનાર અફ્ઘાન બનેલો શેરે નર મિરઝા નઝીરબેગ હતો.

લોકોના ધિક્કાર અને ફિટકાર વચ્ચે નમકહરામ જેહાંગીર દોટી- વાળાને પોલીસના પહેરા હેઠળ ચોકીપર મોકલી દેવામાં આવ્યો.

ઉપલા બનાવથી "સર્રાફ મન્ઝીલ"પર પડેલી ધાડનો છેડો આવવા ભાથ ત્રાસ આપતા ધાડપાડુઓનો પણ અંત આવી ગયો.

× × × ×

એદલ પાવરી ઉર્ફે ગુસ્તાસ્પ ગાંધી, જુગારી ફતેહ સુલતાન, અને નીચ જેહાંગીર દોટીવાળાની તપાસ ચાલી તેમાં સાબેત થયું કે ઊકકડજીની તીજોરી તોડી ચોરી કરનાર ફતેહ સુલતાન હતો. ચોરીમાં પાવરીનો હાથ હતો નહીં, પણ શહેરાંને ઉંચકી જવાનો આરોપ હતો, જેહાંગીરપર ખોટા દસ્તખત બનાવવા, સરકારી માણસપર પિસ્તોલ ફોડવા, તીજોરીનાં છુપાં તાળાનો ભેદ ફતેહ સુલતાનને બના- વવા અને જીમીનો જીવ લેવાની કોશીશ કરવાનાં આળો સાબેત થયાં હતાં. ફતેહ સુલતાનને સખ્ત મઝદુરી સાથનું સાત વર્ષનું કયદખાનું મળ્યું, જે મુદત બાદ તેને ઇંગ્રેઝી હદની બાહેર હાંકી કહાડવાનું ફર- માન થયું.

એદલ પાવરી અને જેહાંગીર દોટીવાળાને જન્મ દેશ નિકાલની સઝા કરવાગાં આવી.

બીજા ભાડુતી ચોરોને તેમને લાયકની સઝા થઇ

× × × ×

ઉપલા દિલ કંપાવનાર બનાવ પછી ત્રણ મહીને ઊકક- ડજીએ નવાં ખરિદેલાં મકાન 'દિલખુશ'માં મોટી ધામ—ધુમથી

જીમી અને શહેરાંની શાદી થઇ, જેમાં સૌનું ધ્યાન ખેંચતો પરોણો બહાદુર મીરઝા નઝીરબેગ હતો.

બીજા બે માસ પછી બુલંદ બ્રિટીશ સરકારે તેની બહાદુરી માટે મીરઝા નઝીરબેગને માન પાન અને ઇનામથી નવાઝયો.

કુનેહબાઝ બહાદુરીભરી નૌકરી બજાવી મીરઝા નઝીરબેગે વઝીફો મેળવ્યો (પેન્શન લીધું) અને પોતાને વતન હયદરાબાદ જઇ પોતાની ઝઇફીના દિવસો અમનો અમાનમાં ગુઝારવા લાગો.

પાકખુદા પોતાના નેક બંદાને મોડે વહેલે સુખ અને સંપતથી નવાઝયા વિના રહેતો નથી, માટે ઓ મારાં વાંચક સદા તારા મઝહબપર સાબેત કદમ રહી, નેકી અને રાસ્તીનાં કામો સાથ પાકખુદાની બખ્શેશનો તલબગાર બનજે.

આમીન!

સમાપ્ત.